અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૪ જુલાઈ ૨૦૨૩, સોમવાર | વર્ષ : ૧૪ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૭૯, અ.શ્રાવણ સુદ છઠ | અંક : ૩૫૧ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

**જળસ્તરમાં વધારો થતા અનેક ઘરો ડૂબવા લાગ્યા**

**હરિયાણાના હાથિની કુંડ બેરેજમાંથી પાણી છોડાતા દિલ્હીમાં પૂરનું સંકટ વધી ગયું : ઉત્તરાખંડ-હિમાચલમાં ભારે વરસાદથી યમુનાનું સ્તર વધી રહ્યું છે**

# દિલ્હીમાં યમુના, ગાઝિયાબાદમાં હિંડોન નદીએ લોકોને ડરાવ્યાં

। નવી દિલ્હી, તા.૨૩ ।

રાજધાની દિલ્હીમાં પૂરથી રાહત મળવાની શરૂઆત જ થઈ હતી, ત્યારે યમુનામાં જળસ્તર વધવાથી લોકોની ચિંતા વધી ગઈ છે. યમુનામાં હથિની કુંડ બેરેજમાંથી પાણી છોડાયા બાદ દિલ્હીમાં યમુનાનું જળસ્તર ખતરાના નિશાનથી ઉપર પહોંચી ગયું છે. રવિવારે યમુનામાં હથિની કુંડ બેરેજમાંથી લગભગ ૨ લાખ ક્યુસેક પાણી છોડવામાં આવ્યા બાદ તેનું જળ સ્તર ખતરાના નિશાનથી ઉપર પહોંચી ગયું છે. પાણી છોડવાના કારણે દિલ્હીમાં યમુનાનું જળસ્તર રવિવારે ૨૦૬ મીટરને પાર કરી ગયું હતું. રાજધાનીમાં સવારે ૯ વાગ્યાની આસપાસ યમુનાનું જળસ્તર ૨૦૫.૯૬ નોંધાયું હતું. પરંતુ, બે કલાકમાં એટલે કે સવારે ૧૧ વાગ્યાની આસપાસ પાણીનું સ્તર વધીને ૨૦૬.૦૮ મીટર થઈ ગયું છે. પાણીના સ્તરમાં હજુ વધારો થાય તેવી શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે. યમુના અને તેની આસપાસના વિસ્તારોમાં ફરી મુશ્કેલીના વાદળો ઘેરાવા લાગ્યા છે. જ્યારે દિલ્હીમાં યમુનાનું જળ સ્તર ખતરાના નિશાનથી ઉપર પહોંચે છે, ત્યારે રાજધાનીમાં ફરી પૂરની શક્યતાઓ છે. યમુનાનું જળસ્તર સતત વધી રહ્યું છે. તેની પાછળનું કારણ હરિયાણાના હથિનીકુંડ બેરેજમાંથી છોડવામાં આવતું પાણી છે. રાજધાનીમાં છેલ્લું પૂર ભારે વરસાદ અને હથિની કુંડ બેરેજમાંથી છોડવામાં આવેલા પાણીને કારણે આવ્યું હતું.

હિંડોન નદીમાં પાણીના સ્તરમાં અચાનક વધારો થતાં ગાઝિયાબાદના ઘણા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે. હિંડનની આસપાસના ઘણા વિસ્તારો સંપૂર્ણપણે પાણીમાં ડૂબી ગયા છે. શહેરના નીચાણવાળા વિસ્તારોમાં ૫ થી ૬ ફૂટ જેટલા પાણી ભરાવાના કારણે ઘરો પાણીમાં ગરકાવ થઈ ગયા છે. દ્ગ્ઢઇહ્લની ટીમ રાહત કાર્ય અને લોકોને બહાર કાઢવા માટે સ્થળ પર હાજર છે. હવામાન વિભાગે





દિલ્હીની આસપાસના રાજ્યો જેવા કે હિમાચલ અને ઉત્તરાખંડમાં ૨૫ જુલાઈ સુધી ભારે વરસાદની આગાહી કરી છે. વિભાગે આ રાજ્યોના ઘણા શહેરોમાં ઓરેન્જ એલર્ટ પણ જાહેર કર્યું છે. આવી સ્થિતિમાં પહાડી વિસ્તારમાં વરસાદ બાદ યમુનાનું સ્તર વધુ વધવાની આશંકા છે. આગામી ચાર દિવસમાં દિલ્હીમાં પણ હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે. હરિયાણાના હાથિની કુંડ બેરેજમાંથી પાણી છોડવામાં આવ્યા બાદ દિલ્હીમાં પૂરનું સંકટ ફરી વધી ગયું છે. ઉત્તરાખંડ અને હિમાચલમાં ભારે વરસાદને કારણે દિલ્હીમાં યમુનાનું સ્તર સતત વધી રહ્યું છે.

## ન્યૂઝ બ્રિફ

### ભારતીય કેપ્ટન હરમનપ્રીત કૌરને દંડ ફટકારવામાં આવ્યો

। નવી દિલ્હી, તા.૨૩ ।

ભારતીય મહિલા ટીમ અને બાંગ્લાદેશ મહિલા ટીમ વચ્ચે રમાયેલી ત્રીજી વનડે મેચમાં કેપ્ટન હરમનપ્રીત કૌરે અમ્પાયરના નિર્ણય પર ગુસ્સો વ્યક્ત કર્યો હતો. તેણે ગુસ્સામાં પોતાનું બેટ વિકેટ પર માર્યું હતું. મેદાન પર અયોગ્ય વ્યવહાર માટે આઈસીસીએ તેની મેચ ફીના ૭૫ ટકાનો દંડ ફટકાર્યો છે. એક અધિકારીએ ક્રિકબઝને આ વાતની જાણકારી આપી છે. ભારતીય કેપ્ટને મેદાન પર દુર્વ્યહાર કર્યા બાદ પણ અમ્પ યરિંગને લઈને નારાજગી વ્યક્ત કરી હતી.

### દીવાલ ધરાશાયી થતાં 3 ફોરવ્હીલ ખાડામાં ફસાઈ

। સુરત, તા.૨૩ ।

સુરતના પુણા કુંભારિયા પાસે આવેલી સારથી રેસીડેન્સીમાં દીવાલ ધરાશાહી થઈ હતી. જેને લઈને ત્યાં પાર્ક કરેલી ૩ ફોરવ્હીલ બાજુમાં પસાર થતી ખાડીમાં ગરકાવ થઈ હતી. બીજી તરફ બનાવની જાણ ફાયર વિભાગને કરવામાં આવતા ફાયર વિભાગે ક્રેઈનની મદદથી ફોરવ્હીલોને બહાર કાઢી હતી. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાની થવા પામી ન હતી. દક્ષિણ ગુજરાતમાં મેઘ મહેર જોવા મળી રહી છે. આજે સુરત શહેરમાં મેઘરાજા મનમૂકીને વરસી રહ્યા છે.

**૮ કલાકની જહેમત બાદ બાળકનું સફળ રેસક્યું**

# ૫૦ ફૂટ ઊંડા બોરવેલમાંથી એક બાળકનું સફળ રેસક્યું

**બચાવ કામગીરી દરમિયાન બોરવેલમાં ફસાયેલા બાળકને ઓક્સિજન પુરો પાડવામાં આવ્યો હતો**

। નાલંદા, તા.૨૩ ।

બિહારના નાલંદા જિલ્લાના નગર પંચાયત વિસ્તારના બોલવેલમાં પડેલા ચાર વર્ષના બાળકને લગભગ આઠ કલાકની મહેનત બાદ સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યું છે. અધિકારીઓએ આ માહિતી આપી હતી. તેણે જણાવ્યું કે બચાવી લેવામાં આવેલા બાળકનું નામ શિવમ કુમાર છે અને તે વોર્ડ નંબર-૧૭ના રહેવાસી ડોમન માઝીનો પુત્ર છે. જ્યારે બાળક બોરવેલમાંથી સુરક્ષિત રીતે બહાર આવ્યું ત્યારે તેની



માતાએ ખુશી વ્યક્ત કરી અને કહ્યું, 'અચ્છા લગ રહા હૈ કી હમાર બીટવા નિકાલ ગઈલ (સારું લાગે છે કે અમારું બાળક નીકળી ગયું)' રવિવારે સવારે રમતી વખતે શિવમ લગભગ ૫૦ ફૂટ ઊંડા બોરવેલમાં પડી ગયો હતો. જિલ્લા મેજિસ્ટ્રેટ શશાંક શુભંકર પોતે ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને શુભમ પોતે ઘટનાસ્થળે હાજર રહીને બચાવ કામગીરી પર નજર રાખી રહ્યા હતા. તેમણે જણાવ્યું કે બોરવેલમાં લગભગ ૫૦ ફૂટની ઊંડાઈએ ફસાયેલા બાળકને બચાવવા માટે નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (NDRF) અને સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સની ટીમો પણ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી.

**ભૂકંપનું કેન્દ્રબિંદુ ફતેહગઢમાં નોંધાયુ**

# કચ્છ ખાતે બપોરે ૨.૭ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો

**કચ્છના ખાવડામાં લગભગ ૧૨.૧૬ કલાકે ખાવડા નજીક ૩.૦ની તીવ્રતાનો આંચકો અનુભવવામાં આવ્યો હતો**

। કચ્છ, તા.૨૩ ।

રાજ્યમાં વારંવાર ભૂકંપની ઘટના બનતી હોય છે. આજે બપોરે ૧.૧૯ કલાકે કચ્છમાં ૨.૭ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો છે. ભૂકંપનુ કેન્દ્રબિંદુ ફતેહગઢમાં નોંધાયુ છે. જે કચ્છ થી ૧૩ કિમી દૂર ભૂકંપનું કેન્દ્રબિંદુ આવેલુ છે.

આ અગાઉ ૧૪ જુલાઈના રોજ કચ્છના ખાવડામાં ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. રાત્રે કચ્છના ખાવડા નજીક પણ ભૂકંપનો આંચકો આવ્યો હતો. કચ્છના ખાવડામાં લગભગ ૧૨.૧૬ કલાકે ખાવડા નજીક ૩.૦ની તીવ્રતાનો આંચકો અનુભવાયો હતો. ભૂકંપનુ કેન્દ્રબિંદુ ખાવડાથી લગભગ ૩૫ કિમી દૂર નોર્થ વેસ્ટ બાજુ નોંધાયુ હતુ. તો આ અગાઉ ૩ જુલાઈ ૨૦૨૩ના રોજ વહેલી સવારે કચ્છમાં ભૂકંપ નો આંચકો આવ્યો હતો. કચ્છ જિલ્લાના રાપર નજીક સવારે ૩ કલાકે ૩.૪ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો આવ્યો હતો. જો ભૂકંપના કેન્દ્રબિંદુની વાત કરીએ તો કચ્છના રાપરથી ૨૬ કિમી વેસ્ટ નોર્થ વેસ્ટ પાસે નોધાયુ હતુ.

**બંનેએ ગંગનમ સ્ટાઈલમાં કરી ઉજવણી**

# સાત્વિક-ચિરાગની જોડીએ કોરિયા ઓપન બેડમિન્ટન ટૂર્નામેન્ટ જીતી

। યેઓસુ (કોરિયા), તા.૨૩ ।

ભારતના સાત્વિકસાઈરાજ રંકીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીની સ્ટાર જોડીએ વર્ષનું ત્રીજું ટાઈટલ જીત્યું છે. કોરિયા ઓપનમાં મેન્સ ડબલ્સ ફાઈનલમાં રવિવારે ભારતીય જોડીએ ઈન્ડોનેશિયાના ટોપ સીડ ફજર અલ્ફિયાન અને મોહમ્મદ રિયાન આર્દિયાંતોની જોડીને ૧૭-૨૧ ૨૧-૧૩ ૨૧-૧૪થી હરાવી. ભારતીય જોડી એક ગેમથી પાછળ હતી, પરંતુ તેણે શાનદાર કમબેક કરતા વધુ એક ટાઈટલ પોતાના નામે કર્યું. શનિવારે ભારતીય જોડીએ



ચીનના લિયાંગ વેઈ કેંગ અને વાંગ ચાંગની દુનિયાની બીજા નંબરની જોડીને સીધી ગેમમાં રોમાંચક રીતે હરાવી આપી ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. સાત્વિક અને ચિરાગ પહેલો સેટ ૧૭-૨૧થી હારી ગયા હતા, પરંતુ પછી તેમણે કમબેક કર્યું અને બીજો સેટ ૨૧-૧૩થી પોતાના નામે કરી લીધો.

**હવામાન વિભાગે કરી વરસાદની આગાહી**

# દેશના ઘણા રાજ્યોમાં હજી ૫ દિવસ ચાલશે મેઘતાંડવ

। નવી દિલ્હી, તા.૨૩ ।

દેશભરમાં વરસાદનું જોર જોવા મળી રહ્યું છે. છેલ્લા કેટલાક દિવસોથી ગુજરાત, મહારાષ્ટ્ર, હિમાચલ સહિત અનેક રાજ્યોમાં મુશળધાર વરસાદ થઈ રહ્યો છે. તેવામાં મેઘતાંડવ રવિવારે પણ યથાવત રહ્યો હતો. મહારાષ્ટ્ર, ઉત્તરાખંડ અને ગુજરાતમાં ભારે વરસાદે હાહાકાર મચાવ્યો છે. હવામાન વિભાગની આગાહી અનુસાર આગામી ૫ દિવસ દરમિયાન ભારતમાં અલગ-અલગ રાજ્યોમાં ભારેથી અતિ ભારે વરસાદ થઈ શકે છે.

મહારાષ્ટ્રના રાયગઢમાં ભારે વરસાદના કારણે આખું ગામ ભૂસ્ખલનની ચપેટમાં આવી ગયું હતું. મુંબઈમાં પણ ભારે વરસાદના કારણે વિવિધ સ્થળોએ પાણી ભરાઈ જવાથી લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. રવિવાર માટે પણ હવામાન વિભાગે ઘણા રાજ્યોમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે. જમ્મુ-કાશ્મીર, હિમાચલ પ્રદેશ સહિત અનેક રાજ્યોમાં મુશળધાર વરસાદની ચેતવણી આપવામાં આવી છે.

હવામાન વિભાગે અમદાવાદ સહિત સૌરાષ્ટ્ર, દક્ષિણ અને મધ્ય ગુજરાતમાં ભારે વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગની આગાહી અનુસાર રાજ્યમાં લોકોએ આજે સાવચેતી રાખવાની જરૂર રહેશે.

**ભારે વરસાદને કારણે મકાન ધરાશાયી થયા**

# રાજકોટના ખાચરિયા ગામમાં ૨૫થી વધારે મકાન ધરાશાયી

। રાજકોટ, તા.૨૩ ।

જિલ્લાના ખારચિયા ગામમાં મેઘકહેર જેવી સ્થિતિ પેદા થઈ છે. માત્ર ત્રણ કલાકમાં જ ભારે વરસાદને કારણે ૨૫થી વધુ મકાન ધરાશાયી થઈ ગયાં છે. આ ઉપરાંત ૫૦થી વધુ પશુઓના મોત નીપજ્યા છે.

છેલ્લા ૫૦ વર્ષમાં ક્યારેય ન જોઈ હોય તેવી ભયાનક સ્થિતિ સર્જાઈ છે. ખારચિયા ગામમાં મેઘરાજાએ એવો કહેર વર્તાવ્યો છે કે, સૌ કોઈ ચિંતાતુર થઈ ગયા છે. ભારે વરસાદને કારણે આ ગામમાં ૨૫ જેટલા જૂના મકાનો ધરાશાયી થઈ ગયા હતા. આ ઉપ રાંત કુલ ૫૦થી વધુ પશુઓનાં મોત નીપજ્યા છે. ૨૨ જુલાઈએ રાતના ત્રણ વાગ્યાથી આ ગામમાં અતિ ધોધમાર વરસાદ વરસ્યો છે. નાના એવા ખારચિયા ગામમાં આભ ફાટ્યું હોય તેમ મેઘરાજા કહેર બનીને વરસ્યા હતા. આ ગ્રામ્ય વિસ્તારોમાં કેટલીક જગ્યાએ વીજ પોલ પણ ધરાશયી થઈ ગયા છે. આ ગામમાં અનેક પરિવારો ઘરવિહોણા થઈ ગયા છે.



### ન્યૂઝ બ્રિફ

### વરસાદના પગલે વાસણા બેરેજના ૧૨ દરવાજા ખોલાયા

| અમદાવાદ, તા.૨૩ |

અમદાવાદમાં ભારે વરસાદના પગલે વાસણા બેરેજના ૧૨ દરવાજા ખોલાયા છે. જેમાં દરવાજા ૩. ૫ ફૂટ ખોલવામાં આવ્યા હતા. અમદાવાદમાં ધોધમાર વરસાદપડી રહ્યો છે. જેના પગલે જોધપુર- સેટેલાઈટ વિસ્તારમાં વરસાદી પાણી ભરાયા છે. જેમાં સાંજના સમયે લોકો ઓફીસોથી છુટતા થયા પરેશાન છે. વાહન ચાલકો પાણી ભરાતા હેરાન થયા છે. શહેરના મોટા ભાગના વિસ્તારમાં પાણી ભરાયા છે. તેમજ તેના લીધે શહેરના અનેક અંડર પાસ લોકોની સલામતીને ધ્યાનમાં રાખીને બંધ કરવામાં આવ્યા છે.

### જૂનાગઢમાં વાદળ ફાટ્યું, ૩ કલાકમાં ૧૬ ઈંચ વરસાદ

| જૂનાગઢ, તા.૨૩ |

ગુજરાતમાં વરસાદે ત્રીજા રાઉન્ડમાં સૌરાષ્ટ્રનો વારો કાઢ્યો છે. અવિરત વરસાદના પગલે જૂનાગઢના અનેક વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિ નિર્માણ પામી છે. મેઘરાજાએ ધમાકેદાર બેટિંગ કરતા લોકો મુશ્કેલીમાં મુકાઈ ગયા છે તો કેટલાક વિસ્તારોમાં પૂર જેવી સ્થિતિ ઉભી થઈ છે. જૂનાગઢમાં ૩ કલાકમાં ૧૬ ઈંચ જેટલો વરસાદ ખાબક્યો છે. જૂનાગઢમાં ભારે વરસાદના કારણે જળબંબાકારની સ્થિતિ નિર્માણ પામી છે. અહીં ૧૬ ઈંચ જેટલો વરસાદ ખાબકી જતા જનજીવનને ભારે અસર થઈ છે તેમજ અનેક વિસ્તારો પાણીમાં ગરકાવ થઈ ગયા છે. ૩ કલાકમાં ૧૬ ઈંચ વરસાદ વરસતા કાર અને અન્ય વાહનો તણાવા લાગ્યા હતા. શહેરના લગભગ દરેક વિસ્તાર પાણી-પાણી જ હોય તેવા દશ્યો પણ સામે આવી રહ્યાં છે. જૂનાગઢમાં ભારે વરસાદના પગલે જિલ્લા પોલીસ વડાએ લોકોને સાવચેત અને સલામત રહેવા માટે અપીલ કરી છે.

### નાના અમાદ્રા ગામે કાચા મકાનની દીવાલ ધરાશાયી, વૃદ્ધાનું મોત

| છોટા ઉદેપુર, તા.૨૩ |

ગુજરાતમાં મેઘરાજાએ ધળબળાટી બોલાવી છે. અલગ અલગ વિસ્તારોમાં વરસાદી વરસી રહ્યો છે. તો વરસાદ તેની સાથે આફત લઈને આવ્યો છે. છોટા ઉદેપુરમાં વરસાદ બાદ આવી જ એક ઘટના સામે આવી છે. છોટા ઉદેપુરમાં ભારે વરસાદ બાદ પાવીજેતપુરના નાના અમાદ્રા ગામે કાચા મકાનની દીવાલ ધરાશાયી થઈ છે. આ ઘટનામાં વૃદ્ધાનું મોત થયુ છે. ગઈ રાત્રે ભારે પવન સાથે વરસાદ પડ્યો હતો. જે પછી પાવીજેતપુરના નાના અમાદ્રા ગામે કાચા મકાનની દીવાલ ધરાશાયી થઈ હતી. વૃદ્ધાના મોતની ઘટનાની જાણ થતા જ પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી અને મૃતદેહ પીએમ માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે.

### વડોદરામાં દિવસે પણ પાણી નહી ઓસરતા લોકો પરેશાન

| વડોદરા, તા.૨૩ |

વડોદરા શહેરમાં રાત્રી દરમિયાન ધોધમાર વરસાદ વરસવાને લઈ અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ જવા પામ્યા છે. વડોદરા શહેરના ગોત્રી વિસ્તારમાં અનેક વિસ્તારોમાં કેડ સમા ભરાઈ જવા પામ્યા હતા. દિવસભર પાણી ઓસર્યા નહોતા. ગોત્રી વિસ્તારમાં અનેક દુકાનો અને ઘરમાં પાણી ભરાઈ જવા પામ્યા છે. જેને લઈ સ્થાનિક લોકોએ હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.શહેરમાં ગોત્રી વિસ્તારમાં આવેલ મંગલમ પાર્ક, શિવાંજલી સોસાયટી, આશિર્વાદ સોસાયટી અને અવની ફ્લેટ સહિતના વિસ્તારોમાં પાણી ભરાઈ જવા પામ્યા હતા. દિવસે પણ પાણી જલદી નહીં ઓસરવાને લઈ લોકોને મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. રસ્તાઓ પર પણ પાણી ભરાઈ જવા પામ્યા હતા. જેને લઈ સ્થાનિકો રોષે ભરાયેલી સ્થિતીમાં જોવા મળ્યા હતા. સ્થાનિકોએ વીએમસી સામે રોષ ઠાલવ્યો હતો કે યોગ્ય ડ્રેનેજ સિસ્ટમ નહીં હોવાને લઈ પાણી ભરાઈ જવાની સ્થિતી સર્જાઈ રહી છે.

### ૨૦૧૨માં પોતાની કારથી ત્રણ વાહનોને ટક્કર મારી એકનું મોત નીપજાવનારી લબ્ધી છૂટી ગઈ

# સજાથી બચવા સુપ્રીમ કોર્ટ સુધી લડનારા વિસ્મય શાહે ત્રણ કરોડ રૂપિયા વેર્યા હતા?

## ૨૦૨૧માં શિવરંજનીમાં થયેલા અકસ્માતમાં એકનું મોત, ટ્રાયલ હજુય સેશન્સ કોર્ટમાં પેન્ડિંગ, ૨૦૧૫માં ચંડોળા તળાવ નજીક એક કારચાલકે બે લોકોને કચડ્યા હતા, હાલ તે જામીન પર મુક્ત

| અમદાવાદ, તા.૨૩ |

અમદાવાદના એસજી હાઈવે પર ઈસ્કોન ઓવરબ્રિજ પર નવ લોકોને ઉડાવી મારનારા તથ્ય પટેલને કડકમાં કડક સજા આપવા માંગ થઈ રહી છે, જોકે ભૂતકાળમાં બનેલા આવા જ કેસોમાં ધનવાન મા-બાપોએ પોતાના છાટકા બનેલા સંતાનોને બચાવવા અપનાવેલી તરકીબો એક સમયે ખાસ્સી ચર્ચામાં આવી હતી. ૨૦૧૩ના ચર્ચાસ્પદ BMW હિટ એન્ડ રન કેસની જ વાત કરીએ તો જજીસ બંગલો વિસ્તારમાં મધરાતે બેફામ કાર દોડાવી વિસ્મય શાહ નામના ધનાઢ્ય પરિવારના નબીરાએ બે આશાસ્પદ યુવકોને ઉડાવી માર્યા હતા. તે ઘટના બની ત્યારે વિસ્યમ શાહ રાતોરાત ગાયબ થઈ ગયો હતો, અને તેની ધરપકડ અકસ્માત થયાના અમુક દિવસો બાદ થઈ હતી. ૨૦૧૫માં વિસ્મય શાહને સેશન્સ કોર્ટે સાપરાધ મનુષ્યવધના ગુનામાં પાંચ વર્ષની સજા ફટકારી હતી. જોકે, વિસ્યમે સેશન્સ કોર્ટના ચુકાદાને ગુજરાત હાઈકોર્ટમાં પડકાર્યો હતો, અને હાઈકોર્ટ પોતાનો ચુકાદો આપે તે પહેલા જ તેણે જે યુવકોને પોતે ૨૦૧૩માં ઉડાવી માર્યા હતા તેમના પરિવારજનો સાથે સમાધાન કરી લીધું હતું, જેથી બંને મૃતકોના પરિવારોએ વિસ્મયની અપીલનો વિરોધ નહોતો કર્યો. જોકે, હાઈકોર્ટે વિસ્યમ દ્વારા મૃતકોના પરિવારજનો સાથે કરાયેલા સમાધાનને ફગાવી દઈને તેને નીચલી કોર્ટ દ્વારા ફટકારાયેલી પાંચ વર્ષની સજા બરકરાર રાખી હતી. હાઈકોર્ટમાંથી કોઈ રાહત ના મળતા વિસ્મયે ૨૦૨૦માં અપીલ કરી હતી,



પરંતુ સર્વોચ્ચ અદાલતે પણ તેની અપીલને ફગાવી દીધી હતી. સુપ્રીમ કોર્ટમાં તો વિસ્મય દ્વારા એવું જણાવાયું હતું કે તેણે મૃતક શિવમ અને રાહુલના પરિવારજનોને દોઢ-દોઢ કરોડ રૂપિયા ચૂકવીને સમાધાન કરી લીધું છે અને જો કોર્ટ તરફથી તેને સજામાં રાહત આપવામાં આવે તો બંને મૃતકોના પરિવારજનોને કોઈ વાંધો નથી. જોકે, સુપ્રીમ કોર્ટના જજે એવું કહીને વિસ્મયને રાહત આપવાનો ઈનકાર કરી દીધો હતો કે તમે પૈસા ખર્ચીને ન્યાય ના ખરીદી શકો. ૨૦૧૩માં બે લોકોના જીવ લેનારા વિસ્મયની ધરપકડ થઈ ત્યારબાદ તેને સળંગ ૧૩ મહિના જેલમાં રહેવું પડ્યું હતું. ફરી જેલમાં ના જવું પડે તે માટે તે છેક સુપ્રીમ કોર્ટ સુધી લડ્યો હતો, પરંતુ તેને ક્યાંયથી રાહત ના મળતા પોતાની બાકીની સજા પૂરી કરવા માટે વિસ્મયે સાબમરતી સેન્ટ્રલ જેલમાં ૨૦૨૦માં સરેન્ડર કર્યું હતું.

### એક યુવતી સહિત ત્રણ લોકો ઘાયલ થયા હતા આ અકસ્માત થયો ત્યારે ન્યૂયરનો દિવસ હતો

**માત્ર યુવકો જ બેફામ ડ્રાઈવિંગ કરીને લોકોને અડફેટે લે છે તેવું નથી, અમદાવાદમાં ૧ જાન્યુઆરી ૨૦૧૨માં લબ્ધી શાહ નામની ૧૯ વર્ષની યુવતીએ પોતાની કારથી ડ્રાઈવ-ઈન રોડ પર આવેલા ઈન્દ્રપ્રસ્થ ટાવર નજીક ત્રણ વાહનોને ટક્કર મારી હતી, જેમાં ગૌરવ રાજ્યગુરુ નામના ૨૪ વર્ષના યુવકનું મોત થયું હતું. જ્યારે એક યુવતી સહિત ત્રણ લોકો ઘાયલ થયા હતા. આ અકસ્માત થયો ત્યારે ન્યૂયરનો દિવસ હતો, અને લબ્ધી શાહ સવારે પાંચ વાગ્યાની આસપાસ પોતાના ઘરે જઈ રહી હતી. જોકે, ઈન્દ્રપ્રસ્થ ટાવર આગળ એક વળાંકમાં તેણે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતા તેની કારે એક રિક્ષા, કાર અને બાઈકને ટક્કર મારી હતી. ત્યારબાદ તેની કાર ડિવાઈડરને અથડાતા તેના બંને દરવાજા લોક થઈ ગયા હતા, અને લબ્ધીને આખરે ફ્રંટ વિન્ડસ્ક્રીન તોડીને બહાર કાઢવામાં આવી હતી. અકસ્માત થયો ત્યારે લબ્ધી નશાની હાલતમાં હતી કે કેમ તે જાણવા માટે પોલીસે તેનો બ્લડ રિપોર્ટ પણ કઢાવ્યો હતો.**

વિસ્મયના કેસમાં તેને કડકમાં કડક સજા થાય તે માટે અમદાવાદમાં લોકોએ કેન્ડલ લાઈટ માર્ચ કાઢી હતી, મૃતકોના પરિવારજનોએ વિરોધ પ્રદર્શનો કર્યા હતા, તેને જ્યારે પણ કોર્ટમાં લવાતો ત્યારે તેનો હુરિયો બોલાવવા મોટી સંખ્યામાં લોકો પહોંચી જતા હતા. જોકે, તે જ વિસ્મયે જ્યારે પોતે કુલ ત્રણ કરોડ રૂપિયામાં મૃતકોના પરિવારજનો સાથે સમાધાન કરી લીધું હોવાનું કોર્ટમાં ઓન રેકોર્ડ જણાવ્યું ત્યારે શિવમ અને રાહુલને ન્યાય અપાવવા માટે લડી રહેલા અનેક લોકોને મોટો આંચકો લાગ્યો હતો. ધનાઢ્ય પરિવારના સંતાનોના બેફામ ડ્રાઈવિંગને કારણે નિર્દોષોને પોતાનો જીવ ગુમાવવો પડ્યો હોય તેવી ઘટના અમદાવાદમાં જૂન ૨૦૨૧માં પણ બની હતી. જેમાં પર્વ શાહ નામના એક યુવકે શિવરંજની ચાર રસ્તા પર રૈનબસેરાની બહાર સૂતેલી ૩૮ વર્ષની એક મહિલા પર કાર ચઢાવી દેતાં તેનું કમકમાટીભર્યું મોત થયું હતું. આ ઘટના બની ત્યારે પહેલા તો પોલીસે પર્વ શાહ વિરૂદ્ધ કલમ ૩૦૪(એ) હેઠળ ગુનો નોંધ્યો હતો, જેમાં માત્ર બે વર્ષની જેલની સજાની જોગવાઈ હતી. આ કેસમાં પોલીસની કામગીરી સામે સવાલો ઉભા થયા બાદ ખાસ્સો હોબાળો થતાં આખરે પાછળથી સાપરાધ મનુષ્યવધનો ગુનો પર્વ શાહ વિરૂદ્ધ દાખલ કરવામાં આવ્યો હતો, જેમાં ૧૦ વર્ષની સજાની જોગવાઈ છે. નવેમ્બર ૨૦૨૧માં પર્વ શાહને ગુજરાત હાઈકોર્ટે જામીન પર મુક્ત કરવા માટે આદેશ કર્યો હતો, તેના કેસની ટ્રાયલ હાલ મિર્ઝાપુર સેશન્સ કોર્ટમાં પેન્ડિંગ છે. તેવી જ રીતે ૨૦૧૫માં અમદાવાદના ચંડોળા તળાવ પાસે ઝૂંપડપટ્ટીમાં ૧ જૂન ૨૦૧૫ના રોજ એક SUV ઘૂસી જતાં બે લોકોના મોત થયા હતા જ્યારે ૧૦ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. અકસ્માત કરવાનો જેના પર આરોપ હતો તે અહેમદ પઠાણ ગાડીને ત્યાં જ છોડીને ભાગી ગયો હતો. જોકે, બે મહિનામાં તેને કોર્ટમાંથી જામીન મળી ગયા હતા, અને તેને ભાગવામાં મદદ કરનારા તેના એક દોસ્ત ફેનિલ શાહને ગયા વર્ષે આ કેસમાંથી ડિસ્ચાર્જ કરી દેવાયો હતો.

### આપણા રાજ્યમાં અને દેશમાં રોડ એક્સિડન્ટમાં દર વર્ષે હજારો લાખો લોકોના મોત થાય છે

**સમગ્ર ગુજરાતમાં ભલે હાલ અમદાવાદમાં એસજી હાઈવે પર થયેલા અકસ્માતની હોય, પરંતુ ભૂતકાળમાં પણ લોકોની બેદરકારીનો ભોગ નિર્દોષ લોકોએ બનવું પડ્યું છે, અને કદાચ ભવિષ્યમાં પણ ગાડીઓને રોકેટની જેમ ઉડાવતી બડે બાપ કી બીગડી ઔલાદ નિર્દોષોના જીવ લેતી રહેશે. અકસ્માત થાય ત્યારે સરકાર, પોલીસ અને આપણે સૌ જાણે ગાઢ નિંદ્રામાંથી સફાળા જાગીએ છીએ, થોડા દિવસો સુધી તેની ચિંતા પણ કરીએ છીએ પરંતુ સમયની સાથે આ બધુંય ભૂલાઈ જાય છે. માત્ર હિટ એન્ડ રન જ નહીં, રસ્તા પર રખડતા ઢોરોની અડફેટે આવીને કે પછી દર ચોમાસામાં પડી જતાં મોટા-મોટા ખાડાને કારણે પણ અનેક વાહનચલાકોને પોતાના જીવ ગુમાવવા પડે છે. પોલીસની હાજરી હોય કે ના હોય, પરંતુ ટ્રાફિકના નિયમનો ભંગ કરનારો કોઈ બચી ના શકે તે માટે ઠેર-ઠેર કેમેરા પણ લગાવાયા છે, પરંતુ જ્યારે ક્યાંક અકસ્માત થાય ત્યારે જ આપણને ખબર પડે છે કે આ તે જગ્યા પર લાગેલા કેમેરા તો ખાલી શોપીસ જ હતા!**



સુરતમાં ડ્રગ્સના જોખમી વિશે જાગૃતિ લાવવા માટે જય જવાન નાગરિક સમિતિ અને સુદામા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા રેલી કાઢવામાં આવી હતી.

### બોડકદેવમાં માહોલ હુક્કાબારમાં દારૂની ડિલિવરી કરતો શખ્સ ઝડપાયો

| અમદાવાદ, તા.૨૩ |

અમદાવાદ ઈસ્કોન બ્રિજ અકસ્માત કેસમાં તપાસનો ધમધમાટ ચાલી રહ્યો છે જેમાં અવનવા ખુલાસા પણ સામે આવી રહ્યાં છે. તો બીજી તરફ તથ્ય પટેલના વિવાદ વચ્ચે બોડકદેવના કેફેમાં દારૂ લઈ જવાતો ઝડપાયો છે. બોડકદેવમાં માહોલ હુક્કાબારમાં દારૂની ડિલીવરી કરતો શખ્સ ઝડપાયો છે. બોડકદેવમાં માહોલ હુક્કાબારમાં દારૂની ડિલિવરી કરતો શખ્સને પોલીસે ઝડપી લીધો છે. પોલીસે આરોપીની એક્ટિવામાંથી દારૂ ઝડપી કાર્યવાહી હાથ ધરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગત મોડી રાત્રે પોલીસે વિવિધ કેફેમાં તપાસ હાથ ધરી હતી. પોલીસ અલગ અલગ ટીમો બનાવી સિંધુ ભવન રોડ, થલતેજ રોડ, એસજી હાઈવે પર આવેલા કેફેમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. ત્યારે મોડી રાત સુધી કેફેમાં યુવા પેઢી પાર્ટીનું તેમજ ડ્રગ્સ અને દારૂ જેવી પ્રવૃતિનાં સેવનને લઈ સર્ચ ઓપરેશન શરૂ હાથ ધર્યું હતું. ઈસ્કોન બ્રિજ પરના અકસ્માત પહેલા આરોપી તથ્ય પટેલે રિંગરોડ પર આવેલા કેફેમાં પાર્ટી માણી હતી તેવી પણ ચર્ચા છે. આ બધી ચર્ચા વચ્ચે બોડકદેવના કેફેમાં દારૂની ડિલીવરી કરતો શખ્સ ઝડપાયો છે.

### જૂનાગઢમાં જળબંબાકાર

## જૂનાગઢમા ભારે વરસાદની પરિસ્થિતિના પગલે મુખ્યમંત્રીની મહત્વપૂર્ણ બેઠક

**જૂનાગઢ જળબંબાકારની પરિસ્થિતિ પહોંચી વળવા માટે તમામ પગલા લેવા સીએમ દ્વારા સૂચના આપવામાં આવી**

| જૂનાગઢ, તા.૨૩ |

જૂનાગઢમાં ભારે વરસાદના કારણે તારાજીના દશ્યો સર્જાયા છે. ભારે વરસાદની પરિસ્થિતિના પગલે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મહત્વની બેઠક યોજી છે. અત્રે તમને જણાવીએ કે, રાજકોટમાં લોકાર્પણ કાર્યક્રમ દરમિયાન ૩ મંત્રીઓ સાથે બેઠક કરી વરસાદની પરિસ્થિતિના તાગ મેળવ્યા છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પોતાના નિર્ધારીત કાર્યક્રમ વચ્ચે મંત્રીઓ સાથે સમીક્ષા બેઠક કરી જળબંબાકારની પરિસ્થિતિ પહોંચી વળવા માટે તમામ પગલા લેવા સૂચનાઓ આપી છે. મુખ્યમંત્રીએ મંત્રી કુંવરજી બાવળીયા, રાઘવજી પટેલ અને ભાનુબેન બાબરીયા સાથે બેઠક કરી અને ભારે વરસાદની પરિસ્થિતિના તાગ મેળવ્યા હતા. અતિભારે વરસાદથી જૂનાગઢ શહેર અને ગ્રામ્ય વિસ્તારની હાલત કફોળી બની છે, ત્યારે જૂનાગઢ જિલ્લા પોલીસ અધિક્ષક રવિતેજા દ્વારા લોકોને ઘરમાં રહેવા નમ્ર અપીલ કરવામાં આવી છે, તેમજ મદદ માટે પોલીસનો સંપર્ક કરવા જણાવાયું છે. મદદ માટે સંપર્ક કરવા હેલ્પ લાઈન નંબર જાહેર કરાયો છે. જે નંબર. ૧૦૦/ ૯૧ ૯૯૭૮૪ ૦૫૨૫૦ છે

જૂનાગઢમાં ભારે વરસાદના કારણે જળબંબાકારની સ્થિતિ નિર્માણ પામી છે. અહીં ૧૬ ઈંચ જેટલો વરસાદ ખાબકી જતા જનજીવનને ભારે અસર થઈ છે તેમજ અનેક વિસ્તારો પાણીમાં ગરકાવ થઈ ગયા છે. ૩ કલાકમાં ૧૬ ઈંચ વરસાદ વરસતા કાર અને અન્ય વાહનો તણાવા લાગ્યા હતા.

શહેરના લગભગ દરેક વિસ્તાર પાણી-પાણી જ હોય તેવા દશ્યો પણ સામે આવી રહ્યાં છે. જૂનાગઢમાં અતિભારે વરસાદ કારણે પાણીના ધસમસતા પ્રવાહમાં પશુ તણાયા છે. ભેંસ અને તેના બચ્ચા તણાતા હોય તેવો વીડિયો સામે આવ્યો છે તેમજ નદીના પાણી શહેરી વિસ્તારમાં ફરી વળ્યા છે.

### રસ્તો પાર કરતા સમયે ઘટના બની છે

# નવસારીમાં ગટરમાં તણાતા વૃદ્ધ અને વિદ્યાર્થિનીનું રેસ્ક્યુ કરાયું

**નવસારીમાં વરસાદે પાલિકાની પ્રિમોન્સૂન કામગીરીની પોલ ખોલી છે, પાણી ભરાવાની સમસ્યા ઠેરઠેર સર્જાઈ**

| નવસારી, તા.૨૩ |

નવસારીમાં પાણી ભરાતા ગટરમાં તણાઈ રહેલા વૃદ્ધ અને વિદ્યાર્થિનીને બચાવાયા છે. શહેરના લાયબ્રેરી વિસ્તારનો બનાવ છે. જ્યાં ભારે વરસાદને કારણે પૂરની સ્થિતિ સર્જાઈ છે. રસ્તાઓ પર પાણી ફરી વળ્યા છે ત્યારે આ રસ્તો પાર કરતા સમયે આ ઘટના બની છે. વૃદ્ધ અને વિદ્યાર્થિની તણાતા સ્થાનિકો દ્વારા બંનેનું રેસ્ક્યુ કરવામાં આવ્યું છે. મહત્વનુ છે કે નવસારીમાં વરસાદે પાલિકાની પ્રિમોન્સૂન કામગીરીની પોલ ખોલી છે. પાણી ભરાવાની સમસ્યા ઠેરઠેર સર્જાઈ. ભારે વરસાદના કારણે ચાર પુલ વિસ્તારમાં આવેલી પોલીસ ચોકી અને દુકાનોમાં પાણી ભરાતા લોકો મુશ્કેલીમાં મુકાયા હતા. એરુ ચાર રસ્તા વિસ્તારમાં પાણી ભરાતા નવસારી દાંડી માર્ગ બંધ કરવામાં આવ્યો. આ તરફ ખેરગામમાં ભારે વરસાદથી ઔરંગા નદી પરનો લો લેવલ બ્રિજ પાણીમાં ગરકાવ થયો હતો.

### ચંદન તળાવ ઉભરાઈ જતા ૫ હજારથી વધુ લોકોને મુશ્કેલી

| નવસારી, તા.૨૩ |

નવસારી શહેરના વિજલપોર વિસ્તારમાં ચંદન તળાવ ઉભરાઈ જતા ૫,૦૦૦ થી વધુ લોકો હેરાન પરેશાન થઈ રહ્યા છે. ૨૦૦૦થી વધુ ઘરોમાં પાણી ભરાઈ જવાના બનાવને પગલે લોકોની ચિંતામાં વધારો થયો છે વરસાદ તો બંધ થયો છે, પરંતુ તળાવ ઉભરાવાના કારણે લોકોના ઘરોમાં પાણી ભરાવાની સમસ્યા ઊભી થઈ છે. નવસારી જીલ્લામાં સતત વરસાદ પડી રહ્યો છે. વિજલપોરમાં ઠેર-ઠેર પાણી ભરાતા જનજીવન અસ્તવ્યસ્ત થયું છે. નવસારી અને જલાલપોરમાં પડી રહેલો ધોધમાર વરસાદને પગલે જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. પાણી ભરાવાને કારણે વાહન ચાલકોને હાલાકી પડી હતી.

# ઇશાપુર ગામમાં ભારે વરસાદના કારણે પુલનો એક હિસ્સો ધોવાઈ ગયો

**ઇસાપુર ગામને ભેસાણ, જુનાગઢ અને જેતપુર સાથે જોડતો આ અતિ મહત્વનો પુલ છે**

| જૂનાગઢ, તા.૨૩ |

જુનાગઢ જિલ્લાના ઈશાપુર ગામમાં ભારે વરસાદના કારણે પુલનો એક હિસ્સો ધોવાઈ ગયો છે. ઈસાપુર ગામને ભેસાણ, જુનાગઢ અને જેતપુર સાથે જોડતો આ અતિ મહત્વનો પુલ છે. ભારે વરસાદ પડતા અહીં વારંવાર પુલ ઉપરથી પાણી વહેતા થઈ જતા હોય છે. જેને લઈ ગામ સંપર્ક વિહોણું બની જાય છે. ગામ લોકોએ જણાવ્યું હતું કે છેલ્લા આઠ વર્ષથી વધુ સમયથી આ પુલના નવીનીકરણ માટે રજૂઆત કરવામાં આવી રહી છે. છતાં કોઈ સમસ્યાનું સમાધાન હજી સુધી તંત્ર દ્વારા કરાયું નથી. ગામ લોકો દ્વારા માંગ કરાઈ હતી કે



વહેલામાં વહેલી તકે આ પુલનું સમારકામ કરવામાં આવે. બીજી તરફ ધારાસભ્ય ભુપત ભાયાણીએ જણાવ્યું હતું કે ઈસાપુર સહિત અનેક ગામડાઓમાં આ પ્રકારના પુલ જર્જરીત હાલતમાં છે. છતાં છેવાડાના ગામડાનો વિકાસ કરવાનો દાવો કરતી સરકાર આ મામલે કોઈ કાર્યવાહી કરતી નથી. ધારાસભ્ય જણાવ્યું હતું કે તેઓ પણ આ મામલે જવાબદાર તંત્ર અને સરકારમાં રજૂઆત કરી વહેલી તકે પુલનું કામકાજ બને તે માટે પ્રયત્ન હાથ કરશે. મહત્વનું છે કે જુનાગઢ જિલ્લાનું ઈસાપુર ગામ વિસાવદર મતવિસ્તારમાં આવે છે. જ્યારે ગામના વહીવટી કામકાજ માટે આ ગામનો સમાવેશ જુનાગઢ તાલુકામાં કરાયો છે.

**ન્યૂઝ બ્રિફ**

## સિગ્નલિંગ-સર્કિટ-ચેન્જમાં ખામીને કારણે બાલાસોર ટ્રેન દુર્ઘટના બની

। નવી દિલ્હી, તા.૨૩ ।

હાલ સંસદમાં મોનસૂન સત્ર શરુ છે. જેની કાર્યવાહીમાં વિપક્ષના ભારે હોબાળાના કારણે સોમવાર સુધી કાર્યવાહીને સ્થગિત કરવામાં આવી છે. આ દરમિયાન ગઈ કાલે રાજ્યસભામાં રેલ્વેમંત્રી અશ્વિની વૈષ્ણવે ઓડિશા ટ્રેન દુર્ઘટનાનો ઉલ્લેખ કરતા તેમનું કારણ જણાવ્યું હતું. રેલ્વેમંત્રી અશ્વિની વૈષ્ણવે રાજ્યસભામાં જણાવ્યું હતું કે ’સિગ્નલિંગ-સર્કિટ-ચેન્જ’માં ખામીને કારણે ૨ જૂને ઓડિશાના બાલાસોર જિલ્લામાં સિગ્નલમાં ખામીના કારણે ત્રણ ટ્રેનો વચ્ચે દુર્ઘટના સર્જાઈ હતી. આ અકસ્માતમાં ૨૯૫ લોકોએ જીવ ગુમાવ્યા હતા. અશ્વિની વૈષ્ણવે રાજ્યસભામાં જણાવ્યું હતું કે, છેલ્લા પાંચ વર્ષમાં રેલવેમાં સિગ્નલ નિષ્ફળતાના ૧૩ કેસ નોંધાયા છે, પરંતુ એક પણ ઈન્ટરલોકિંગ સિગ્નલ સિસ્ટમમાં ખામીને કારણે નથી. રેલ મંત્રી વૈષ્ણવે ૨ જૂને ઓડિશાના બાલાસોરમાં થયેલા ટ્રેન દુર્ઘટના અંગે વિવિધ સભ્યોના પ્રશ્નોના લેખિત જવાબમાં આ માહિતી આપી હતી.

### ભારત-વેસ્ટઈન્ડિઝ બીજી ટેસ્ટ મેચ સમયની ઘટના

# કોહલીએ વેસ્ટ વિન્ડીઝના વિકેટ કીપરની માતા સાથે મુલાકાત કરી

। પોર્ટ ઓફ સ્પેન, તા.૨૩ ।

ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે ૨ મેચની ટેસ્ટ સિરીઝની બીજી મેચ પોર્ટ ઓફ સ્પેનમાં રમાઈ રહી છે. આ ટેસ્ટના બીજા દિવસની રમતમાં વિરાટ કોહલીએ ઘણા નવા રેકોર્ડ બનાવ્યા છે. પોતાના ઈન્ટરનેશનલ કરિયરની ૫૦૦મી મેચ રમી રહેલા કોહલીએ પોતાની ૨૯મી ટેસ્ટ સદી સાથે આ ક્ષણને વધુ આનંદદાયક બનાવી દીધી હતી. બીજા દિવસની રમત સમાપ્ત થયા પછી, વિરાટે વિન્ડીઝના વિકેટકીપર જોશુઆ ડીસિલ્વાને આપેલું વચન પૂરું કરતા તેની માતા સાથે મુલાકાત કરી હતી. બીજા દિવસે રમત સમાપ્ત થયા પછી જ્યારે ટીમો બસ દ્વારા હોટેલ પરત ફરી રહી હતી, ત્યારે એક ભાવનાત્મક ક્ષણ સામે આવી, જ્યારે વિરાટ કોહલીને મળ્યા પછી વિન્ડીઝના વિકેટકીપર જોશુઆ ડીસિલ્વાની માતા ખૂબ જ ખુશ દેખાતી હતી. જોશુઆની માતાએ વિરાટ કોહલીને ગળે લગાવીને કિસ કરી હતી. ત્યાં તેમણે વિરાટ સાથે લાંબા સમય સુધી વાતચીત કરી હતી. મેચના પહેલા જ દિવસે વિરાટ કોહલી સાથે વિકેટકીપર જોશુઆ ડીસિલ્વાનો વીડિયો ચર્ચામાં આવ્યો હતો.



**વિરાટને મળ્યા બાદ જોશુઆની માતા રડી પડી હતી**

વેસ્ટ ઈન્ડિઝના વિકેટકીપર જોશુઆ ડીસિલ્વાએ કહેલી વાત સાચી થઇ અને તેની માતા બીજા દિવસની રમત જોવા માટે ક્વીન્સ પાર્ક ઓવલ મેદાન પર પહોંચી હતી. તે વિરાટ કોહલીની ખૂબ મોટી ફેન છે અને કોહલીએ પણ તેને મળ્યા બાદ તેનું સપનું પૂરું કર્યું હતું. વિરાટને મળ્યા બાદ જોશુઆની માતા રડી પડી હતી. તેણે કોહલીને એક મહાન ખેલાડી પણ ગણાવ્યો હતો. વિરાટને મળ્યા બાદ જોશુઆની માતાએ કહ્યું કે તે અને તેનો પુત્ર કોહલીના ખૂબ મોટા ફેન્સ છે. આ ક્ષણ તેના માટે અવિસ્મરણીય છે. વિરાટ તેમનાં દેશમાં આવીને રમી રહ્યો છે તે તેમનાં માટે મોટી વાત છે. તે ખૂબ જ પ્રતિભાશાળી અને મહાન ખેલાડી છે.

### અનુરાગ ઠાકુરની બીજેપી હેડક્વાર્ટર ખાતે પ્રેસ કોન્ફરન્સ

# મહિલાઓ વિરુદ્ધ અપરાધમાં રાજસ્થાન નંબર વન રાજ્ય છે : અનુરાગ ઠાકુર

। નવી દિલ્હી, તા.૨૩ ।

કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરે આજે બીજેપી હેડક્વાર્ટર ખાતે પ્રેસ કોન્ફરન્સ કરી હતી. જેમાં તેમણે રાજસ્થાનના સીએમ અશોક ગેહલોત પર જોરદાર પ્રહાર કર્યા હતા અને તેમના રાજીનામાની માંગ કરી હતી. તેમણે રાજસ્થાનના સીએમને રાજીનામું આપવા પ્રશ્ન કરતા કહ્યું કે, રાજસ્થાન સરકારે મહિલા-મહિલા વચ્ચે ભેદભાવ ન કરવો જોઈએ અને રાજસ્થાનમાં થઇ રહેલા અપરાધ બાદ શું અશોક ગેહલોતજી તેમના પદ પરથી રાજીનામું આપશે. કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરે કહ્યું કે, દેશના કેટલાક રાજ્યોમાં મહિલાઓ વિરુદ્ધ અપરાધની ઘટનાઓ વધી છે અને ઘણા રાજ્યોમાં તેની વિરુદ્ધ કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. બેગુસરાયમાં જે થયું તે આપણી સામે છે, પરંતુ મુખ્યમંત્રી નીતિશ કુમારે તેના પર એક શબ્દ પણ ઉચ્ચાર્યો નથી. મહિલાઓ વિરુદ્ધ અપરાધમાં રાજસ્થાન નંબર વન રાજ્ય બની ગયું છે.



**રાજસ્થાનની કાયદો અને વ્યવસ્થાની જવાબદારી સીએમની છે કે નહીં?**

અનુરાગ ઠાકુરે કહ્યું કે, રાજસ્થાનના સીએમને મારો એક જ સવાલ છે કે શું રાજસ્થાનની કાયદો અને વ્યવસ્થાની જવાબદારી સીએમની છે કે નહીં? રાજેન્દ્ર ગુડાના નિવેદન બાદ તેઓ રાજીનામું આપશે કે નહીં. રાજસ્થાનમાં બનેલી ઘટનાઓથી અશોક ગેહલોતને શરમ છે કે નહીં? ખડગે અને ગાંધી પરિવારના લોકો સામે સવાલ છે કે શું તેઓ રાજસ્થાનની જવાબદારી ભૂલી ગયા છે. શું વિપક્ષના નેતા રાજસ્થાન, બિહાર અને બંગાળમાં પણ તેમનું પ્રતિનિધિમંડળ મોકલશે?

### વડાપ્રધાન પર રાજસ્થાનના મુખ્યપ્રધાને નિશાન તાંક્યું

## ચૂંટણી માટે રાજસ્થાન-છત્તીસગઢ જતા વડાપ્રધાન નરેન્દ્ર મોદી હજુ મણિપુર ગયા નથી : ગેહલોત



। જયપુર, તા.૨૩ ।

રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોતે શનિવારે જયપુરમાં એક પત્રકાર પરિષદને સંબોધિત કરી હતી. આ દરમિયાન તેમણે મણિપુર હિંસા અંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર નિશાન સાધ્યું હતું. તેમણે એવો પણ આરોપ લગાવ્યો કે પીએમ મોદીએ સંસદના ચોમાસુ સત્ર પહેલા પોતાના નિવેદનથી રાજસ્થાનની ભાવનાઓને ઠેસ પહોંચાડી છે. ગેહલોતે કહ્યું કે જે રીતે પીએમ મોદીએ કહ્યું કે રાજસ્થાન અને છત્તીસગઢના મુખ્યમંત્રીએ રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિનું ધ્યાન રાખવું જોઈએ, તેનાથી રાજસ્થાનની ભાવનાઓને ઠેસ પહોંચી છે. તેમણે કહ્યું કે વડાપ્રધાનની નિષ્ફળતાઓથી જનતા દુખી છે.

અશોક ગેહલોતે કહ્યું કે જો પીએમ મોદી મણિપુર ન જઈ શકે તો તેમણે એક બેઠક બોલાવીને મણિપુરની સ્થિતિની સમીક્ષા કરવી જોઈતી હતી. મેં પહેલીવાર જોયું છે કે વડાપ્રધાન ચૂંટણી માટે કર્ણાટક, રાજસ્થાન અને અન્ય સ્થળોની મુલાકાતે છે, પરંતુ મણિપુરની નહીં.

રાજસ્થાનના મુખ્યમંત્રીએ કહ્યું કે મણિપુરમાં ભાજપની સરકાર છે. વિચારો કે જો કોંગ્રેસ ત્યાં સત્તામાં હોત તો તેઓએ શું કહ્યું હોત. રાજેન્દ્ર સિંહ ગુડાને મંત્રી પદ પરથી હટાવવાના સવાલ પર અશોક ગેહલોતે કહ્યું કે આ અમારી પાર્ટીનો આંતરિક મામલો છે. અમે આ વિશે અમારી રીતે ચર્ચા કરીએ છીએ.



દિલ્હી મહિલા આયોગના અધ્યક્ષ સ્વાતિ માલીવાલ હિંસાગ્રસ્ત મણિપુર પહોંચ્યા હતાં.

### ગોવા ખાતે જી૨૦ ઊર્જા મંત્રીઓની બેઠક યોજાઈ

## વર્ષ ૨૦૩૦ સુધીમાં ૫૦ ટકા બિન-અશ્મિ આધારિત બળતણના ઉત્પાદનનું લક્ષ્યાંક : પીએમ મોદી



। નવી દિલ્હી, તા.૨૩ ।

ગોવા ખાતે જી૨૦ ઉર્જા મંત્રીઓની બેઠક યોજાઈ હતી. આ દરમિયાન, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગ્રીન ડેવલપમેન્ટ અને એનર્જી ટ્રાન્ઝિશનના ક્ષેત્રમાં ભારત દ્વારા કરવામાં આવી રહેલા પ્રયાસો વિશે ચર્ચા કરી હતી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના કરેલ સંબોધનમાં કહ્યું હતું કે, ભારત સૌથી વધુ વસ્તી ધરાવતું રાષ્ટ્ર છે અને વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતું મોટું અર્થતંત્ર છે, તેમ છતાં અમે અમારી આબોહવા પ્રતિબદ્ધતાઓ પર મજબૂત પ્રગતિ કરવાના પ્રયાસો કરી રહ્યા છીએ.

તેમણે કહ્યું, અમે બિન-અશ્મિભૂત દ્વારા વીજળી ઉત્પન્ન કરવાના લક્ષ્યાંકને ટાર્ગેટ વર્ષના ૯ વર્ષ પહેલા જ હાંસલ કર્યું હતું. ત્યારબાદ અમે આ લક્ષ્યાંકને વધુ વિસ્તૃત કરી અમારું લક્ષ્યાંક વધારી ૨૦૩૦ સુધીમાં ૫૦ ટકા બિન-અશ્મિભૂત સ્થાપિત ક્ષમતા હાંસલ કરવાની યોજના બનાવીએ છે. ભારત સૌર અને પવન ઊર્જામાં વૈશ્વિક દેશમાં પ્રમુખ સ્થાન ધરાવે છે.

આ ઉપરાંત વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, અમે આ વર્ષે ૨૦% ઈથેનોલ-મિશ્રિત પેટ્રોલનું રોલઆઉટ શરૂ કર્યું છે, અમારું લક્ષ્ય ૨૦૨૫ સુધીમાં સમગ્ર દેશને આવરી લેવાનું છે. અમારે ટેક્નોલોજી ગેપને દૂર કરવા, ઉર્જા સુરક્ષા વધારવા અને સપ્લાય ચેઈનને વૈવિધ્યીકરણ કરવાના માર્ગો શોધવાની જરૂર છે અને તે લક્ષ્યાંકને હાંસલ કરવામાં અમે અત્યારે કામ કરી રહ્યા છીએ.

### બહુભાષી શિક્ષણને પ્રોત્સાહન આપવાનો પ્રયાસ

# સીબીએસઈમાં હવે ભારતીય ભાષાના અભ્યાસની વિચારણા

**સીબીએસઈએ શાળાઓને પ્રાથમિકથી ધોરણ ૧૨ સુધી ભારતીય ભાષાઓમાં શિક્ષણ આપવા મંજૂરી મળી શકે**

। નવી દિલ્હી, તા.૨૩ ।

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (સીબીએસઈ)એ શાળાઓને બહુભાષી શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે વૈકલ્પિક માધ્યમ તરીકે ભારતીય ભાષાઓના ઉપયોગ કરવા પર ભાર મૂકતા આ બાબતે વિચારવાનું કહ્યું છે. જો આ નિર્ણય અમલમાં આવે છે તો તેનો સીધો ફાયદો તે વિદ્યાર્થીઓને થશે જેઓ તેમની સ્થાનિક ભાષામાં અભ્યાસ કરવા માગે છે.

શિક્ષણ મંત્રાલય અને નેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગએ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, ૨૦૨૦ હેઠળ બહુવિધ ભાષાઓમાં શિક્ષણ આપવા માટે પગલાં લીધાં છે, જેના પગલે સીબીએસઈ એ તેની શાળાઓને ઉપલબ્ધ સંસાધનોનો ઉપયોગ કરવા અને તેમને બહુભાષી શિક્ષણ માટે યોગ્ય બનાવવા એકબીજા સાથે સહયોગ કરવા જણાવ્યું છે.

સીબીએસઈએ શાળાઓને પ્રાથમિકથી ધોરણ ૧૨ સુધી ભારતીય ભાષાઓમાં શિક્ષણ આપવાની મંજૂરી મળી શકે છે. હાલમાં, સીબીએસઈ સાથે જોડાયેલી મોટાભાગની શાળાઓમાં શિક્ષણનું માધ્યમ અંગ્રેજી છે અને કેટલીક શાળાઓમાં હિન્દીમાં શિક્ષણ આપવામાં આવે છે.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ શિક્ષણના વિવિધ સ્તરો પર શિક્ષણના માધ્યમ તરીકે ઘરની ભાષા, માતૃભાષા, સ્થાનિક ભાષા અથવા પ્રાદેશિક ભાષાના ઉપયોગની હિમાયત કરે છે. સીબીએસઈ અનુસાર, શિક્ષણ મંત્રાલયે નેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ (એનસીઈઆરટી) ને ૨૨ અનુસૂચિત ભારતીય ભાષાઓમાં નવા પાઠ્યપુસ્તકો તૈયાર કરવાનો નિર્દેશ આપ્યો છે અને તે ૨૦૨૪-૨૫ શૈક્ષણિક સત્રથી ઉપલબ્ધ કરાવવામાં આવશે.

સીબીએસઈ બોર્ડે એનઈપી ૨૦૨૦ નો ઉલ્લેખ કર્યો જે વિદ્યાર્થીઓ માટે બહુભાષીયતાના લાભો પર ભાર મૂકે છે.

બોર્ડે બહુભાષી સેટિંગમાં શીખવવા માટે સક્ષમ કુશળ શિક્ષકોની ઉપલબ્ધતા, બહુભાષી પાઠ્યપુસ્તકોની રચના અને મર્યાદિત સમય ઉપલબ્ધ જેવા પડકારો પર પ્રકાશ પાડ્યો છે.

## ટ્વીટર વેરીફાઈડ યુઝર્સને જોબ લિસ્ટિંગ પોસ્ટ કરવા મંજૂરી આપશે

। વોશિંગ્ટન, તા.૨૩ ।

ટ્વિટર લિક્ડઈન પર કબ્જો કરવા માંગે છે. જેના માટે તે જોબ પોસ્ટિંગ ફીચર પર કામ કરી રહ્યું છે જે વેરીફાઈડ યુઝર્સને તેમની પ્રોફાઈલ પર જોબ લિસ્ટિંગ પોસ્ટ કરવાની મંજૂરી આપશે. કંપનીએ ટ્વિટર પર ’ટ્વીટરહાયરિંગ’ નામનું એકાઉન્ટ બનાવ્યું છે, પરંતુ અત્યાર સુધી તેમાંથી કોઈ ટ્વીટ પોસ્ટ કરવામાં આવી નથી. એપ્લિકેશન નીમા ઓવજીએ ગુરુવારે આ સુવિધાની વિગતો આપતો સ્ક્રીનશોટ પોસ્ટ કર્યો હતો અને કહ્યું હતું કે ટ્વીટર વેરીફાઈડ સંસ્થાઓને સમર્થિત એટીએસ અથવા એક્સએમએલ ફીડને કનેક્ટ કરીને ટ્વીટર પર તેમની બધી નોકરીઓ આયાત કરવાની મંજૂરી આપશે. સ્ક્રીનશૉટ મુજબ કંપની આ સુવિધાને ટ્વીટર હાયરિંગ તરીકે રજૂ કરશે.





ઉપરાષ્ટ્રપતિ અને રાજ્યસભાના અધ્યક્ષ જગદીપ ધનખર નવી દિલ્હીમાં વિજ્ઞાન ભવનમાં યુનિવર્સિટીના શતાબ્દી વર્ષના કોન્વોકેશન દરમિયાન જામિયા મિલિયા ઈસ્લામિયાના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને સુવર્ણ ચંદ્રકો એનાયત કરતા નજરે પડે છે.

### ૭૦ હજારને નિમણૂક આપવા પર કોંગ્રસનો મોદી પર કટાક્ષ

# દેશમાં ત્રણ વર્ષમાં હજારો નાના ઉદ્યોગો બંધ થઈ ગયા

**સરકારી વિભાગોમાં હજારો પદ ખાલી છે ત્યારે વડાપ્રધાન નિણમૂક પત્રો આપવાનું નાટક કરી રહ્યા છે : કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે**

। નવી દિલ્હી, તા.૨૩ ।

આજે પીએમ મોદીએ વીડિયો કોન્ફરન્સથી નવા ભરતી થનારા ૭૦ હજાર લોકોને નિમણૂક પત્ર આપ્યા હતા, ત્યારે કોંગ્રેસ આ મામલે કટાક્ષ કરી પીએમ મોદી પર નિશાન સાધ્યું છે. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે, દેશમાં ત્રણ વર્ષમાં હજારો નાના ઉદ્યોગો બંધ થઈ ગયા. સરકારી વિભાગોમાં પણ હજારો પદ ખાલી છે, ત્યારે વડાપ્રધાન નિણમૂક પત્રો આપવાનું નાટક કરી રહ્યા છે.

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ ટ્વીટ કરીને મોદી સરકાર પર આકરા પ્રહારો કરતા કહ્યું કે, દેશમાં લગભગ ૩ વર્ષમાં ૨૦,૦૦૦ એમએસએમઈ ઉદ્યોગો બંધ થઈ ગયા છે... જ્યારે સરકારી વિભાગોમાં ૩૦ લાખ પદો ખાલી છે, પરંતુ ‘ઈવેન્ટ-જીવી મોદી સરકાર’ના વડા મોદીજી હપ્તાની જેમ ભરતી પત્રો વહેંચીને એવું બતાવી રહ્યા છે કે, તેમણે પ્રતિ વર્ષ ૨ કરોડ નોકરીઓ આપવાનું ભાજપનું વચન પૂર્ણ કર્યું હોય... અરે ભાઈ... તે સરકાર માન્ય જગ્યાઓ છે, આ જગ્યાઓ તો ઘણા સમય પહેલાં જ ભરવી જોઈતી હતી.

ખડગેએ વધુમાં લખ્યું કે, છેલ્લા ૯ વર્ષમાં સ્ટાર્ટઅપ ઈન્ડિયા, સ્કિલ ઈન્ડિયા, સ્ટેન્ડઅપ ઈન્ડિયા સહિત વગેરે ઈવેન્ટોનું આયોજન કરાયું, પરંતુ લાખો એમએસએમઈએ મોદી સરકારની ખોટી નીતિઓનો ભોગ બનવું પડ્યું... કરોડો યુવાઓની નોકરીઓ ખતમ થઈ ગઈ... તેમનું ભવિષ્ય અંધકારમય થઈ ગયું... જેની સૌથી વધુ અસર એસસી, એસટી, ઓબીસી, ઈડબલ્યૂએસના લોકોને થઈ... દેશના યુવાનો હવે સહન નહીં કરે.... આ યુવા વિરોધી સરકારને જવું પડશે... ભારત જોડાશે, ઈન્ડિયા જીતશે...

## તંત્રી લેખ...

# શહેરમાં ફેલાયેલા (આંખ આવવી) કન્ઝક્ટિવાઈટિસ સામે લડત જરૂરી

અમદાવાદ શહેરમાં છેલ્લા ઘણા સમયથી આખો આવવાના એટલે કે, કન્ઝક્ટિવાઈટિસના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. અમદાવાદ સ્થિત અસારવા સિવિલમાં જ્યાં સપ્તાહ પહેલા રોજના ૧૨ થી ૧૫ કેસ હતા ત્યાં એક જ દિવસમાં નવા ૬૦ જેટલા કેસ નોંધાતા પ્રજામાં ઓહાપોહ મચી જવા પામી છે. સરકારી હોસ્પિટલની જેમ જ ખાનગી હોસ્પિટલમાં જ આ કેસમાં સતત વધારો નોંધાઈ રહ્યા છે. ખાનગી આંખની હોસ્પિટલની ઓપીડીમાં દર દસમાં સાતથી આઠ જેટલા કેસ મળતા આવી રહ્યા છે નાના બાળકોમાં પણ આ કેસ વધુ દેખાઈ આવે છે જેથી કરીને સ્કુલોમાં પણ શિક્ષકો દ્વારા તાત્કાલીક ધોરણે તજવીજ હાથ ધરવામાં આવી છે સ્કુલ પ્રશાસન મુજબ જે લોકોને આંખોમાં ઈન્ફેક્શન આવ્યુ હોય તે લોકોએ સ્કુલમાં આવવુ જ નહીં અને ઘરે રહીને સારવાર હાથ લેવી કારણ કે, તબીબોનું કહેવું છે કે, આ સ્થિતિમાં બાળકોને સ્કુલે મોકલવાનું ટાળવું જોઈએ. સિવિલની આંખની હોસ્પિટલના ડો. સોમેશ અગ્રવાલે જણાવ્યું હતુ કે, કન્ઝક્ટિ-વાઈટિસના કેસમાં વધારો દેખાઈ રહ્યો છે. ભેજવાળા વાતાવરણના લીધે આ ચેપ ફેલાતો હોય છે. આંખોમાં લાલાશ હોય, દુખાવો થાય, ચીપડા વળે તેવી સ્થિતિ તુરંત જ તબીબી સારવાર કરાવવી જોઈએ. એટલુ જ નહિં પરંતુ જાહેર સ્થળે જવાનું ટાળવુ જોઈએ. મોટે ભાગે ત્રણથી પાંચ દિવસમાં દર્દી સાજા થતાં હોય છે. રાજ્યના આરોગ્ય વિભાગે જિલ્લા પંચાયતો અને મહાનગરપાલિકાઓના જિલ્લા આરોગ્ય અધિકારી સહિત સંબંધિતોને કન્ઝક્ટિવાઈટિસને લગતી તમામ દવાઓ અને આંખના ટીપાનો જથ્થો જરૂરી પ્રમાણમાં રાખવા માટે સૂચના આપવામાં આવી છે. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, જિલ્લા પંચાયત પાસેથી જિલ્લાની સીએચસી સહિતની સંકલિત માહિતી આરોગ્ય વિભાગે મંગાવી છે. જ્યારે બીજા શહેર વડોદરાની વાત કરીએ તો કન્ઝક્ટિવાઈટિસના દર્દીઓની સંખ્યામાં નોંધાયેલા વધારાના લીધે તેની દવા માટે વપરાતા આંખના ટીપાના વેચાણમાં પણ ૨૦ ટકાનો વધારો નોંધાયો છે. આંખની દવાની ટીમપાની કિંમત રૂપિયા ૫૫ થી ૧૯૫ સુધીની છે. ભેજવાળા વાતાવરણમાં વાઈરલ કન્ઝક્ટિવાઈટિસ ઝડપથી ફેલાય છે. આ રોગ પાંચ દિવસમાં આપોઆપ મટી જાય છે પરંતુ આંખના દુઃખાવો અન્ય ઈન્ફેક્શન લાગુ પડી જતુ હોવાથી દવાની જરૂર પડતી હોય છે. પરંતુ આ ઈન્ફેક્શન બીજાથી ત્રીજા વ્યક્તિ સુધી ના ફેલાય તેના માટેની સંપુર્ણ કાળજી રાખવાની જરૂર છે અને તેના માટેના તમામ પ્રયત્નો કરવાની પણ જરૂર છે. હાલમાં જોતા જ આ ઈન્ફેક્શનના લીધે નાના ભુલકાઓ માટે આ એક શાપ સમાન સાબિત થયેલ છે કારણ કે, નાના બાળકો, સ્કુલના બાળકો આવા આંખોના ઈન્ફેક્શનના લીધે હેરાન પરેશાન થઈ રહ્યા છે. દુખાવો સતત વધતા તેઓ હેરાન છે. અને આંખના ટીપાઓ વધારે થી વધારે વેચાણ થવાથી મેડીકલ સ્ટોર ઉપર અને હોસ્પિટલ ખાતે ભીડ જોવા મળે છે. હાલ કાળજી એટલી જ રાખવી જરૂરી છે કે, જાહેર જગ્યા ઉપર જવાનો ટાળો અને ઈન્ફેક્શનથી વધારે બીવાની જરૂર નથી...

# સ્વભાવમાં સરળતા આવે, બુદ્ધિમાં સમજણ આવે અને શરીરમાં સહનશીલતા વધે મર્યાદા અને શીલ મુજબ જીવાય ત્યારે સમજવું કે રાજા દશરથના આંગણાનો એ શ્રીરામ આપણા હૃદયમાં જન્મી ચૂક્યો છે



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)



હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. રવિ પછી સોમ અને સોમ પછી મંગળ, આમ સમયની ગતિ નિરંતર ચાલે રાખે છે, પણ હમણાં હમણાં સનાતન ધર્મની મહત્તા વધારવા કોઈ ને કોઈ ન્યુઝ ને ચગાવવા માં આવે છે, પરંતુ શું એવું જાણી લેવાથી કે માની લેવાથી આપણી સંસ્કૃતિ ઉજાગર થશે ખરી? સંસ્કૃતિ તો આપણે તેનું આચરણ કરીશું તો જ ઉજાગર થશે! એ વાત નિશ્ચિત છે, અને આજે પણ સંસ્કૃતિ ના મુલ્ય સમજાય તો હજી પણ મોડું નથી થયું. ઈતિહાસમાં પણ એવા ઘણા પાત્રો છે, એમને એમના સમયમાં કોઈ જાતની ખ્યાતિ, પ્રસિદ્ધિ, કે માન, મળ્યું નહીં છતાં, તેમણે પોતાનું કર્તવ્ય સમજી સમાજ તરફ કરુણા દૃષ્ટિ રાખી અને તેના ઉદ્ધાર માટેના કાર્યો કર્યા. આપણે રામાયણના મુખ્ય મુખ્ય પાત્ર, અને પુરતો ન્યાય ન થયો હોય એવા પાત્રો વિશે ચિંતન કરીશું. તો આજે આપણે સુપ્રસિદ્ધ રાજા દશરથ વિશે ચરિત્રની ઓળખ માં વાત કરીશું.

રામાયણ વિશે થોડું પણ જાણનારા સૌ કોઈ જાણતા હશે કે રાજા દશરથ ભગવાન શ્રી રામના પિતા હતાં. પરંતુ એનાથી વધુ સુંદર એનો ઈતિહાસ છે, જે આપણને એમના તરફ આકર્ષિત કરે છે. આપણે સૌ રામરાજ્ય રામરાજ્ય ની વાતો કરીએ છીએ, પરંતુ હકીકતમાં દશરથ રાજા પણ પ્રજાપ્રિય હતાં અને તે પણ પોતાના રાજ્યની પ્રજાની સુખાકારી માટે સતત પ્રયત્નશીલ રહેતા હતા, અને એટલે જ પિતાના લક્ષણ પુત્રમાં આવ્યા,અને તેમણે પણ પોતાના શાસનકાળ દરમિયાન પ્રજાની સુખાકારી પર ભાર મુકયો, તો ચાલો રાજા દશરથ વિશે થોડું જાણીએ.

ત્રેતાયુગમાં એટલે કે નવ હજાર વર્ષો પૂર્વે ગંગા નદીની ઉત્તર દિશામાં વહેતી સરયૂ નદીના કિનારે કૌશલ નામનું વિશાળ રાજ્ય હતું. તે ધન-ધાન્યથી ભરપૂર, સુખી અને સમૃદ્ધ હતું. અયોધ્યા તેની રાજધાની હતી, ત્યાં રાજા દશરથ રાજ્ય કરતા હતા. સૂર્ય ભગવાનના વંશજ અને દશરથના પૂર્વજ મનુએ અયોધ્યાનગરી વસાવી હતી. મનુનો વંશ ઈક્ષ્વાકુ વંશ, સૂર્યવંશ અને રઘુવંશના નામથી ઓળખાતો હતો. આ વંશમાં મનુ, સગર, રઘુ, દિલીપ અને અજ જેવા પ્રતાપી રાજાઓ થઈ ગયા હતા. અજ અને વિદર્ભ ના રાજાની પુત્રી ઈન્દુમતીના પુત્ર એટલે રાજા દશરથ. રાજા દશરથ વિદ્વાન, નીતિવાન, બુદ્ધિમાન અને શૌર્યવાન હતા. તે એકલે હાથે દસ હજાર મહારથીઓને હરાવી શકતા, તેથી તેમને 'અતિરથી' તરીકે પણ ઓળખવામાં આવતા હતા. એમની પાસે ધનના દેવતા કુબેર જેટલી સંપત્તિ હતી.એમનાં અમાપ બળ, બુદ્ધિ અને સમૃદ્ધિને કારણે તે ત્રણેય લોકમાં પ્રસિદ્ધ હતા. તે પ્રજાની સુખાકારીનું હંમેશાં ધ્યાન રાખતા, તેથી અયોધ્યાની પ્રજા એમને ખૂબ ચાહતી હતી. દશરથના રાજ્યમાં એક પણ નાગરિક દુઃખી કે નિર્ધન નહોતો. ધૃષ્ટ, જયંત, વિજય, સુરાષ્ટ, રાષ્ટવર્ધન, અકોપ, ધર્મપાલ અને સુમંત્ર એ આઠ બુદ્ધિશાળી મંત્રીઓ દશરથ રાજાને રાજ્ય વહીવટમાં મદદ કરતા હતા. સુમંત્ર અર્થશાસ્ત્રના વિદ્વાન હતા.સુયજ્ઞ, જાબાલિ, કશ્યપ, ગૌતમ, માર્કણ્ડેય અને કાત્યાયન જેવા ઋષિઓ પણ રાજાના મંત્રીમંડળમાં સામેલ હતા. આ બધા મંત્રીઓ શત્રુપક્ષના રાજાઓની રોજેરોજની હિલચાલો ઉપર સતત નજર રાખતા હતા. આ બધા મંત્રીઓની કાબેલિયત, વિદ્વત્તા અને ન્યાયપરાયણતાને લીધે દશરથ રાજા સુખ, સંપત્તિ અને ઐશ્ર્વર્ય ભોગવી રહ્યા હતા.મહર્ષિ વસિષ્ઠ અને વામદેવ દશરથ રાજાના મુખ્ય રાજપુરોહિતો હતા.આ બધી માહિતી તો ઈતિહાસ મુજબ છે, જે સૌ કોઈ પ્રાપ્ત કરી શકે, પરંતુ એ ભગવાન શ્રી રામના પિતા કંઈ રીતે બન્યા એ જોઈએ.

આ ઉપરાંત રાજા દશરથને પરિવારમાં મુખ્ય ત્રણ રાણી હતી કૌશલ્યા, કૈકેયી, અને સુમિત્રા. રાજા દશરથને સંતાનમાં એક પુત્રી થઈ હતી અને તેનું નામ શાંતા હતું, પરંતુ પુત્ર નહોતાં, અને એની વ્યાધિ તેને કોરી ખાતી હતી કે, મારી પછી, મારા આવડાં મોટા સમૃદ્ધ રાજ્ય ની રાજગાદી પર કોણ રાજ્ય કરશે? જોકે રામાયણમાં પુત્રી વિશેનો કોઈ ઉલ્લેખ મળતો નથી. આ વ્યાધિ તેમને પોતાના કુલગુરુ વશિષ્ઠ ઋષિ ને જણાવી અને તેમણે તેને પ્રથમ અશ્વમેઘ યજ્ઞ કરવાનું સૂચન કર્યું, અને રાજાએ અશ્વમેઘ યજ્ઞ કર્યો એક વર્ષ બાદ અશ્વ ભારત પાછો ફર્યો અને ત્યારબાદ પુત્રકામેષ્ટિ યજ્ઞ નો પ્રારંભ કર્યો રાજાએ તેના કુલગુરુ ઋષિ વસિષ્ઠના કહેવા અનુસાર પોતાના જ જમાઈ એવા ઋષિ ઋષ્યશૃગ એટલે કે શૃંગી ઋષિ, જે આ યજ્ઞના જાણકાર હતા, અને ખૂબ મોટી યજ્ઞશાળા બનાવી, કેટલા બધા ઋષિ મુની ઓને આમંત્રણ અપાયું, અને એમની હાજરીમાં યજ્ઞમાં આહુતિ આપવામાં આવી.યજ્ઞના અંતે સાક્ષાત અગ્નિદેવ હાથ માં ચરુ લઈને પ્રગટ થયા. આ કથાનકથી આપણે સૌ પરિચિત છીએ, અને ત્યારબાદ એ પ્રસાદનું પોતાની રાણીઓ માં વિભિન્ન રીતે વિભાજન કર્યું. ત્રણે રાણીઓ એ પ્રસાદનો ભાવ પૂર્વક સેવન કર્યું, અને સમયાંતરે ત્રણે ને ત્યાં ચાર પુત્રોનો જન્મ થયો, જે અનુક્રમે રામ, ભરત, લક્ષ્મણ, અને શત્રુઘ્ન નામે ઓળખાયા.

કથાનક પરથી આપણે જોઈ શકીએ છીએ, કે રાજા દશરથ અત્યંત શક્તિશાળી અને બુદ્ધિશાળી પ્રતિભા ધરાવતા હતાં, તેમણે પોતાના સમયકાળ દરમિયાન ઈન્દ્ર સાથે ભીષણ યુદ્ધ કર્યું હતું, અને એમાં પણ તેમને વિજય પ્રાપ્ત કર્યો હતો, અને ત્યારે જ રાણી કૈકેયી એ તેમને આ યુદ્ધ વિજયમાં મદદ કરી હતી. તો આટલી મોટી પ્રસિદ્ધિ પામનારા પણ વિધિના લેખ પોતાની રીતે મીટાવી શક્યા નહીં, અને છેક પાછલી અવસ્થામાં પુત્રો પ્રાપ્ત થયાં. રામ નેં કેવળ સંતાન તરીકે ન જોઈએ તો, રામ તત્વ પ્રાપ્ત કરવા માટે ઉંમરનું બંધન નડતું નથી એવું પણ એ પરથી ચિંતન કરી શકાય,અને એજ સાચું છે. ઉંમરની અવસ્થા આવે ત્યારે ઈન્દ્રિયો શિથિલ થઈ જાય, અને શરીર પોતાનું ધાર્યું કાર્ય કરી શકે નહીં, ત્યારે પીડા થાય. કોઈવાર સમય હતો ત્યારે ન કર્યું તેનો પસ્તાવો પણ થાય, અને સતત જવાબદારીમાં કોઈ વસ્તુ ભોગવી ન શક્યા હોય તો એનો રંજ પણ થાય,ત્યારે અંતરમાં રામ તત્વ જન્મે તો જીવન સંભળી જાય. જોકે રામ તત્વ જન્મવા માટે અવસ્થા થવી એવી કોઈ જરૂરત નથી,એ તો ગમે તે ઉંમરે જન્મે શુભ મંગલકર્તા જ છે. પરંતુ એક વાત થવી બહુ જરૂરી છે, અને એ છે ગ્લાનિ! એટલે કે પીડા, જે ઘણીવાર પસ્તાવા રૂપે પણ થઈ શકે, કે અરરર આ મેં શું કર્યું? અરરરર સમય ચાલ્યો ગયો અને મેં કંઈ ન કર્યું! કે પછી શું હું આમ જ ચાલ્યો જઈશ! પીડા એટલે હાથ પગ માથું દુખે અને થાય, માત્ર એને જ પીડા કહેવાતી નથી. ક્યારેક-ક્યારેક તો એનાથી પણ વધુ પીડા માનવી અનુભવતો હોય છે, અને એમાં પણ જ્યારે સંબંધોમાં વિશ્વાસ ઘાત કે દગો થાય, ત્યારે તો અત્યંત પીડા થાય છે. શરીરના કોઈપણ અંગ પરનો ઘાવ, દવા અને મલમ થી સમયે રુઝાઈ જાય છે, પરંતુ આવી પીડા તો રામ તત્વના અંતરમાં જન્મ થયા વગર કયારેય મટતી નથી. મોટેભાગે અંતરમાં રામ તત્વ પ્રગટ થયું છે, કે નહીં! તેનો અનુભવ સ્વભાવમાં સરળતા આવે, બુદ્ધિમાં સમજણ આવે ,અને શરીરમાં સહનશીલતા વધે, આ ઉપરાંત મર્યાદા અને શીલ મુજબ જીવાય ત્યારે સમજવું કે રાજા દશરથના આંગણાનો એ શ્રીરામ આપણા હૃદયમાં જન્મી ચૂક્યો છે. તો પરબ્રહ્મ સ્વરૂપે શ્રી રામ ના પિતા દશરથ એ રામના જન્મ માટે અનિવાર્ય કહી શકાય, એવું રામાયણનું પાત્ર છે. કારણકે જો એને ગ્લાનિ ન થઈ હોત તો પ્રભુ શ્રી રામનો જન્મ થયો ન હોત! એટલે રામાયણમાં રાણી કરતા પણ રાજા દશરથની ગ્લાનિ રામ જન્મ માટે વધુ કારણભૂત છે, એવું કહી શકાય.

# સ્થુળતા વૈશ્વિક સમસ્યા બની ચુકી

તાજેતરના સમયની લાઈફસ્ટાઈલના કારણે કેટલીક બિમારી સીધી રીતે આવી રહી છે. જેના કારણે અન્ય બિમારીને પણ આમંત્રણ મળી રહ્યુ છે. હાલની ભાગદોડની લાઈફસ્ટાઈલના કારણે સ્થુળતા એક જટિલ સમસ્યા તરીકે ઉભરી રહી છે. સમયના અભાવના કારણે અનિયમિત ભોજન, વધુ પ્રમાણમાં જંક ફુડ ખાવા જેવી ટેવના કારણે સ્થળુતાથી તમામ લોકો ગ્રસ્ત થઈ રહ્યા છે. હાલમાં જ કરવામાં આવેલા અભ્યાસમાં એવું પણ જાણવા મળ્યું છે કે બ્લડપ્રેશર અને ડાયાબિટીશ થવા માટેના મુખ્ય કારણોમાં સ્થૂળતા સૌથી મુખ્ય કારણ છે. દેશમાં પાંચ પૈકી એક વ્યક્તિ ડાયાબિટીશ અને હાઈપરટેન્શનથી પરેશાન છે તેવા અહેવાલ બાદ આ અભ્યાસમાં એવું પણ જાણવા મળ્યું છે કે બ્લડપ્રેશર અને ડાયાબિટીશ થવા માટે મુખ્ય કારણ સ્થૂળતા છે. સ્થૂળતા જ આ મુખ્ય બિમારીઓને આમંત્રણ આપે છે. સાઈટના અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે લોકો નિયમિતપણે તેમના સુગર અથવા તો બ્લડપ્રેશર ઉપર નજર રાખતા નથી. અભ્યાસમાં સૂચન કરવામાં આવ્યું છે કે ત્રણ મહત્વપૂર્ણ પરિબળો છે જેના ટેસ્ટ નિયમિતગાળામાં થાય તે જરૂરી છે. આમા જણાવવામાં આવ્યું છે કે સુગર અને બ્લડપ્રેશર નિયમિતપણે ચકાસવામાં આવે તે જરૂરી છે. અભ્યાસમાં ખૂબ ઓછા લોકો આ ધારાધોરણ પાળી રહ્યા હોવાની બાબત જાણવા મળી છે. મહારાષ્ટ્રમાં મુંબઈ, પૂણે, સહિતના મોટા શહેરોમાં રહેતા લોકોની લાઈફસ્ટાઈલને આવરીને અભ્યાસની કામગીરી હાથ ધરવામાં આવી હતી. અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે જે રીતે મહિલાઓમાં સ્થૂળતા ઘણી બિમારીઓને આમંત્રણ આપે છે તેવી જ રીતે ઓછુ વજન પણ ઘણી બિમારીઓને આમંત્રમ આપે છે. આનો મતલબ એ થયો કે, સ્થૂળતા અને વધારે પડતુ ઓછુ વજન બંને ખતરનાક છે. જેથી મહિલાઓને પોતાના વજન બોડી માસ ઈન્ડેક્સ (બીએમઆઈ)મુજબ રાખવા તબીબો સલાહ આપે છે. બીએમઆઈ દરેક વ્યક્તિની હાઈટ અને વજન ઉપર આધારિત હોય છે. બોડી માસ ઈન્ડેક્સ અને અન્ય અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે, ૪ ફુટ ૧૦ ઈંચની લંબાઈ ધરાવતી મહિલાઓનું વજન આદર્શ રીતે ૪૯-૫૪ કિલો, પાંચ ફુટની મહિલાઓનું વજન ૫૧-૫૭ કિલોગ્રામ હોવું જોઈએ. આવી જ રીતે મહિલાઓમાં પાંચ ફુટ એક ઈંચની લંબાઈ ધરાવતી મહિલાઓનું વજન ૫૨-૫૮ હોવું જોઈએ. વજન અને હાઈટ બંનેની ગણતરી સમતુલીત પણે કરવામાં આવે તે જરૂરી છે. ભારતીય તબીબ ડો. રચના ઝાલાએ કહ્યું છે કે, સ્થૂળતા અને વધારે પડતુ વજન સ્વાસ્થ્ય માટે ખતરનાક છે. સ્થૂળતાને કારણે એકબાજુ ડાયાબિટીસ, હાર્ટ સાથે સંબંધિત તકલીફ ઉભી થાય છે. બીજી બાજુ ડાઈટીંગ અને વધારે પડતું વજન ઉતારનાર મહિલાઓમાં પણ ઘણી બિમારીઓ ઘર કરી શકે છે. આધુનિક સમયમાં યુવતીઓ આકર્ષક દેખાવા માટે જીરો ફિગર મેળવવા પ્રયાસ કરે છે. જે ખતરનાક સાબિત થઈ શકે છે. અમેરિકામાં હાલમાં જ કરવામાં આવેલા એક નવા અભ્યાસમાં એવું રસપ્રદ તારણ સપાટી ઉપર આવ્યું છે કે બાળકોને ઘરે જમવા માટે કોણ બનાવી આપે છે તેના સીધા સંબંધ તેના આરોગ્ય સાથે સંકળાયેલા છે. અભ્યાસમાં જાણવા મળ્યું છે કે ઘરમાં માતા દ્વારા બનાવવામાં આવતી ખાવા-પીવાની ચીજવસ્તુ બાળકોને સ્થૂળતાથી ઘટાડવામાં ચાવીરૂપ ભૂમિકા ભજવે છે. સ્થૂળતા અને બાળકોને ઘરમાં બનાવી આપવામાં આવતી ચીજવસ્તુ વચ્ચે સીધો સંબંધ રહેલો છે.

# અલખધણીની આરતીને રૂડા ચમર ઢોળાય, નર નકળંગની આરતીને રૂડા ચમર ઢોળાય



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા

બાબા રામદેવજી રાજસ્થાનના પ્રખ્યાત લોક દેવતા છે. રુનીચા જેસલમેરમાં બાબાનું એક વિશાળ મંદિર છે જ્યાં દૂર-દૂરથી ભક્તો તેમને પ્રણામ કરવા આવે છે. રામદેવજી સાંપ્રદાયિક સૌહાર્દ અને શાંતિના પ્રતિક છે. બાબાનો અવતાર વી.એસ. ૧૪૦૯માં ભાદ્રપદ શુક્લ દુજના દિવસે તોમર વંશના રાજપૂત અને રુનીચાના શાસક અજમલજીનો જન્મ થયો હતો.

તેની માતાનું નામ મૈનાડે હતું. બાબાનો સંબંધ વંશ સાથે હતો પરંતુ તેણે પોતાનું આખું જીવન દલિત, ગરીબ અને પછાત લોકો માં વિતાવ્યું. તેમણે રિવાજો અને અસ્પૃશ્યતાનો વિરોધ કર્યો.

ભક્તો તેમને પ્રેમથી રામાપીર અથવા રામસા પીર પણ કહે છે. બાબાને શ્રી કૃષ્ણનો અવતાર માનવામાં આવે છે. તેમને હિન્દુ- મુસ્લિમ એકતાનું પ્રતિક પણ માનવામાં આવે છે. ભક્તોની લોકો વચ્ચે ખર્ચવામાં આવે છે. તેમણે રિવાજો અને અસ્પૃશ્યતા નો વિરોધ કર્યો.વિરોધ કર્યો.

ભક્તો તેમને પ્રેમથી રામાપીર અથવા રામ સા પીર પણ કહે છે. બાબાને શ્રી કૃષ્ણનો અવતાર માનવામાં આવે છે. તેમને હિન્દુ- મુસ્લિમ એકતાનું પ્રતિક પણ માનવામાં આવે છે. તેમના પ્રત્યે ભક્તોની ભક્તિ એટલી બધી છે કે પાકિસ્તાનથી પણ મુસ્લિમ શ્રદ્ધાળુઓ તેમને નમન કરવા માટે ભારત આવે છે.

કેટલાક વિદ્વાનો માને છે કે બાબાનો અવતાર વી.એસ. ૧૪૦૯ માં -બાડમેરમાં થયું. તેમણે રૂનીચા ખાતે સમાધિ લીધી, પરંતુ બાબાના ભક્તો માટે તેમની કૃપા ઈતિહાસમાં આ તારીખો કરતાં પણ વધુ મહત્ત્વની છે. આજે પણ અહીં બાબાની પૂજા કર્યા વિના શુભ કાર્ય અધૂરા છે.

બાબાનો ઈતિહાસ રામદેવજી) કહેવાય છે કે જ્યારે રામદેવજીના ચમત્કારોની ચારેબાજુ ચર્ચા થવા લાગી ત્યારે મક્કા (સાઉદી અરેબિયા)થી પાંચ પીર તેમની તપાસ કરવા આવ્યા. તેઓ તેને ચકાસવા માંગતા હતા કે રામદેવ વિશે જે કહેવામાં આવી રહ્યું છે તે સાચું છે કે ખોટું?

બાબાએ તેમનું સન્માન કર્યું. જમતી વખતે તેમના માટે ધાબળો પથરાયો ત્યારે એક પીરે કહ્યું કે, અમે મક્કામાં જ અમારો વાટકો ભૂલી ગયા છીએ. તે વિના અમે તમારું ભોજન લઈ શકતા નથી. આ પછી બધા પીરોએ કહ્યું કે તેઓ પણ પોતાના કટોરામાં ખાવાનું પસંદ કરશે.

જો તમે મક્કામાં જ તમારી ખંજર ભૂલી જાઓ છો, તો અમે તેના વિના તમારો ખોરાક લઈ શકતા નથી. આ પછી બધા પીરોએ કહ્યું કે તેઓ પણ પોતાના કટોરામાં ખાવાનું પસંદ કરશે.રામદેવજીએ કહ્યું, આતિથ્ય અમારી પરંપરા છે. અમે તમને નિરાશ નહીં કરીએ. તમારા વાસણમાં ભોજન રાખવાની તમારી ઈચ્છા પૂરી થશે.

આમ કહીને બાબાએ રૂનીચાને તે બાઉલ જાહેર કર્યા જે મક્કામાં પાંચ પીર દ્વારા ઉપયોગમાં લેવાતા હતા. આ જોઈને પણ તેઓ બાબાની શક્તિ સામે નતમસ્તક થઈ ગયા અને તેમણે બાબાને પીર ના પીરનું બિરુદ આપ્યું.

ભૈરવ નામનો રાક્ષસ પોકરણમાં ભયનો માહોલ સર્જાયો હતો. આ ઘટનાનો ઉલ્લેખ પ્રખ્યાત ઈતિહાસકાર મુન્તા નેન્સીના પુસ્તક 'મારવાડ રા પરગણા રી વિગત'માં કરવામાં આવ્યો છે. આ રાક્ષસ સૂંઘીને મનુષ્યને મારી નાખતો હતો. આ રાક્ષસ બાબાના ગુરુ બલિનાથજી ની મક્કમતાથી ડરી ગયો હતો, પરંતુ તેમ છતાં તેણે આ વિસ્તારને નિર્જીવ બનાવી દીધો હતો. અંતે બાબા રામદેવજી બલિનાથજી ધૂળમાં સંતાઈને બેઠા. જ્યારે ભૈરવ રાક્ષસે આવીને ગધેડો ખેંચ્યો, ત્યારે અવતારી રામદેવજીને જોઈને તેઓ પીઠ બતાવીને દોડવા લાગ્યા અને કૈલાસ ટેકરી પાસેની ગુફામાં પ્રવેશ્યા. જ્યારે રામદેવજી એ તેમને ઘોડા પર બેસીને મારી નાખ્યા. જોકે કેટલાક લોકોનું માનવું છે કે તેણે હાર સ્વીકારીને આત્મસમર્પણ કર્યું હતું. બાદમાં બાબાના આદેશ મુજબ તેઓ મારવાડથી નીકળી ગયા હતા.

એક ગામમાં દલાજી નામનો એક શાહુકાર રહેતો હતો. તેની પાસે ઘણી સંપત્તિ હતી, પરંતુ તેને કોઈ સંતાન ન હતું. એક સાધુના કહેવાથી તેણે રામદેવજીની પૂજા શરૂ કરી. તેણે પોતાની ઈચ્છા જણાવી કે જો મને પુત્ર મળશે તો હું મારી ક્ષમતા મુજબ મંદિર બનાવીશ. આ મનુતિના નવ મહિના પછી તેની પત્નીના ગર્ભમાંથી પુત્રનો જન્મ થયો. જ્યારે તે બાળક પાંચ વર્ષનો થયો, ત્યારે શેઠ અને સેઠાણી તેમની સાથે થોડી સંપત્તિ અને સંપત્તિ લઈને રુનિચા જવા માટે નીકળ્યા. રસ્તામાં એક લૂંટારાએ પણ રૂનીચાને જોવા જવાનું કહીને તેની સાથે થયું. થોડીવાર ચાલ્યા પછી રાત પડી ગઈ અને તક મળતાં જ લૂંટારાએ પોતાનું અસલી રૂપ જાહેર કર્યું. તેણે ખંજર બતાવીને શેઠને ઊંટને બેસાડવાનું કહ્યું અને તેણે શેઠની બધી સંપત્તિ હડપ કરી લીધી. જતી વખતે તેણે શેઠની ગરદન પણ કાપી નાખી. રાત્રે તે નિર્જન જંગલમાં, શેઠાણીએ તેના બાળક સાથે વિલાપ કરતા રામદેવજીને બોલાવવાનું શરૂ કર્યું. અબલાનો પોકાર સાંભળીને રામદેવજી તરત જ પોતાના વાદળી ઘોડા પર સવાર થઈને ત્યાં આવ્યા. માટે છોડી રસ્તામાં એક લૂંટારુ પણ તેમની સાથે જોડાયો કે તે પણ રૂનીચાને જોવા જવાનું છે. થોડીવાર ચાલ્યા પછી રાત પડી ગઈ અને તક મળતાં જ લૂંટારાએ પોતાનું અસલી રૂપ જાહેર કર્યું. તેણે ખંજર બતાવીને શેઠને ઊંટને બેસાડવાનું કહ્યું અને તેણે શેઠની બધી સંપત્તિ હડપ કરી લીધી. જતી વખતે તેણે શેઠની ગરદન પણ કાપી નાખી. રાત્રે તે નિર્જન જંગલમાં, શેઠાણીએ તેના બાળક સાથે વિલાપ કરતા રામદેવજીને બોલાવવાનું શરૂ કર્યું. અબલાનો પોકાર સાંભળીને રામદેવજી તરત જ પોતાના વાદળી ઘોડા પર સવાર થઈને ત્યાં આવ્યા. તે આવતાની સાથે જ રામદેવજીએ તે અબલાને તેના પતિનું કપાયેલું માથું તેની ગરદન સાથે જોડવા કહ્યું. શેઠાણીએ આમ કર્યું એટલે માથું જોડાયું અને તરત જ દલાજી જીવમાં આવી ગયા. બાબાનો આ ચમત્કાર જોઈને શેઠ અને શેઠાણી બંને બાબાના પગે પડ્યા. બાબાએ તેમને 'સદા સુખમય'ના આશીર્વાદ આપ્યા અને અદૃશ્ય થઈ ગયા. બસ એ જ જગ્યાએ દલાજીએ બાબાનું ભવ્ય મંદિર બનાવ્યું. કહેવાય છે કે આ બાબાનો ભ્રમ હતો.

# બુલેટ ટ્રેનને લઇને લાભ નુકસાન

આંતરરાષ્ટ્રીય આર્થિક સલાહકારો દ્વારા તૈયાર કરવામાં આવેલા રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે ભારતમાં બુલેટ ટ્રેન પર ખર્ચ ૨૫૦ કરોડ રૂપયા પ્રતિ કિલોમીટરની આસપાસ થવાની શક્યતા દેખાઈ રહી છે. આશરે ૪૧૫ કિલોમીટર લાંબા મુંબઈ અને અમદાવાદ રૂટ પર ખર્ચનો આંકડો આશરે એક લાખ કરોડ રૂપિયાની આસપાસ રહેવાની શક્યતા છે. આ માર્ગ પર યાત્રી ભાડુ આશરે ૩૦૦૦ રૂપિયા રહેવાની શક્યતા છે. હાલમાં ભાડા અને ખર્ચને લઈને ગણતરી ચાલી રહી છે. આર્થિક રીતે બુલેટ ટ્રેન એક વખતે જ લાભનો સોદો થશે ત્યારે મોટી સંખ્યામાં લોકો સમગ્ર દિવસ દરમિયાન ટ્રેનમાં મુસાફરી કરશે. જ્યારે મુંબઈ-અમદાવાદ વચ્ચે વિમાનીભાડુ બે હજાર રૂપિયા છે ત્યારે કેટલા લોકો એવા હશે જે ત્રણ હજાર રૂપિયા ખર્ચ કરીને બુલેટ ટ્રેનથી યાત્રા કરવાનુ પસંદ કરશે. બુલેટ ટ્રેન પ્રોજેક્ટ પર હાલમાં કામ ચાલી રહ્યુ છે. આ કામ ઝડપથી આગળ પણ વધી રહ્યુ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આને ડ્રીમ પ્રોજેક્ટ તરીકે ગણવામાં આવે છે. આ રૂટ પર યાત્રી ભાડુ ૩૦૦૦ રાખવાની હિલચાલ ચાલી રહી છે. આર્થિક રીતે તેનાથી ફાયદો થશે કે કેમ તેની ચર્ચા હાલમાં લાંબા સમય સુધી રહી શકે છે. વિમાની યાત્રા માટેનુ ભાડુ પણ આ ટ્રેનના ભાડા કરતા ઓછુ છે ત્યારે આ ટ્રેનમાં મુસાફરી કોણ કરશે તે મોટો પ્રશ્ન છે. સામાન્ય રીતે વિકસિત દેશોમાં અને કેટલાક વિકાસશીલ દેશોમાં બુલેટ ટ્રેન એ વખતે સફળ રહી છે જ્યારે તેમાં દિવસ દરમિયાન વધારે સંખ્યામાં યાત્રી યાત્રા કરે છે. સાથે સાથે યાત્રી ભાર એટલો હોય કે દર ૧૦ મિનિટમાં એક ટ્રેન દોડાવવામાં આવે તો આ પ્રોજેક્ટને સફળ ગણી શકાય છે. સાથે સાથે ભાડુ પણ ઓછુ હોય તો તેને વધારે સફળતા મળી શકે છે. જાપાનની બુલેટ ટ્રેન સેવા ટોકિયો અને ઓસાકા વચ્ચે ચાલે છે. ભારે વસ્તી ધરાવતા આ ક્ષેત્રમાં બનાવવામાં આવેલી આ સુવિધા ઉપયોગી સાબિત થઈ રહી છે. અહીં સાડા ચાર કરોડથી વધારેની વસ્તી છે. ટોકિયો અને ઓસાકા વચ્ચે અંતર ૫૧૫ કિલોમીટર છે. જેને બુલેટ ટ્રેન ત્રણ કલાકના સમયમાં કાપે છે. સાથે સાથે વચ્ચે માત્ર બે સ્ટેશન પર રોકાય છે. ટ્રેનની ગતિ ૩૨૦ કિલોમીટર પ્રતિ કલાકની છે. દરેક ટ્રેનમાં ૧૬ બોગી છે. ૧૩ ટ્રેનો દર કલાકે ચાલી રહી છે. યુરોપમાં પણ વધારે વસ્તી ધરાવતા ક્ષેત્રોમાં વિમાની ભાડાની તુલનામાં બુલેટ ટ્રેન ભાડુ ઓછુ હોવાના કારણે બુલેટ ટ્રેનમાં મુસાફરી કરવાનુ લોકો પસંદ કરે છે. દક્ષિણકોરિયામાં શિયોલ અને બુસાન વચ્ચે બુલેટ ટ્રેન દોડે છે. આ ટ્રેનમાં ૭૦ ટકા યાત્રી મુસાફરી કરે છે. ફ્રાન્સીસી હાઈ સ્પીડ રેલ પેરિસ અને લિયો લાઈન પર શરૂ કરવામાં આવી છે. આ માર્ગ ૪૫૦ કિલોમીટર વચ્ચે છે. મુખ્ય રીતે પરમાણુ ઉર્જા પર આધારિત હોવાના કારણે બુલેટ ટ્રેન અપેક્ષા કરતા સસ્તી છે. ફુકુસીમા હોનારત પહેલા જાપાનમાં પણ બુલેટ ટ્રેન પરમાણુ ઉર્જા પર આધારિત હતી. અમેરિકામાં પણ લોસ એન્જલસ અને સેન ફ્રાન્સીસકો વચ્ચે બુલેટ ટ્રેન ચાલે છે. જો કે ૫૮ અબજ અમેરિકી ડોલરની જંગી રકમ ખર્ચ કરવા માટે સેનેટે મંજુરી આપી ન હતી. સ્પેન અને આર્જેન્ટિનામાં પણ વધતી જતી બેરોજગારી વચ્ચે આ યોજનાને મંજુરી મળી શકી નથી. શુ ભારતમાં આ પ્રકારની સમસ્યાને ઉકેલી લેવામાં આવી છે. જ્યાં માનવી અને પશુ રેલવે લાઈનમાં ઘુસી જાય છે.

# વાણી એ માનવીની ઓળખ છે



એક સમયે, એક રાજ્યનો રાજા હતો. તેને શિકારનો ખૂબ શોખ હતો. એક દિવસ રાજા તેના સરદાર અને કેટલાક સૈનિકો સાથે શિકાર માટે જંગલ તરફ ગયો. તે શિકારની શોધમાં દૂર ગયો. લાંબા અંતર સુધી ચાલ્યા પછી દરેકને તરસ લાગવા લાગી. બધાએ જંગલમાં પાણીની શોધ શરૂ કરી. પછી એક સૈનિકે રસ્તામાં એક કૂવો જોયો. સૈનિકે રાજાને કહ્યું કે એક કૂવો છે જ્યાંથી આપણે આપણી તરસ છીપાવી શકીશું. રાજાએ સૈનિકને આદેશ આપ્યો ત્યાંથી તેના માટે પાણી લાવવાનું. સૈનિકે રાજાના આદેશનું પાલન કર્યું અને તે કૂવામાં ગયો. ત્યાં સૈનિકે જોયું કે એક અંધ વૃદ્ધ માણસ રસ્તા પરથી પસાર થતા લોકોની સેવા કરી રહ્યો છે. સૈનિક અંધ વૃદ્ધ માણસ પાસે ગયો અને કહ્યું, ''એ પનિહારે, મને પાણીની બોટલ આપો, અમને વધુ દૂર જવાનું છે.'' આ સાંભળીને વૃદ્ધે જવાબ આપ્યો, ''મૂર્ખ, અહીંથી નીકળી જા, હું આવા લોકોને પાણી આપતો નથી.'' આ સાંભળીને સૈનિક તરત જ ત્યાંથી ચાલ્યો ગયો. સૈનિકે જઈને રાજાના સરદારને આ વાત કહી. પછી સરદાર અંધ વૃદ્ધ માણસ પાસે ગયા અને કહ્યું, ''ઓ વૃદ્ધ, અમે તરસ્યા છીએ, મને થોડું પાણી આપો.'' આ સાંભળીને અંધ વૃદ્ધે ફરી પ ાણી પીવળવા ની ના પાડી. રાજાની તરસ વધી રહી હતી. જ્યારે રાજાએ તેના સરદારને પાણી વિશે પૂછ્યું ત્યારે સરદારે રાજાને કહ્યું કે કૂવામાં એક અંધ માણસ છે જે પાણી પીવાની ના પાડી રહ્યો છે. આ સાંભળીને, રાજા તેના સૈનિક અને સરદાર સાથે અંધ વૃદ્ધ માણસ પાસે જાય છે અને વૃદ્ધ માણસને કહે છે, ''બાબા જી, અમે ખૂબ તરસ્યા છીએ, અમારું ગળું સુકાઈ રહ્યું છે. જો તમે મને થોડું પાણી આપો તો તમને ખૂબ આશીર્વાદ મળશે. ''આ સાંભળીને આંધળા માણસે રાજાને કહ્યું, ''બેસો, હવે હું તમને પાણી આપીશ.'' પછી વૃદ્ધ માણસે આદરપૂર્વક રાજાને બેસાડીને પાણી પીવડાવ્યું. પાણી પીધા પછી રાજાએ વૃદ્ધને પૂછ્યું કે ''તમને કેવી રીતે ખબર પડી કે આ સૈનિક અને સરદાર અને હું રાજા છું''. તો વૃદ્ધ માણસે તેનો જવાબ ખૂબ સારા શબ્દોમાં આપ્યો. વૃદ્ધે કહ્યું, ''માણસને ઓળખવા માટે આંખોની જરૂર નથી, તેની વાણી તેની સાચી ઓળખ છે.''

# પ્રેમ અને ભક્તિ વિના પ્રભુ નહિ મળે

ગત અંકમાં સમાધિ માટે અપેક્ષિત આધ્યાત્મિક સ્થિતિને સમજ્યા. હવે આ અંકમાં અનન્ય ભક્તિ અને પ્રેમનું માહાત્મ્ય જાણીએ. પરમાત્માના વિરાટ સ્વરૂપનાં દર્શનથી ભયભીત બનેલા અર્જુનને પરમાત્માના સૌમ્ય સ્વરૂપનાં દર્શન કરાવી ભગવાન શ્રીકૃષ્ણ તેને આશ્વ્રવસ્ત કરે છે. હવે પરમાત્માના યથાર્થ સ્વરૂપને જાણવા તથા પામવા માટેની ચાવી સમાન ઉપાય જણાવતાં કહે છે, હે અર્જુન! મારા વિશ્વ્રવરૂપને આ પ્રમાણે પ્રત્યક્ષ જોવાનું, તત્ત્વે કરીને જાણવાનું, અને મારામાં તદ્રુપ થવાનું એક માત્ર સાધન અનન્ય ભક્તિ જ છે.

મહાભારત જેવા જ્ઞાનસભર અદ્ભુત ગ્રંથની રચના કર્યા પછી પણ મહર્ષિ વ્યાસજીને શાંતિ થતી નથી. ગંગાના તટ પર તેમને નારદજીનો મિલાપ થાય છે ત્યારે નારદજી ભક્તિનું મહાત્મ્ય સમજાવતાં વ્યાસજીને ભગવત ગુણાનુવાદ ગાવાનું કહે છે. અને પછી વ્યાસજીએ ભક્તિસભર શ્રીમદ્ ભાગવત ગ્રંથની રચના કરી અને ત્યારે તેમને શાંતિ થઈ. ભગવાનને ભક્તિ બહુ પ્રિય છે. માત્ર વેદશાના અધ્યયન, તપ, દાન, યજ્ઞાદિથી પરમાત્માને પામવા શક્ય નથી, પણ અનન્ય ભક્તિથી જ તેઓ સાધ્ય અને પ્રાપ્ય બને છે.

ભગવાન સ્વામિનારાયણ ભક્તિની વિશેષ મહત્તા સમજાવતાં કહે છે કે ''પઅને આવી ભક્તિ તો અતિ દુર્લભ છે. એવી ભક્તિ છે તે જ પરમપદ છે. માટે આવી રીતની જે ભક્તિ તે જ્ઞાન-વૈરાગ્ય કરતા અતિઅધિક છે. આત્મનિષ્ઠા, વૈરાગ્ય ને ધર્મ તે તો ભગવાનની ભક્તિના સહાયરૂપ



ઉપકરણ છે. આપણાં શોમાં ભક્તિના વિવિધ પ્રકાર દર્શાવ્યા છે જેમ કે શ્રવણ, કીર્તન, સ્મરણ, સેવા, અર્ચન, વંદન, દાસ્ય, સખ્ય, આત્મનિવેદન. લાખો લોકો આ પ્રકારે ભક્તિ કરતા દેખાય છે. કથા સાંભળવા જાય કે મંદિરે દર્શન કરવા જાય કે ભજન-કીર્તન કરે છે કે યાત્રા, મંત્રજાપ, તપાદિ કરે છે, જે સારું જ છે, પણ ભગવાન શ્રીકૃષ્ણ જે ભક્તિની વાત કરે છે તે શું આ જ છે? આ જાણવા માટે પહેલાં ભક્તિના સાચાં સ્વરૂપને સમજવું પડે. ભક્તિ એટલે પરમાત્માનો અનન્ય આશરો કરી, સંપૂર્ણ સમર્પિત પ્રેમભાવથી તેમની આજ્ઞાને અનુસરીને, માત્રને માત્ર પરમાત્માને પ્રસન્ન કરવામાં આવતી પ્રત્યેક ક્રિયા. અને જો તે કોઈ લૌકિક લાભ, દેખાવ, કીર્તિ કે પ્રશંસા પ્રાપ્ત કરવાના ભાવ સાથે થાય તો તે ઉપરથી તો કદાચ ભક્તિ જણાય, પણ તે ભક્તિનું સાચું સ્વરૂપ નથી. એટલે કે એનાથી પરમાત્માની પ્રસન્નતા મેળવી શકાતી નથી. ટૂંકમાં ભક્તિ એટલે પરમાત્મા સાથેનું બિનશરતી અતૂટ સ્નેહબંધન. પ્રેમનું લક્ષણ શું? જેને જેની સાથે પ્રેમ હોય તે તેની મરજી પ્રમાણે જ વર્તે. જ્યારે ભગવાન શ્રીકૃષ્ણ મથુરા જવા તૈયાર થયા ત્યારે સંભવિત વિરહના દુઃખથી ગ્રસ્ત ગોપીઓએ વિચાર કર્યો કે આપણે ભગવાનને ગોકુળમાંથી જવા દેવા જ નહિ, પણ જ્યારે ભગવાન શ્રીકૃષ્ણ મથુરા જવા નીકળ્યા ત્યારે ભગવાનના નેત્રની સામે ગોપીઓએ જોયું ત્યારે તેમને જણાયું કે ભગવાનની મરજી ગોકુળમાં રહેવાની નથી. ત્યારે ભગવાનની મરજી જાણી ગોપીઓએ તેમને મથુરા જવા દીધા. અને એટલું જ નહિ પણ ભગવાનની મરજી લોપીને ગોકુળથી માત્ર ત્રણ ગાઉ જ દૂર રહેલા મથુરામાં ક્યારેય ભગવાનનાં દર્શન કરવા પણ ગઈ નહિ.

રામાયણમાં આવતો શબરીનો પ્રસંગ પણ પ્રેરણારૂપ છે. ભગવાન શ્રીરામ શબરીને નવધા ભક્તિનો ખૂબ સરળ અને સચોટ ઉપદેશ કરતાં પ્રથમ પ્રકારની ભક્તિમાં સત્સંગનો મહિમા કહ્યો છે. જેને આ જગતની કોઈ વાસના નથી, જે ભગવાનની ભક્તિ માત્ર ભગવાનની પ્રસન્નતાને અર્થે જ કરે છે તેવા સંતનો સંગ એટલે કે સત્સંગ. અને આવા સંતનો સંગ તે ભક્તિનો પર્યાય બની રહે છે. જગતના શાંતિદૂત તરીકે પ.પૂ. પ્રમુખસ્વામી મહારાજના દિવ્ય જીવન અને તેમણે કરેલા માનવતાના વૈશ્ર્વિક કાર્યોથી પ્રભાવિત એવા ઈંગ્લેન્ડના રાજદૂત ડૉ. એલ.એમ. સિંઘવી તથા અન્ય કેટલાકની ઈચ્છા સ્વામીશ્રીને નોબલ પ્રાઈઝ મળે તેવી હતી.

આ વાતનો ઉલ્લેખ જ્યારે સ્વામીશ્રી પાસે એક સંત દ્વારા કરવામાં આવ્યો ત્યારે તેમને અટકાવતાં સ્વામીશ્રીએ કહ્યું: ''જુઓ, મારે તો ભગવાન અને ગુરુ મળ્યા એ જ મોટામાં મોટું નોબલ છે. બીજા કોઈ પ્રાઈઝની મારે જરૂર નથી.


# આગ લાગવા છતાં ના સુધરે એ રાવણ



તાજેતરમાં રામકથા આધારિત એક ફિલ્મની ચર્ચા સોશિયલ મીડિયા પર જોરશોરથી ચાલે છે. લોકોને આ ફિલ્મના ડાયલોગ ખાસ પસંદ પડ્યા નથી, એમાં પણ લંકાદહન પ્રસંગ નિમિત્તે હનુમાનજીના મુખે બાપ સુધી વાત કરવામાં આવી છે એ ભાષાના વિદ્વાન હનુમાનજી કદી ઉચ્ચારણ કરે જ નહીં એવી વ્યાપક લાગણી છે. હા, આજકાલ એક જાણીતા બાપુ પર બનેલી વેબસિરીઝમાં પણ રાવણના દહનની જ કથા છે. આજકાલ રાવણના પાપ પોકારી રહ્યા હોય એવા માહોલમાં લંકાદહનની કથાઓ યાદ કરવાનું મન થયું. આપ ણે લંકાદહનના જ પ્રસંગની વાત કરવી છે, વાલ્મીકિ રામાયણ મુજબ રાવણની માનસિકતા સમજવા તથા તેની સેનાની તાકાતનું આકલન કરવા હનુમાનજીએ રાવણનું પ્રિય અશોકવન નષ્ટ કરી દીધું. રાવણે પોતાના રાજ્ય પર થયેલો હુમલો માનીને હજારોની વિશાળ સેના સાથે પાંચ સેનાપતિઓ,મંત્રીઓના પુત્રો તથા પોતાના પુત્ર અક્ષ (કે અક્ષય)ને હનુમાનજીને પકડવા મોકલ્યા. હનુમાનજીએ રાવણપુત્ર સહિત સેનાનો નાશ કરતાં મેઘનાદને મોકલવામાં આવ્યો. મેઘનાદે બ્રહ્મપાશ અસ્ત્ર થકી હનુમાનજીને બાંધીને રાવણ સમક્ષ રજૂ કર્યા. હનુમાનજીએ રાવણને વિનંતી કરી કે માતા સીતાને છોડી દે પણ આ વાત સાંભળતા હનુમાનજીનો વધ કરવાનું નક્કી કર્યું. હનુમાનજીનો વધ કરવાની વાતનો વિભીષણે વિરોધ કરતાં હનુમાનજીની પૂંછડી સળગાવવાનું નક્કી થયું. આ કથાની વાત શા માટે? સમગ્ર ભારતના કણકણમાં લંકાદહન કથા વસેલી છે. આ કથા દેશ વિદેશમાં અથવા રામલીલાઓમાં ભજવવામાં આવે છે ત્યારે તેમાં અનેક પ્રસંગો ઉમેરીને રાવણ પર કટાક્ષ તથા હાસ્ય ઉત્પન્ન કરવામાં આવે છે. દુશ્મન પર પહેલા વિજય તરીકે જાણીતી આ કથામાં હનુમાનજીની પૂંછડી સળગાવવાની વાત સીતાજીને જાણ થતાં તે અગ્નિને પ્રાર્થના કરે છે કે હનુમાનજીને દર્દ આપવાને બદલે ઠંડક આપે. આમ તો હનુમાનજીના પિતા અગ્નિના મિત્ર, સીતાજીની પ્રાર્થના તથા ભગવાન રામના આશીર્વાદ થકી હનુમાનજીને ઠંડક રહી હતી એવી કથા છે. પેલી ફિલ્મના ડાયલોગવાળી વાત, વાલ્મીકિ રામાયણ મુજબ હનુમાનજીની પૂંછડી પર જૂના કપડાં લપેટવામાં આવ્યા, હનુમાનજી પૂંછડી લંબાવતા ગયાં અને પોતાનું કદ પણ વધારતા ગયાં. કપડાંઓના મોટા જથ્થા થકી પૂંછડી સળગાવીને સમગ્ર નગરમાં ફેરવવામાં આવ્યા.

# જાણો, આંખને પરેશાન કરતો કન્જક્ટિવાઇટિસ રોગ શું છે?

કંજકટીવાઈટીસ એટલે આંખ આવવી. હાલ આંખ આવવાના કિસ્સા ખુબ વધી રહ્યા છે. એપેડેમિકના કારણે આંખ આવતી હોય છે અથવા તો ઈન્ફેક્શનને કારણે પણ થતુ હોય છે. એડિનો વાયરલને કારણે આંખ આવી શકે છે. ખાસ કરીને ચોમાસા દરમિયાન અથવા સિઝનલ સ્પાઈકના કારણે આંખ આવવાના કેસ વધતા હોય છે. આ મામલે ડોકટર મેહુલ પનારાનું કહેવુ છે કે, ૫-૭ દિવસ સુધી તેની અસર રહેતી હોય છે. તેમાં એન્ટિબાયોટીક ટીપાનો ઉપયોગ કરી શકાય છે. આંખ આવી હોય ત્યારે સાફ



રૂમાલનો ઉપયોગ કરવો, ચશ્મા પહેરેલા રાખવા, વારંવાર હાથ ધોતા રહેવું, તમારો રૂમાલ અન્ય કોઈને ન આપવો, વારંવાર હાથ ન લગાડવો, સ્ટીરોઈડ વાળા ટીપા નાખવાનું ટાળવું, , ભીડ ભાડવાળી જગ્યાએ જવાનું ટાળવું અને જરૂર જણાય તો આઈસ પેકથી શેક કરી શકાય છે. આંખમાં વધારે બળતરા થતી હોય તો તબીબની સલાહ લેવી જોઈએ. સાબુથી અને ગરમ પાણીથી હાથ ધોવા. આંખોમાં ટીપાં મૂકતી વખતે પ હેલાં અને પછી હાથ સાફ કરવા. આંખોને વારંવાર સ્પર્શ કરવાનું અને કોન્ટેક્ટ લેન્સ પહેરવાનું ટાળવું. અનિવાર્ય હોય તો ડોકટરની સલાહ જરૂર લેવી. દર્દીની ચાદર, ઓશિકાનું કવર, કપડાં, રૂમાલને ડીટર્જન્ટ પાઉડરથી ધોવા. તેમની રોજિંદી વપરાશની વસ્તુઓને બીજાને વાપરવા ના દેવી.

BOLLYWOOD NEWS FLASH

## મેં અને શહેનાઝે ફિલ્મમાં સાથે કામ કર્યું છે, તેનાથી વધુ કંઈ નથી, સલમાન ખાનના એક જોકના લીધે શરૂ થઈ હતી અફવાઃ રાઘવ



# એકબીજાના પ્રેમમાં છે શહેનાઝ ગિલ અને રાઘવ જુયાલ?

। મુંબઈ, તા.૨૩ ।

છેલ્લા થોડા મહિનાઓથી ચર્ચા ચાલી રહી છે કે, ડાન્સર-એક્ટર રાઘવ જુયાલ એક્ટ્રેસ શહેનાઝ ગિલ સાથે રિલેશનશીપમાં છે. થોડા મહિના પહેલા ફિલ્મ 'કિસી કા ભાઈ કિસી કી જાન' ના પ્રમોશન દરમિયાન સલમાન ખાને રાઘવનું નામ લઈને શહેનાઝને ચીડાવી હતી અને ત્યારથી જ આ ચર્ચા શરૂ થઈ હતી. જોકે, હાલમાં જ રાઘવ જુયાલે શહેનાઝ સાથેની રિલેશનશીપ અંગે પ્રતિક્રિયા આપી છે. રાઘવે કહ્યું, અફેરની વાત સાચી નથી. સલમાનભાઈએ ફિલ્મ પ્રમોશન દરમિયાન મજાક કરી હતી અને તેના કારણે અફવા શરૂ થઈ હતી. મેં અને શહેનાઝે ફિલ્મમાં સાથે કામ કર્યું હતું, તેનાથી વિશેષ અમારી વચ્ચે કંઈ નથી. તમારા કો-એક્ટર્સ સાથે નામ જોડાવું સામાન્ય વાત છે પરંતુ હકીકત એ જ છે કે અમે એકબીજાને ડેટ નથી કરી રહ્યા. હું સિંગલ છું. રાઘવે વાત આગળ વધારતાં કહ્યું, ''આગામી મહિનાઓમાં મારી ત્રણ ફિલ્મો રિલીઝ થઈ રહી છે. એટલે એવું કહી શકાય કે હું મારા કામને પરણેલો છું. અત્યારે તો હું સિંગલ છું અને રિલેશનશીપ શરૂ કરવાનો કોઈ પ્લાન નથી કે એવો સમય પણ નથી.'' પોતાના ડાન્સ મૂવ્સ અને રિયાલિટી શો હોસ્ટ કરવા માટે જાણીતા રાઘવે છેલ્લા બે વર્ષથી હોસ્ટિંગ છોડી દીધું છે. આ અંગે તેણે કહ્યું, ''ડાન્સ પ્લસની કેટલીય સીઝનમાં હું હોસ્ટ તરીકે દેખાયો છું અને હું મારી ટીમને યાદ કરું છું. જોકે, દરેકે જીવનમાં આગળ વધવું પડે છે અને અત્યારે તો મારું ધ્યાન ફિલ્મો પર છે. રાઘવ મૂળ દહેરાદૂનનો છે.

# ફિલ્મ ૩ એક્કાનું ટ્રેલર, અમિતાભ બચ્ચને પણ કર્યા વખાણ

। મુંબઈ, તા.૨૩ ।

ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીના જાણીતા એક્ટર યશ સોની, મિત્ર ગઢવી અને મલ્હાર ઠાકર હવે ફરી એકવખત સાથે જોવા મળશે. તેઓ અગાઉ ફિલ્મ 'છેલ્લો દિવસ' અને 'શું થયું?'માં એકસાથે જોવા મળ્યા હતા. હવે તેઓ અપકમિંગ ગુજરાતી ફિલ્મ ૩ એક્કામાં એકસાથે જોવા મળશે. ગુજરાતી ફિલ્મ ૩ એક્કાના ડિરેક્ટર છે રાજેશ શર્મા જ્યારે પ્રોડ્યુસર આનંદ પંડિત અને વૈશલ શાહ છે. આજે ફિલ્મ '૩ એક્કા'નું ટ્રેલર લૉન્ચ કરવામાં આવ્યું છે. ગુજરાતી ફિલ્મ ૩ એક્કાનું ટ્રેલર કોમેડીથી ભરપૂર છે. આ ફિલ્મ તારીખ ૧૮ ઓગસ્ટ, ૨૦૨૩એ થિયેટર્સમાં રિલીઝ થશે. સદીના મહાનાયક અમિતાભ બચ્ચને પણ ગુજરાતી ફિલ્મ '૩ એક્કા'નું ટ્રેલર શેર કર્યું છે. વર્ષ ૨૦૧૬માં આવેલી હિટ ગુજરાતી ફિલ્મ 'પાસપોર્ટ'માં એક્ટર મલ્હાર ઠાકર અને ડિરેક્ટર રાજેશ શર્માએ સાથે કામ




કર્યું હતું. આ સિવાય વર્ષ ૨૦૧૯માં આવેલી ફિલ્મ 'સાહેબ'માં પણ ડિરેક્ટર રાજેશ શર્માનું મોટું યોગદાન રહેલું છે જેમાં એક્ટર મલ્હાર ઠાકર મુખ્ય રોલમાં હતો.

ત્યારે હવે ગુજરાતી ફિલ્મ '૩ એક્કા'માં એક્ટર મલ્હાર ઠાકર અને ડિરેક્ટર રાજેશ શર્મા ફરી એકવખત સાથે કામ કરી રહ્યા છે. ગુજરાતી ફિલ્મ '૩ એક્કા'ના લેખકો પાર્થ ત્રિવેદી અને ચેતન દૈયા છે. મહામારીના કારણે છેલ્લા બે વર્ષ ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રી માટે ઠીક રહ્યા હતા.

## દીકરાના જન્મ પછી વત્સલ શેઠે હોસ્પિટલમાંથી એક તસવીર શેર કરી હતી, જેમાં ઈશિતા બેડ પર ઊંઘતી જોવા મળે છે

# અભિનેત્રી ઈશિતા દત્તા હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ

। મુંબઈ, તા.૨૩ ।

દ્રશ્યમ ૨ની એક્ટ્રેસ ઈશિતા દત્તા અને તેના પતિ વત્સલ શેઠ દીકરાના પેરેન્ટ્સ બની ગયા છે. ઈશિતાએ ૧૯ જુલાઈના રોજ દીકરાને જન્મ આપ્યો હતો. આજે એટલે કે શુક્રવારે ઈશિતાને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ કરવામાં આવી છે. ઈશિતા દત્તા અને વત્સલ શેઠ શુક્રવારે બપોરે તેમના દીકરાને હોસ્પિટલમાંથી લઈને નીકળતા જોવા મળ્યા હતા. મુંબઈમાં વરસાદ પડી રહ્યો હોવાથી કપલની ગાડી છેક હોસ્પિટલના ગેટ સુધી લાવી દેવાઈ હતી.ઈશિતા અને વત્સલ મીડિયાના ફોટોગ્રાફર્સની આગળ પોઝ આપવા રોકાયા વિના દીકરાને લઈને રવાના થયા હતા. વત્સલે દીકરાને છાતીસરસો ચાંપીને રાખ્યો હતો. વત્સલ અને ઈશિતાના ચહેરા પર તેમના દીકરાને ઘરે લઈ જવાની ખુશી દેખાઈ રહી હતી. ઈશિતા અને વત્સલ એકદમ કેઝ્યુઅલ લૂકમાં જોવા મળ્યા હતા. દીકરાનો ચહેરો ના દેખાય તેનું ધ્યાન વત્સલે રાખ્યું હતું. એક દિવસ અગાઉ જ દીકરાના જન્મના સમાચાર વહેંચતા વત્સલે ઈન્સ્ટાગ્રામ પર એક તસવીર શેર કરી હતી. વત્સલે શેર કરેલી તસવીરમાં ઈશિતા હોસ્પિટલના બેડમાં જોવા મળે છે અને તેણે ખોળામાં પોતાના દીકરાને રાખ્યો છે. જ્યારે વત્સલ તે બંનેની પાસે ઊભેલો જોવા મળે છે. આ તસવીર શેર કરતાં વત્સલે લખ્યું, અમે. અમારા ત્યાં દીકરાનો જન્મ થયો છે. શુભેચ્છાઓ આપવા માટે સૌનો આભાર, ઉલ્લેખનીય છે.



## વિવેક અગ્નિહોત્રીએ જ્હોન અબ્રાહમ સ્ટારર ફૂટબોલ આધારિત ધન ધના ધન ગોલ ફિલ્મ બનાવી

# ફિલ્મમેકર વિવેક અગ્નિહોત્રીની વેબ સિરીઝ ધ કાશ્મીર ફાઇલ્સ અનરિપોર્ટેડનું ટ્રેલર રિલીઝ

। મુંબઈ, તા.૨૩ ।

બોલિવૂડ ફિલ્મમેકર વિવેક અગ્નિહોત્રીએ શુક્રવારે આગામી વેબ સિરીઝ ધ કાશ્મીર ફાઈલ્સ અનરિપોર્ટેડનું ટ્રેલર રિલીઝ કર્યું છે. વિવેક અગ્નિહોત્રીએ કહ્યું કે આ વેબ સિરીઝ તેમની ૨૦૨૨ની ફિલ્મ 'ધ કાશ્મીર ફાઈલ્સ' માટે કરવામાં આવેલા રિસર્ચ, વીડિયો અને ઈન્ટરવ્યુના આધારે બનાવવામાં આવી છે. 'ધ કાશ્મીર ફાઈલ્સ અનરિપોર્ટેડ'એ સાત એપિ સોડની વેબ સિરીઝ છે જે OTT ડિજિટલ પ્લેટફોર્મ ZEE5 પર રિલીઝ થશે. નિર્માતાઓએ શુક્રવારે તેનું ટ્રેલર રિલીઝ કર્યું, જેને વિવેક અગ્નિહોત્રીએ પોતે શેર કર્યું છે. ડિરેક્ટર વિવેક અગ્નિહોત્રીની ઉંમર ૪૯ વર્ષ છે અને તેમનો જન્મ તારીખ ૧૦ નવેમ્બર, ૧૯૭૩ના રોજ મધ્યપ્રદેશના ઈન્દોરમાં થયો છે. બ્રાહ્મણ પરિવારમાં જન્મેલા વિવેક અગ્નિહોત્રીના પિતાનું નામ પ્રભુ દયાળ અગ્નિહોત્રી અને માતાનું નામ શારદા અગ્નિહોત્રી છે. વિવેક અગ્નિહોત્રીએ વર્ષ ૧૯૯૭માં એક્ટ્રેસ પલ્લવી જોષી સાથે લગ્ન કર્યા અને તેઓના સંતાનમાં એક દીકરી અને એક દીકરો છે. વિવેક અગ્નિહોત્રીએ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ માસ કમ્યુનિકેશનમાંથી અભ્યાસ કર્યા બાદ વિદેશમાંથી મેનેજમેન્ટનો અભ્યાસ કર્યો છે. કરિયરની શરૂઆતમાં વિવેક અગ્નિહોત્રીએ એડ એજન્સીઓ માટે ક્રિએટિવ ડિરેક્ટર તરીકે કામ કર્યું અને પછી વર્ષ ૧૯૯૪માં ટીવી શૉ માટે કામ કરવાનું શરૂ કર્યું. ત્યારથી તેઓ ડિરેક્શન અને પ્રોડક્શન સાથે જોડાયેલા છે. વર્ષ ૨૦૦૫માં વિવેક અગ્નિહોત્રીએ 'ચોકલેટ' નામની ફિલ્મ બનાવી કે જેમાં અનિલ કપૂર, સુનીલ શેટ્ટી, ઈરફાન ખાન, ઈમરાન હાશ્મી, અરશદ વારસી અને તનુશ્રી દત્તા મુખ્ય ભૂમિકામાં હતા. પણ, આ ફિલ્મ બોક્સ ઓફિસ પર કોઈ ખાસ કમાલ દેખાડી ના શકી. ત્યારબાદ વિવેક અગ્નિહોત્રીએ જ્હોન અબ્રાહમ સ્ટારર ફૂટબોલ આધારિત 'ધન ધના ધન ગોલ' ફિલ્મ બનાવી અને ત્યારબાદ 'હેટ સ્ટોરી', 'ઝિદ', 'બુદ્ધા ઈન ટ્રાફિક જામ', 'જૂનુનિયત' જેવી ફિલ્મો પણ બનાવી. પરંતુ, વિવેક અગ્નિહોત્રીને ખ્યાતિ વર્ષ ૨૦૧૯માં રિલીઝ થયેલી ફિલ્મ 'ધ તાશ્કંત ફાઈલ્સ'થી મળી. 'ધ તાશ્કંત ફાઈલ્સ' માટે વિવેક અગ્નિહોત્રીને બેસ્ટ ડાયલોગ્સનો નેશનલ એવોર્ડ મળ્યો જ્યારે તેમના પત્ની પલ્લવી જોષીને બેસ્ટ સપોર્ટિંગ એક્ટ્રેસનો નેશનલ એવોર્ડ મળ્યો.



# ઝાલોદ કે.આર. દેસાઇ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે વિવિધ સ્પર્ધાઓનુ આયોજન કરાયું

। પંકજ પંડિત ઝાલોદ, તા.૨૩ ।

કે.આર.દેસાઈ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ઝાલોદમાં આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત એન.એસ.એસ. વિભાગ દ્વારા વકૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા અને ચિત્ર સ્પર્ધાનું આયોજન તા. ૨૦/૦૭/૨૦૨૩ ના રોજ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મહેમાન તરીકે સંસ્થાના ઉપપ્રમુખ રાવ સાહેબ, આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, દાહોદના ભૂતપૂર્વ આચાર્ય ચૌધરી સાહેબ અને કા.આચાર્ય પટેલ સાહેબ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં સંસ્થાના સ્ટાફ મિત્રો અને કોલેજના વિદ્યાર્થીઓ હાજર રહી સ્વયં સેવકો નો ઉત્સાહ વધાર્યો હતો.

આ સ્પર્ધામાં એન.એસ.એસ.ના સ્વયં સેવકોમાંથી વકૃત્વ સ્પર્ધામાં કુલ ૧૧, નિબંધ સ્પર્ધામાં ૦૯ અને ચિત્ર સ્પર્ધામાં કુલ ૦૭ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. જેમા વકૃત્વ સ્પર્ધામાં કુ. ચાંદની ઉદેસિંહ મકવાણા,નિબંધ સ્પર્ધામાં અંકિતભાઈ સોમાભાઈ સંગાડા અને ચિત્ર સ્પર્ધા : કુ. અવિનાશ પ્રભુભાઈ ગારી સ્પર્ધાઓમાં પ્રથમ ક્રમે વિજેતા બન્યા હતા. જે હવે શ્રી ગોવિંદ ગુરુ



યુનિવર્સિટી, ગોધરા ખાતે યોજાનાર સ્પર્ધામાં ભાગ લેવા જશે.

ઉપરોક્ત સ્પર્ધાઓ માટે સંસ્થાના સ્ટાફ મિત્રોમાંથી નિર્ણાયક તરીકે પ્રિ.એમ.એમ. પટેલ, ,ડૉ.એ.આર.મોદી, ડૉ. પી.એમ.શેલક, ડૉ.વાય.પી.ઝાલા, ડૉ.એ.જે. પરમાર અને પ્રો. બી.એ.મોદીએ નિષ્પક્ષ રીતે રહી સેવાઓ આપી હતી. કાર્યક્રમ અને સ્પર્ધાઓનું સમગ્ર સંચાલન એન.એસ.એસ. વિભાગના પ્રોગ્રામ ઓફિસર ડૉ. બહાદુરસિંહ ગોહિલે કર્યું હતું. વિજેતા બનનાર સૌ સ્વયં સેવકોને કોલેજના આચાર્ય શ્રીએ અને સ્ટાફ મિત્રોએ ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા હતાં.

# ધી આણંદ મર્કન્ટતાઇલ કો ઓપ બેંક લિમિટેડ વિભાગની બેઠક આણંદ ખાતે યોજાઈ હતી



। સંતોષ ભાઈ જોષી સંતરામપુર, તા.૨૩ ।

૨૩ જુલાઈનાં રોજ સહકાર ભારતી આણંદ વિભાગની વિભાગ બેઠક આણંદ ખાતે આવેલ ધી આણંદ મર્કન્ટતાઈલ કો ઓપ બેંક લિમિટેડ આણંદ ખાતે સવારે ૧૧ કલાકે યોજાઈ હતી જેમાં વિભાગ માંથી વિભક સંયોજક નીતિનભાઈ સોની ઉપસ્થિત રહેલ જેમાં ખેડા, આણંદ, પંચમહાલ, દાહોદ, અને મહીસાગર જિલ્લા નાં જિલ્લા સ્તરના મુખ્ય હોદ્દેદારો શીતલભાઈ ભટ્ટ ખેડા, કેતનભાઈ પટેલ આણંદ, દિલીપભાઈ પટેલ, અશોકભાઈ પટેલ, રાકેશભાઈ બારોટ, ભરતભાઈ પટેલ, પંચમહાલ માથી ગોપ ાલભાઈ પટેલ, દાહોદથી નીમેશભાઈ જોશી, હિતેશભાઈ સોલંકી, મહીસાગરથી સંતોશભાઈ જોશી, બદામિભાઈ ચૌહાણ અમિતભાઈ ધોબી ઉપસ્થિત રહ્યા હતા જેમાં સહકાર ક્ષેત્ર ને વધુ ગતિશીલ બનાવવા “વિના સહકાર નહીં ઉધ્ધાર” નારા સાથે હાથથી હાથ મિલાવી આપના દેશના સહકારી ક્ષેત્ર ને વધુ ગતિ મં બનાવવા સહકાર ક્ષેત્ર ને ધબકતું કઈ રીતે રાખી સકાય તેનું ચિંતન



નીતિનભાઈ સોની દ્વારા કરવામાં આવ્યું હતું અને પરસ્પર વિચાર વિનિમય કરેલ હતો જેમાં સહકાર ભારતી દ્વાર ખાસ આમંત્રણ ને માન આપી આણંદ ભાજપ જિલ્લા પ્રમુખ રાજેશભાઈ પટેલ અને જિલ્લા મંત્રી સુનિલભાઈ ગાંધી ઉપ સ્થિત રહેલ હતા સહકાર ભારતી નાં કાર્યકર્તાઓ દ્વારા તેમનું સાબ્દિક અને પુષ્પગુચ્છ અર્પણ કરી સ્વાગત કરેલ અને જેમાં કેતનભાઈ પટેલ કે જેવો ધી આણંદ મર્કન્ટતાઈલ બેંક લી. આણંદ ના ચેઈરમેન પણ છે. તેમને આ સંગઠનને આણંદ ખાતે બોલાવી તમામ વ્યવસ્થાઓ ની જવાબદારી ઉપાડી સહકાર થી સમૃધ્ધિ માં સહભાગી બનેલ છે.

# સિદધપુર પાલિકાની ચાર બેઠકની પેટા ચૂંટણીમાં ભાજપના ફોર્મ ભરાયા

। સિધ્ધપુર, તા.૨૩ ।

સિધ્ધપુર નગરપાલિકા સમાવિષ્ટ રાજપુર બોર્ડ નં ૨ ની ચાર બેઠકો રાજીનામાના કારણે ખાલી પડેલ તેની ચૂંટણી યોજાનાર હોઈ આજે ફોર્મ ભરવાના છેલ્લા દિવસે પ્રદેશ ભાજપની સૂચના અનુસાર સિદ્ધપુરના ધારાસભ્ય અને કેબિનેટ મંત્રી બલવંતસિંહ રાજપૂતે સિદ્ધપુર ભાજપના હોદ્દેદારોને ઉપસ્થિત રાખી ભાજપના ઉમેદવાર ૧. ભરતભાઈ પટેલ ૨. નટવરભાઈ પટેલ ૩. પુષ્પાબેન પટેલ ૪. નિરમાબેન ઠાકોરના ફોર્મ પ્રાંત ઓફિસર સંકેત પટેલ સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા ઉલ્લેખનીય છે કે ચાર ચાર ડમી ઉમેદવારના ફોર્મ પણ રજૂ કરવામાં



આવ્યા હતા ફોર્મ ભર્યા બાદ પત્રકારોને સંબોધતા બલવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે અમો ઉપરોક્ત ચારેય સીટો મોટી લીડથી જીતની આશા વ્યક્ત કરી હતી.

# આદિવાસી સંઘર્ષ સમિતિ ડાંગ દ્વારા અપાયેલ બંધનાં એલાનને ડાંગ જિલ્લામાં મિશ્ર પ્રતિસાદ

। ડાંગ, તા.૨૩ ।

પ્રાપ્ત વિગતો અનુસાર મણિપુરમાં અમુક સવર્ણ નરાધમોએ આદિવાસી દીકરીઓને નગ્ન કરી સરાજાહેર રોડ પર સરઘસ કાઢીને નગ્ન પરેડ કરાવી હતી.એટલું જ નહિ આ નરાધમોએ તમામ હદો વટાવી દઈ આ આદિવાસી દીકરીઓને ખેતરોમાં ખેંચી જઈને સામુહિક દુષ્કર્મ આચર્યું હતુ. જેના વીડિયો સોશિયલ મીડીયા ફરતા સમગ્ર દેશ સ્તબ્ધ બની ગયો છે.આ નરાધમોને કડકમાં કડક સજા થાય તે માટે દેશનાં ખૂણે ખૂણામાંથી વિરોધ પ્રદર્શનો,રેલી અને ધરણા યોજાઈ રહ્યા છે.આ મણિપુરની ઘટના હાલમાં ઉગ્ર લોકજુવાળ ઉભી કરી રહી છે.ત્યારે ગતરોજ મણિપુરની ઘટનાને લઈને આદિવાસી સંગઠનો તથા ડાંગ જિલ્લા કૉંગ્રેસ પાર્ટી તેમજ બી.ટી.એસ પાર્ટીનાં આગેવાનોએ આગળ આવી રાષ્ટ્રપતિને સંબોધીને ડાંગ કલેકટરને આવેદનપત્ર સુપ્રત કર્યા હતા.સાથે આ ઘટનાનાં મુદ્દે ડાંગ જિલ્લા આદિવાસી સંઘર્ષ સેવા સમિતિનાં આગેવાન મુકેશભાઈ પટેલ દ્વારા સોશિયલ મીડિયા મારફતે તા.૨૨-૦૭-૨૦૨૩નાં શનિવારનાં રોજ સમગ્ર ડાંગ જિલ્લાનાં દુકાનદારોને બંધ પાળવા માટે અનુરોધ કર્યો હતો.પરંતુ ડાંગ જિલ્લામાં ચોથા શનિવારનાં પગલે અમુક ઠેકાણે નામ પૂરતી દુકાનો બંધ રહી હતી.જ્યારે મોટાભાગનાં તમામ ગામોની દુકાનો ચાલુ રહેવા પામી હતી.ડાંગ જિલ્લામાં વઘઇ અને આહવા નગરમાં અમુક દુકાનો બંધ જોવા મળી હતી. જ્યારે,સાપુતારા, શામગહાન,સુબિર સહિત તમામ ગામોમાં દુકાનો ચાલુ રહેવા પામતા ડાંગ જિલ્લામાં બંધનાં એલાનને લઈને અમુક જગ્યાએ કોઈ પ્રતિસાદ નહી તો અમુક જગ્યાએ મિશ્ર પ્રતિસાદ મળ્યો હતો.ડાંગ જિલ્લામાં આહવા અને વઘઇ નગરને છોડીને ડાંગ જિલ્લામાં તમામ દુકાનો ચાલુ રહેતા ગામડાઓમાં બંધનાં એલાનને કોઈ પ્રતિસાદ સાંપડ્યો ન હતો.જેથી ડાંગ જિલ્લાનાં આદિવાસી સંઘર્ષ સમિતિનાં આગેવાન મુકેશભાઈ પટેલે જણાવ્યુ હતુ કે મણિપુરની શર્મનાક ઘટનાને લઈને ડાંગ જિલ્લાનાં ગામડાઓનાં કોઈ દુકાનદારોએ સહકાર આપેલ નથી. અને દુકાનો ખુલ્લી રાખેલ છે.તેનો મતલબ તેમને આદિવાસી ઓ પ્રત્યે,આદિવાસી મહિલાઓ પ્રત્યે કોઈ લાગણી નથી.

# સુધીર કુમાર શર્માએ અમદાવાદનાં મંડલ રેલ પ્રબંધકનો કાર્યભાર ગ્રહણ કર્યો

। અમદાવાદ, તા.૨૩ ।

શ્રી સુધીર કુમારા શર્માએ અમદાવાદનાં મંડલ રેલ પ્રબંધકનો કાર્યભાર ગ્રહણ કર્યો. શ્રી સુધીર કુમાર શર્મા ભારતીય રેલવે સ્ટોર્સ સેવા (આઈઆરએસએસ) નાં ૧૯૯૩ બેચનાં અધિકારી છે. શ્રી સુધીર કુમાર શર્માએ અમદાવાદનાં નવા રેલ પ્રબંધકનો કાર્યભાર હાલનાં રેલ પ્રબંધક શ્રી તરુણ જૈન પાસેથી ગ્રહણ કર્યો. મંડલ રેલ પ્રબંધક અમદાવાદ પર નિમણૂક પહેલા તેમણે મુખ્ય સામગ્રી પ્રબંધક પશ્ચિમ રેલવે તથા નેશનલ કેપિટલ રીજન ટ્રાન્સપોર્ટ કૉર્પોરેશનમાં જીજીએમ (સ્ટ્રેટેજિક પ્લાનિંગ), મુખ્ય કાર્યકારી અધિકારી **NETRA**, ડાયરેક્ટર રેલવે સ્ટોર **(M)** રેલવે બોર્ડ તથા ઉપ મુખ્ય સતર્કતા અધિકારી, (ડેપ્યુટી ચીફ વિજિલન્સ ઓફિસર) પશ્ચિમ રેલવે જેવા મહત્વનાં હોદ્દાઓ પર કામ કર્યુ છે.

એમની પહેલી નિમણૂક ભારતીય રેલવે સ્ટોર સેવા પ્રોબેશનરનાં પદ પર રેલવે સ્ટાફ કૉલેજ વડોદરામાં થઈ હતી. શ્રી શર્માએ પશ્ચિમ રેલવે, મધ્ય રેલવે તથા રેલવે બોર્ડ સ્તર પરનાં વિવિધ મહત્વપૂર્ણ હોદ્દાઓ પર કામ કરીને ખૂબ જ મહત્વની સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે. એમનાં દ્વારા પશ્ચિમ રેલવે પર મુખ્ય સામગ્રી પ્રબંધન તથા નિદેશક



રેલવે સ્ટોર બોર્ડ જેવા મહત્વના હોદ્દાઓ પર કામ કરતા સકારાત્મ વિચારોની સાથે નવીનતા, નવતર પ્રયોગો તથા ગુણવત્તા યુક્ત કામ કરવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. શ્રી શર્માએ શિક્ષણમાં સિવિલ એન્જીનિયરીંગ આઈઆઈટી રુડકીથી, એમ-ટેક આઈઆઈટી દિલ્લીથી તથા એમબીએ આઈઆઈએમ બેંગલોરથી પ્રાપ્ત કર્યુ છે તેમજ એમણે ફ્રાન્સ, સ્પેન, સિંગાપુર, મલેશિયા તેથા અમેરિકામાં વિવિધ તાલીમ કાર્યક્રમોમાં ભાગ લીધો છે.

કાર્યભાર ગ્રહણ કરીને મંડલ રેલ પ્રબંધક શ્રી સુધીર કુમાર શર્માએ પોતાની પ્રાથમિકાઓ બાબતે કહ્યું હતું કે, રેલવે સંચાલનમાં સુરક્ષા, વિવિધ માળખાકિય વિકાસ કાર્યો, ડબલીંગ, વિદ્યુતીકરણ, ટ્રેક નવીનીકરણ તેમજ મંડલ પર માલની હેરફેર વધારવા માટેનાં વિશેષ પ્રયાસો વગેરેને પ્રાથમિકતા આપવામાં આવશે.

# ભરૂચ સર્કલની ૫૬ પોસ્ટ ઓફિસમાં અંત્યોદય શ્રમિક સુરક્ષા વીમા યોજનાનો આરંભ કરવામાં આવ્યો

## રૂ. ૪૯૯માં ૧૦ લાખ અને ૨૮૯માં ૫ લાખનો વીમો શ્રમિકોને દુર્ઘટના મૃત્યુ, વિકલાંગતા, હોસ્પિટલ ખર્ચ, બાળકોના શિક્ષણના લાભ સુધીની સવલત

। કેતન મહેતા ભરૂચ, તા.૨૩ ।

ભરૂચ સર્કલની ૫૬ પોસ્ટ ઓફિસમાં અંત્યોદય શ્રમિક સુરક્ષા અકસ્માત વીમા યોજનાનો આરંભ કરવામાં આવ્યો છે. યોજનાનો મુખ્ય હેતુ સ્થાનિક શ્રમિકો સુધી અકસ્માત વિમાનો લાભ પહોંચવાડવાનો છે. શ્રમિકો અલગ અલગ સ્થાન પર પોતાના જીવના જોખમે કામ કરતા હોય છે. તેઓને એક અભેદ્ય સુરક્ષા કવચ પૂરું પાડવા અને સરકારના ધ્યેય **INSURANCE FOR ALL** ને સાર્થક કરવા માટે આઈપીપીબી લઈને આવેલ છે. આ વીમો રૂ ૧૦ લાખ અને રૂ ૫ લાખ એમ બે વિકલ્પમાં ઉપલબ્ધ છે. આ વીમા હેઠળ ખુબ જ ઓછા પ્રિમીયમમાં એટલેકે રૂ ૪૯૯ અને ૨૮૯ માં ક્રમશઃ શ્રમિક વર્ગને દુર્ઘટનાથી



મૃત્યુ, વિકલાંગતા, હોસ્પિટલમાં દાખલ ખર્ચ અને વીમાધારકના મૃત્યુ બાદ બાળકોના શિક્ષણના લાભ સુધી વિવિધ સવલતો પુરી પાડવામાં આવે છે. અંત્યોદય શ્રમિક સુરક્ષા અકસ્માત વીમા યોજનાનો લાભ લેવા તાત્કાલિક નજીકની કોઈ પણ પોસ્ટ ઓફિસનો સંપર્ક કરવો.

# નેત્રંગ તાલુકાના મોટા માલપોર ગામના આદિવાસી યુવાને રશિયાની યુનિવર્સિટીમાં તબીબી ડીગ્રી મેળવી

## નેત્રંગ તાલુકાના મોટા માલપોર ગામના આદિવાસી યુવાને રશિયાની યુનિવર્સિટીમાં તબીબી ડીગ્રી મેળવી

। ભરૂચ, તા.૨૩ ।

નેત્રંગ તાલુકના નાનકડા ગામ મોટા માલપોર ગામનો આદિવાસી ખેડૂત પુત્ર જયદીપ વસાવાએ રશિયાની યુનિવર્સિટીમાં **MBBS** ડીગ્રી મેળવી તાલુકાનું નામ રોશન કર્યુ છે. ભરૂચ જિલ્લાના નેત્રંગ તાલુકના મોટા માલપોર ગામમાં રહેતા પ્રહલાદભાઈ વસાવા ખેતી કરી પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. જેઓના પત્ની ઘર કામ કરે છે. આ આદિવાસી ખેડૂતનો પુત્ર કદી મહેનત કરી રશિયાની પેનઝા સ્ટેટ યુનિવર્સિટીમાં **MBBS**નો અભ્યાસ કરે છે. ગામની પ્રાથમિક શાળામાં અભ્યાસ કરી પ્રાથમિક શિક્ષણ મેળવ્યું હતું. જે બાદ અન્ય શહેરમાં ઊચ્ચ અભ્યાસ હાંસલ કરી રશિયા ખાતે તબીબી અભ્યાસ માટે ગયા હતા. જેઓએ રશિયાની યુનિવર્સિટીમાં તબીબી ડીગ્રી મેળવી છે. આદિવાસી ખેડૂત પુત્ર ડો.જયદીપ વસાવાએ **MBBS** ડીગ્રી પ્રાપ્ત કરતા તેના પરિવારના સભ્યો સાથે ગ્રામજનોમાં આનંદની લાગણી જોવા મળી હતી. સામાન્ય પરિવારના આદિવાસી યુવાને તબીબી ડીગ્રી મેળવતા સમાજમાં પણ તેની નોંધ



લેવામાં આવી છે.

આદિવાસી ખેડૂત પુત્ર **MBBS**ની ડીગ્રી મેળવતા તાલુકા સાથે જિલ્લાનું પણ નામ રોશન કર્યું છે. જ્યારે તબીબી ડીગ્રી મેળવનાર ડો. જયદીપ વસાવાએ આ સિદ્ધિ પાછળ પોતાના માતા-પિતા અને શિક્ષિકોનો સિંહ ફાળો રહ્યો હોવા સાથે ડોકટર બન્યા બાદ સમાજની સેવા કરવાની ઈચ્છા દર્શાવી છે.

# લાંબા અરસા બાદ ડાંગ જિલ્લામાં મેઘરાજાની ધમાકેદાર બેટિંગ જોવા મળી, સર્વત્ર મેઘ મહેર

## ડાંગ જિલ્લામાં વરસાદી માહોલમાં પણ પ્રવાસીઓનું ઘોડાપૂર ઉમટી પડતા ઠેરઠેર હાઉસફુલનાં પાટિયા ઝૂલી ઉઠ્યા હતા

। સુશીલ પવાર ડાંગ, તા.૨૩ ।

પ્રાપ્ત વિગતો અનુસાર રાજ્યનાં છેવાડે આવેલ ડાંગ જિલ્લામાં છેલ્લા એક સપ્તાહથી વરસાદી જોર ધીમુ પડતા ડાંગી ખેડૂતો રોપ ણીને લઈને ચિંતામાં હતા. ડાંગ જિલ્લામાં ઓછા વરસાદનાં પગલે નદી નાળા અને વહેળાઓનું પાણી પણ નિર્મળ કાચની જેમ ઠરી ગયુ હતુ. તેવામાં શુક્રવારે રાત્રીનાં અરસામાં અને શનિવારે દિવસ દરમ્યાન ડાંગ જિલ્લાનાં ગિરિમથક સાપુતારા, શામગહાન, ગલકુંડ, બોરખલ, આહવા, ચીંચલી, ગારખડી, સુબિર, લવચાલી, બરડીપાડા, ઝાવડા, ભેંસકાતરી, કાલીબેલ, વઘઇ, સાકરપાતળ સહિત પૂર્વપટ્ટી અને સરહદીય પંથકોમાં મેઘરાજાએ રીતસરની ધબધબાટી બોલાવતા સર્વત્ર પાણીની રેલમછેલ ફરી વળી હતી. શનિવારે ડાંગ જિલ્લાનાં ગામડાઓમાં ધોધમાર સ્વરૂપેનો વરસાદ પડતા નદી,નાળા,વહેળા,ઝરણાઓ અને ક્યારડાઓ ફરી ઉભરાઈને છલકાયા હતા.ડાંગ જિલ્લામાં ધોધમાર વરસાદનાં પગલે અંબિકા, ગીરા, ખાપરી અને પૂર્ણા નદી પણ બન્ને કાંઠે થઈ વહેતી જોવા મળી હતી.ડાંગ જિલ્લાનાં ગિરિમથક સાપુતારા, વઘઇ બોટનીકલ ગાર્ડન,દેવીનામાળ, મહાલ,ગીરમાળનો ગીરા ધોધ ખાતે પ્રવાસીઓ વાહનોનો ઘોડાપૂર ઉમટી પડતા ઠેરઠેર હાઉસફુલનાં પાટિયા ઝૂલી ઉઠ્યા હતા. ગિરિમથક સાપુતારા સહિત માલેગામ,જોગબારી અને ચિરાપાડા તથા ચિચપાડા ખાતે આવેલ તમામ રિસોર્ટ ખાતે પણ શનિવારે હાઉસફુલનાં પાટિયા ઝૂલી ઉઠ્યા હતા.સાપુતારા સહિત ડાંગ જિલ્લાનાં અન્ય સ્થળો ખાતે ફરવા આવેલ પ્રવાસીઓએ પ્રકૃતિની ગોદમાં વરસાદી માહોલ,ધૂમમ્સીયુ વાતાવરણનો આસ્વાદ માણી ધન્યતા અનુભવી હતી.ડાંગ જિલ્લા ડિઝાસ્ટર વિભાગનાં જણાવ્યા અનુસાર છેલ્લા ૨૪ કલાક દરમ્યાન આહવા પંથકમાં ૩૪ મિમી અર્થાત ૧.૩૬ ઈંચ,વઘઇ પંથકમાં ૩૯ મિમી અર્થાત ૧.૫૬ ઈંચ, સુબિર પંથકમાં ૧૨ મિમી, જ્યારે સૌથી વધુ સાપુતારા પંથકમાં ૩૮ મિમી અર્થાત ૧.૫૨ ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો...

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે વણજોઈતા વિચારો તમારા મગજમાં સ્થાન જમાવશે. તમારી જાતને શારરિક વ્યાયામમાં વ્યસ્ત રાખવાનો પ્રયાસ કરજો કારણ કે ખાલી મગજ એ શેતાનનું કારખાનું છે. નોકરીપેશા લોકો ને આજે ધન ની ઘણી આવશ્યકતા પડશે પરંતુ ગત દિવસો માં કરેલા ફિજૂલખર્ચી ના લીધે તમારી જોડે પર્યાપ્ત ધન નહિ હોય. ઘરના સુશોભીકરણની સાથે બાળકોની જરૂરિયાતોનું પણ ધ્યાન રાખજો.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે આજે તમારું આરોગ્ય સ્વસ્થ રહેવા ની અપેક્ષા છે. પોતાના સારા સ્વાસ્થ્ય ના લીધે તમે આજે મિત્રો સાથે રમતગમત ની યોજના બનાવી શકો છો? વેપારમાં ફાયદો આજે ઘણા વેપારીઓ ના ચહેરા પાર સ્મિત લાવી શકે છે. તમારી સંતતિ માટે કશુંક ખાસ આયોજન કરો. એ વાતની તકેદારી રાખો કે તમારી યોજના વાસ્તવવાદી હોય જેથી તમે તેને હાંસલ-સાધ્ય કરી શકો.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે તમે જે બાબત વાસ્તવિકતામાં મૂર્તસ્વરૂપે જોવા માગતા હો એ દિશામાં તમારા વિચારો અને ઊર્જા વાળો. માત્ર કલ્પના કરવાથી કોઈ અર્થ સરવાનો નથી. તમારી અત્યાર સુધીની સમસ્યા એ છે કે તમે માત્ર ઈચ્છા કરો છો એ દિશામાં પ્રયાસ કરતા નથી. મિત્રો તથા પરિવાર સાથે આનંદદાયક સમય. પ્રેમ પ્રકરણમાં ગુલામની જેમ વર્તશો નહીં.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે તમારા લાંબા સમયની બીમારીના ઈલાજ માટે સ્મિત થૅરૅપીનો ઉપયોગ કરજો કેમ કે તે તમામ સમસ્યાની શ્રેષ્ઠ દવા છે. તમારી બચતને તમે રૂઢિગત રોકાણમાં મુકશો તો નાણાં મેળવશો. તમારો વિનોદી સ્વભાવ તમારી આસપાસનું વાતાવરણ ઝળકાવશે. મહત્વનાં લાકો સાથે વાતચીત કરતી વખતે તમારા શબ્દો તકેદારીપૂર્વક પસંદ કરો.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે કેટલીક અનિવાર્ય પરિસ્થિતિઓ તમને બેચેન કરી શકે છે.પણ તમારે તમારા મગજ પર કાબુ રાખી રાખી પરિસ્થિતિ સાથે કામ પાર પાડવા માટે તરત જ પ્રતિક્રિયા આપવાનું ટાળવું જોઈએ. ભૂતકાળના રોકાણમાંથી આવકમાં વધારો જોવાય છે. તમારા પરિવારને યોગ્ય સમય આપો. તેમને એ અનુભૂતિ થવા દો કે તમને તેમની પરવા છે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે આજે તમે આશાવાદના જાદુઈ તબક્કા હેઠળ છો. જે લોકોએ ભૂતકાળ માં પોતાનું ધન નિવેશ કર્યું હતું તે લોકો ને તે ધન થી લાભ થવાની શક્યતા છે. સંબંધીઓ તથા મિત્રો તરફથી અણધારી ભેટ અને સોગાદો. આજે મિત્રતામાં ભંગ પડવાની પૂરેપૂરી શક્યતા હોવાથી ચોકસાઈ રાખો. આજે તમે તમારા જીવનસાથી સાથે સમય પસાર કરવા વહેલા ઓફિસ થી નીકળી શકો છો.

**તુલા (ર,ત) :**
આજના દિવસે ઘરની ચિંતાઓ તમને બેચેન કરી મુકશે. આજે તમે સારૂં એવું ધન કમાશો-પણ ખર્ચમાં વધારાને કારણે બચત કરવામાં તમને મુશ્કેલી પડશે. મિત્રો મદદરૂપ અને ખાસ્સા ઉપયોગી સાબિત થશે. આજે તમારા પ્રિયપાત્રને માફ કરવાનું ભૂલશો નહીં. પૈસા, પ્રેમ, પરિવાર થી દૂર, આજે તમે આનંદ ની શોધમાં કોઈ આધ્યાત્મિક ગુરુ ને મળવા જઈ શકો છો.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે મજા માટેની ટ્રીપ તથા સામાજિક મેળાવડા તમને નિરાંતવા તથા ખુશ રાખશે. આજે કરેલું રોકાણ તમારી સમૃદ્ધિ તથા આર્થિક સુરક્ષામાં વધારો કરશે. તમે જો પાર્ટી કરવાની યોજના ઘડી રહ્યા હો તો તમારા ખાસ મિત્રને જરૂર આમંત્રણ આપજો-એવા ઘણા લોકો હશે જે તમારો ઉત્સાહ વધારશે. તમારા જીવનસાથી આજે તમને તેમની સારી બાજુ બતાવશે.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે એવો દિવસ જ્યારે તમે આરામ કરી શકશો. તમારા શરીરને તેલથી માલિશ કરો અને તમારા સ્નાયુઓને આરામ આપો. આજે તમારી સામે રજૂ કરવામાં આવતી રોકાણ યોજનાઓ તરફ તમારે બેવાર જોઈ લેવું. મિત્રો અને સંબંધીઓ પર તમારા અભિપ્રાય થોપશો નહીં કેમ કે એ તમારા હિતમાં નથી અને વિનાકારણ તમે તેમને ખફા કરશો.

**મકર (ખ,જ) :**
આજના દિવસે તબિયત પર ધ્યાન આપવું પડશે. તમારી પાસે પૈસા પણ પર્યાપ્ત માત્રા માં હશે અને આની સાથેજ મન માં શાંતિ પણ હશે. તમારામાંના કેટલાક દાગીના અથવા હૉમ એપ્લાયન્સીસની ખરીદી કરશે. ઉજ્જ્વળ ભવિષ્ય ની યોજના બનાવવા માટે તમે આજ નો દિવસ નો સારો ઉપયોગ કરી શકો છો. આજે પ્રેમનો જાદુ તમને અંધ કરી મુકશે. આ પરમ સુખને માણો.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે આજે તમારે અનેક ટૅન્શન તથા મતભેદોનો સામનો કરવો પડે જે તમને બેચેન અને ગુસ્સાવાળા બનાવી દે એવી શક્યતા છે. મોટી યોજનાઓ તથા વિચારો ધરાવતી વ્યક્તિ તમારૂં ધ્યાન આકર્ષિત કરશે-રોકાણ કરતા પહેલા એ વ્યક્તિની વિશ્વસનિયતા તથા સત્યતા ચકાસી લેજો નિકટના મિત્રો તથા ભાગીદારો આક્રમક થઈને તમારૂં જીવન મુશ્કેલ બનાવી દેશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે કામની વચ્ચે આરામ લો તથા શક્ય હોય એટલા હળવા બનવાની કોશિષ કરો. મોડી પડેલી લેણી નીકળતી રકમ પાછી મળતા આર્થિક સ્થિતિ સુધરશે. પોતાની અંગત સમસ્યાઓ ઉકેલવા માટે મિત્ર તમારી મદદ લઈ શકે છે. તમે તમારા પ્રિયપાત્રને મળશો તેનાથી તમારા મગજને રૉમાન્સ ઘેરી વળશે. પૈસા, પ્રેમ, પરિવાર થી દૂર, આજે તમે આનંદની શોધમાં કોઈ આધ્યાત્મિક ગુરુ ને મળવા જઈ શકો છો.

# ખેતરમાં રોપણી બાબતેડોન ગામે બે પક્ષો વચ્ચે મારામારી થતા કુલ ૨૪ ઈસમો સામે આહવા પોલીસ સ્ટેશનમાં નોંધાયો ગુન્હો

। સુશીલ પવાર ડાંગ, તા.૨૩ ।

ડાંગ જિલ્લાના આહવા તાલુકાનાં ડોન ખાતે જમીન અમારી છે ખેતી કરવા કેમ આવો છો ? એમ કહેતા બે પક્ષો વચ્ચે મારામારી થઈ હતી. બંને પક્ષોએ સામ સામે ફરિયાદ નોંધાવતા કુલ ૨૪ વ્યક્તિઓ સામે ગુનો નોંધાયો...પ્રાપ્ત વિગતો અનુસાર મહારાષ્ટ્રનાં નાશિક જિલ્લાના ભૌવતીના રામદાસભાઈ સાવળી રામભાઈ પવાર (રહે. ભૌવતી જી.નાશિક કલવણ, મહારાષ્ટ્ર )ના ભાગની જમીન ડાંગ જિલ્લાનાં આહવા તાલુકાના ડોન ખાતે આવેલ છે.ત્યારે રામદાસભાઈ પવાર ખેતી કરવા માટે ડોન ગામમાં આવ્યા હતા.અને તેમના પરિવારનાસભ્યોસાથેપોતાનીહિસ્સાનીજમીનમાં બોરથડા ફળિયામાં ડાંગર રોપણી કરવા માટેના ટ્રેકટરથી કાદવ પાડતા હતા.ત્યારે સવળ્યાભાઈ દગડુભાઈ ગાયકવાડ (રહે.ગામ.ડોન તા.આહવા જી.ડાંગ)નાં માતા ગુંતીબેને રામદાસ ભાઈનાં પરિવારને કહ્યુ હતુ કે, અમારી જમીનમાં ખેતી કરવા કેમ આવો છો ? અહીંથી જતા રહો. એવું કહેતા બંને પક્ષો વચ્ચે બોલા ચાલી થઈ હતી. તેમજ બંને પક્ષોએ એકબીજાને અપશબ્દ બોલી ડંડા વડે તથા છૂટા પથ્થર વડે તથા ઢિક્કા મુક્કીનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.જે બાદ બંને પક્ષો આહવા પોલીસ મથકે પહોંચ્યા હતા અને સામસામે ફરિયાદ નોંધાવી હતી.રામદાસભાઈ પવાર એ સવળ્યાભાઈ ગાયકવાડ સહિત ૧૫ ઈસમો સામે ફરિયાદ કરી હતી. તેમજ સવળ્યાભાઈ ગાયકવાડે રામદાસ ભાઈ પવાર સહિત ૯ સામે ફરિયાદ નોંધાવી હતી. હાલમાં આહવા પોલીસની ટીમે ૨૪ ઈસમો સામે ગુનો નોંધી આગળની વધુ તપાસ હાથ ધરી છે.

# સા રે ગા મા પા ૨૦૨૩ના ઓડિશન પેપરલેસ થયા!

શું તમને ખબર છે? રિયાલિટી શોના ઓડિશનના તબક્કામાં મોટી સંખ્યામાં ફોર્મ ભરવામાં અને કન્સેન્ટ પ્રોફાઈલના ડોક્યુમેન્ટ્સથી લઈને સ્કોરના લોગ્સ જાળવવા સુધી મોટી સંખ્યામાં કાગળનો ઉપયોગ થાય છે અને તેના માટે ઘણા વૃક્ષો કાપવા પડે છે. ઈકો-સિસ્ટમને તોડવા માટે આ પૂરતું છે, તેના લીધે વધુ ગંભીર વૈશ્વિક મુશ્કેલીઓ જેવી કે, વાતવારણમાં બદલાવ, પૂરની સ્થિતિ, માટીનું ધોવાણ, રણવો ફેલાવો, વાતાવરણમાં ગ્રીન હાઉસ ગેસમાં વધારો જેવી પરિસ્થિતિ ઉભી થાય છે, જેના લીધે ધીમે-ધીમે ગ્લોબલ વોર્મિંગમાં વધે છે.

પર્યાવરણના પ્રશ્નને જોતા, એક જવાબદાર બ્રોડકાસ્ટર તરીકે, આપણા પોતાના ગાયકી આધઆરીત રિયાલિટી શો- સા રે ગા મા પાની આગામી સિઝનના ઓડિશનના તબક્કા દરમિયાન ઝી ટીવીએ રિયાલિટી ટેલિવિઝનના ઈતિહાસમાં ઉદ્યોગમાં સર્વપ્રથમ વખત એક એવી પહેલ હાથ ધરી છે, જેનાથી આપણા પૃથ્વીને સલામત રાખવા તરફનું આગળ વધવાનું નક્કી કર્યું છે. જી.એ. એમ.ઈ (ગ્રીનિંગ એડવર્ટાઈઝિંગ મીડિયા એન્ડ એટરટેઈન્મેન્ટ)- જે એક સ્ટેનેબિલિટી કન્સલ્ટિંગ ઓર્ગેનાઈઝેશનની સંપરૂઅમ સેવા આપે છે.

# જસદણ શહેરને પીવાનાં પાણીની સમસ્યા હલ : આલણ સાગર તળાવની વીસ ફૂટે પહોંચી



। હુસામુદ્દીન કપાસી જસદણ, તા.૨૩ ।

જસદણને પીવા અને તાલુકાનાં કેટલાંક ગામોને રવીપાક માટે પાણી પુરૂ પાડતું આલણ સાગર તળાવની ૩૨ ફૂટની સપાટીમાં ૨૦ ફૂટ જેટલું પાણી ભરાતાં જસદણ શહેરનો પીવાનાં પાણીનો પ્રશ્ન હલ થયો હતો નવાં નીરને જસદણ નગરપાલિકાના પુર્વ પ્રમુખ અનિતાબેન રૂપારેલિયા સહિતનાઓએ આવકાર્યા હતાં નોંધનીય છે કે આ તળાવ પ્રજા વત્સલ રાજવી આલા ખાચર બાપુએ આજથી બરોબર ૧૨૩ વર્ષ પહેલાં જસદણ પંથકની પ્રજાની સુખાકારી માટે બનાવ્યું હતું આજે વર્ષો પછી પણ આ તળાવ એક ખરાં અર્થમાં લોકઉપયોગી થઈ પડ્યું છે.

# ગુજરાત બંધનાં એલાનને ડાંગ જિલ્લામાં આહવા સિવાય કોઈ સ્થળોએ પ્રતિસાદ ન મળ્યો, રવિવારે તમામ દુકાનો ચાલુ રહી



। ડાંગ, તા.૨૩ ।

પ્રાપ્ત વિગતો અનુસાર થોડા સમય પૂર્વે મણિપુરમાં સવર્ણોએ આદિવાસી મહિલાઓને નગ્ન કરી જાહેર રોડ પર સરઘસ કાઢીને ખેતરોમાં ખેંચી જઈ બળાત્કાર ગુજાર્યો હતો.સાથે આ મહિલાનાં ભાઈ અને પિતાની નિર્દયી હત્યા કરી હતી.જે અંગેનાં વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતા સમગ્ર દેશ હચમચી ગયો છે. આ મણિપુરની ઘટના સાથે સંકળાયેલા તમામ આરોપીઓને કડકમાં કડક સજા થાય તે માટે દેશનાં જુદા જુદા વિસ્તારમાંથી ઉગ્ર જુવાળ ફાટી નીકળ્યો છે.દેશમાં બેટી સુરક્ષાની વાત કરતી ડબલ એન્જીન વાળી સરકાર સામે હાલમાં વિવિધ સંગઠનોએ વિરોધનો મોરચો ઉપાડી દોષિતોને કડક સજાની માંગણી કરી રહ્યા છે.ત્યારે આજરોજ ગુજરાત કોંગ્રેસનાં ધારાસભ્યો સહીત વિવિધ આદિવાસી સંગઠનોએ ગુજરાત બંધનું એલાન જાહેર કર્યુ હતુ. પરંતુ રાજયના છેવાડે આવેલ ડાંગ જિલ્લામાં રવિવારે આહવા નગર સિવાય કોઈ સ્થળોએ પ્રતિસાદ મળ્યો ન હતો. ડાંગ જિલ્લાના આહવા,વઘઈ, સુબિર, શામગહાન સહીત સાપુતારા ખાતે મોટાભાગની તમામ દુકાનો દિવસભર ખુલી જોવા મળી હતી.ડાંગ જિલ્લામાં ગુજરાત બંધનાં એલાનનું સુરસુરયુ થઈ જતા આદિવાસી સંઘર્ષ સમિતિનાં આગેવાનોએ વ્યાપારીઓ સામે સોશિયલ મીડિયામાં બળાપો ઠાલવ્યો હતો.

# મોરારી બાપુએ ઋષિકેશથી શરૂ કરી બાર જ્યોતિર્લિંગની રામ કથા ટ્રેન યાત્રા



આધ્યાત્મિક ગુરુ અને રામકથાના મર્મઝ મોરારી બાપુએ રવિવારે ઋષિકેશથી જ્યોતિર્લિંગ રામ કથા યાત્રાનો પ્રારંભ કર્યો છે. શ્રાવણના પાવન અધિકમાસમાં આયોજીત આ અદ્વિતીય યાત્રા દેશના ૧૨ જ્યોતિર્લિંગ મંદિરો સુધી પહોંચશે. આ કથા યાત્રાની બે ટ્રેનોનું નામ કૈલાશ અને ચિત્રકૂટ રાખવામાં આવ્યું છે. આ ટ્રેન યાત્રાને ઉત્તરાખંડના નાણા મંત્રી શ્રી પ્રેમચંદ અગ્રવાલ અને મ્યુનિસિપલ કોર્પોરેશન ઋષિકેશના મેયર શ્રી અનિતા મામગૈન દ્વારા લીલી ઝંડી આપ વામાં આવી હતી.

આ આધ્યાત્મિક ટ્રેનોને દૂરથી ઓળખી શકાશે કેમ કે, ટ્રેનના કોચનો બહારનો ભાગ ૧૨ જ્યોતિર્લિંગ મંદિરો, સનાતન ધર્મના મુખ્ય ધામો જગન્નાથપુરી, દ્વારકા, તિરુપતિ બાલાજી મંદિર અને બાપુના ગામના દ્રશ્યો થકી શણગારવામાં આવ્યા છે.

આ ટ્રેન ૧૨ હજાર કિલોમીટરની સફર કરીને ૧૦૦૮ યાત્રીઓને જ્યોતિર્લિંગો ઉપરાંત જગન્નાથ પુરી અને દ્વારકા તેમજ તિરુપ તિ બાલાજી પણ લઈ જશે. ૧૮ દિવસ સુધી ચાલનારી આ કથાયાત્રા ૮ રાજ્યોમાંથી પસાર થઈને ૮ ઓગસ્ટે બાપુના ગામ તલગાજરડા ખાતે સમાપન થશે. નાગેશ્વર જ્યોતિર્લિંગને મહારાષ્ટ્ર અને ગુજરાત એમ બે જગ્યાઓ પર માન્યતા આપ વામાં આવી છે.

### થરા પોલીસે તેરવાડા ગામની સીમમાંથી

# વિદેશીદારૂની અલગ અલગ બ્રાન્ડની બોટલો નંગ-૨૬૪ કિ. રૂ. ૨૬,૪૦૦/- નો મુદ્દામાલ પકડ્યો

। યશપાલસિંહ વાઘેલા થરા, તા.૨૩ ।

માહિતીનુસાર થરા પોલીસ સ્ટેશનના પી.એસ. આઈ. આર.જે. ચૌધરી તથા પોલીસ સ્ટાફના અ.હેડ કોન્સ. દેવશીભાઈ લક્ષ્મણભાઈ, રમેશ ભાઈ ગણેશભાઈ, દશરથસિંહ અમરાજી, રસિકજી જોયતાજી, ભાવેશકુમાર અમરતલાલ, સાગર ભાઈ વેરશીભાઈ, કમલેશભાઈ વિગેરે પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન ખાનગી રાહે બાતમી હકીકત મળેલ કે તેરવાડા ગામની સાત ટુવાવાળી સીમમાં રહેતો ભરતજી વીરજીજી ઠાકોર રહે તેરવાડા તા.કાંકરેજવાળો પોતાના રહેણાંક ઘરવાળા ખેતરમાં ભારતીય બનાવટનો ઈંગ્લીશ દારૂ ચોરીછૂપી થી સંતાડી રાખેલ છે અને વેચાણ કરે છે.

જે આધારે હકીકતવાળી જગ્યાએ ઝડતી તપાસ કરતા સદરે ઘરે કોઈ હાજર ન હોઈ અને સદરે ઈસમના કબ્જા ભોગવટા વાળા ખેતરમાં ઘરની બાજુમાં ઘાસચારો રાખેલ હોઈ જેની અંદર તપાસ કરતાં ઘાસચારાની આડમાં સુકી ચાર કડબ ઘાસચારાની નીચેથી ભારતીય બનાવટના વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની



કાચની બોટલો તથા ટીનની બોટલો નંગ-૨૬૪ કિ.રૂ.૨૬,૪૦૦/- નો મુદ્દામાલ રાખી પોલીસ રેઈડ દરમ્યાન હાજર મળી ના મળી આવી ગુનો કર્યા વિગેરે બાબતેનો આ કામના આરોપી વિરૂધ્ધમાં થરા પો.સ્ટે.પ્રોહી.ગુ.નં. ૧૧૧૯૫૦ ૫૧૨૨૩૦૩૮૦/૨૦૨૩ પ્રોહી. એક્ટ કલમ-૬૫(એ), (ઈ),૧૧૬ (૨) મુજબનો ગુનોના નાસતા ફરતા આરોપી ભરતજી વીરજીજી ઠાકોર રહે તેરવાડા સામે દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

# નર્મદા ડેમમાં પાણીની સપાટી સીઝનમાં પ્રથમવાર ૧૨૮ મીટરે પહોંચી હતી

। રાજપીપળા, તા.૨૩ ।

છેલ્લા બે દિવસથી નર્મદા જિલ્લામાં વરસાદ શરૂ થયો છે. જોકે આજે વહેલી સવારે રાજપીપળામાં ભારે વરસાદ જોવા મળ્યો હતો. સવારથી ધોધમાર વરસાદ તૂટી પડતા રાજપીપ ળામાં ખાસ કરીને નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા. અને નગરના મુખ્ય માર્ગો નદી પટમાં ફેરવાઈ ગયા હતા. જોકે આ ખેતીલાયક વરસાદ હોવાથી ખેડૂતોમાં આનંદની લાગણી જોવા મળી હતી. બીજી તરફ ઉપરવાસના મધ્યપ્રદેશમાં પણ સારો વરસાદ થતાં વરસાદની આવક નર્મદા ડેમમાં થવા પામી હતી. જેના કારણે નર્મદા ડેમની સપાટી પણ વધારો થયેલો જોવા મળતો હતો.

નોંધાયો છે આજે નર્મદા ડેમમાં પાણીની સપાટી સીઝનમાં પ્રથમવાર ૧૨૮ મીટરેપ



હોંચી હતી.સરદાર સરોવર નર્મદા ડેમની સપાટી ૧૨૮.૧૧ મીટરે નોંધાઈહતી.

હાલડેમમાં પાણીની આવક ૧,૮૫,૪૮૪ ક્યુસેકનોંધાઈ છે જયારે છેલ્લા ત્રણ કલાકમાં પાણીની સરેરાશ આવક ૧,૬૩,૦૫૩ ક્યૂસેક નોંધાઈ છે તો કેનાલ હેડ પાવરહાઉસમાંથી કેનાલમાં જાવક ૫,૩૧૧ ક્યુસેક નોંધાઈ છે છેલ્લા ૨૪ કલાકમાં સપાટીમાં ૬૧ સે.મી.નો વધારોનોંધાયો છે.

# શેત્રુંજી ડેમ થયો ઓવરફ્લો, ૧૭ ગામો એલર્ટ કરાયા

। ભાવનગર, તા.૨૩ ।

જિલ્લામાં શેત્રુંજી ડેમ ઓવરફ્લો થતાં ભાવનગરના લોકોમાં ખુશી જોવા મળી રહી છે. ડેમના ૫૯ દરવાજામાંથી ૨૦ દરવાજા એક ફૂટ ખોલવામાં આવ્યા છે. ડેમ નજીકના ૧૭ ગામોને એલર્ટ કરાયા છે. ભાવનગર જિલ્લાનો જીવનધારા શેત્રુંજી ડેમ ગઈકાલ રાતથી ઓવરફ્લો થઈ રહ્યો હતો. ભાવનગર જિલ્લામાં આવેલા શેત્રુંજી ડેમમાં સતત પાણીની આવક થઈ રહી છે.

### રેલવેની જમીનો પર દબાણ સામે કાર્યવાહી

# દિલ્હીની બે મોટી મસ્જિદોના દબાણ હટાવવા રેલવેની નોટિસ

। નવી દિલ્હી, તા.૨૩ ।

રેલવેએ દિલ્હીની બે મોટી મસ્જિદો બંગાળી માર્કેટ અને આઈટીઓ સ્થિત તકિયા બબ્બર શાહને નોટિસ ફટકારી છે. નોટિસમાં રેલવેએ બંને મસ્જિદોના વહીવટીતંત્રને ૧૫ દિવસમાં દબાણ હટાવવા અંગે જણાવ્યું છે. અને જ તેને હટાવવામાં ન આવે તો તેના વિરુદ્ધ પગલા ભરવાની પણ ચેતવણી આપી છે. રેલવે દ્વારા જારી કરાયેલી નોટિસમાં કહેવામાં આવ્યું છે કે, ૧૫ દિવસમાં દબાણ હટાવો નહીં તો અમે આવીને હટાવી દઈશું. બીજી તરફ મસ્જિદ સમિતિનું કહેવું છે કે, આ મસ્જિદો સેંકડો વર્ષ જૂની છે. પરંતુ રેલવે તેમની જમીન પર બનેલ હોવાનું કહી રહ્યું છે. ઉત્તર રેલવે પ્રશાસને આ નોટિસ જારી કરીને તેમાં લખ્યું છે કે, રેલવેની જમીન પર ગેરકાયદેસર રીતે દબાણ કરવામાં આવ્યું છે. તમે આ નોટિસના ૧૫ દિવસની અંદર રેલવેની જમીન પર બનેલ ગેરકાયદેસર ઈમારત/મંદિર/મસ્જિદ/મઝાર સ્વેચ્છાએ હટાવી દો અન્યથા રેલવે પ્રશાસન તેના વિરુદ્ધ પગલાં લેશે. રેલવે એક્ટની જોગવાઈ પ્રમાણે ગેરકાયદેસર દબાણ દૂર કરવામાં આવશે. અને આ પ્રક્રિયામાં થતા કોઈપણ નુકસાન માટે તમે પોતે જ જવાબદાર રહેશો રેલવે પ્રશાસન તેના માટે જવાબદાર નહીં રહે. મસ્જિદ તકિયા બબ્બર શાહના સેક્રેટરી અબ્દુલ ગફારના જણાવ્યા પ્રમાણે આ મસ્જિદ લગભગ ૪૦૦ વર્ષ જૂની છે.

## વિશેષ લેખ

### દેશના પહેલા સૂર્ય મિશન 'આદિત્ય એલ-૧' લોન્ચિંગ માટે ઈસરોની તૈયારી

# સૌર વાતાવરણનો અભ્યાસ કરવા ઓગસ્ટના ઉપગ્રહ આદિત્ય L1ને મોકલશે

## સૂર્યના અધ્યયન માટે દુનિયાભરમાંથી અત્યાર સુધી ૨૨ સૂર્ય મિશન મોકલાયાં છે નાસાએ સૌથી વધુ ૧૪ મિશન મોકલ્યાં છે



**સાંપ્રત પ્રવાહો**

લેખક : દીપક જગતાપ


ઈસરોની નજર હવે ચંદ્ર પછી સૂર્ય તરફ ખોડાઈ છે.ભારત હવે ચંદ્ર પછી સૂર્યની નજીક જશે.વર્ષ ૨૦૨૩ને દેશની સ્પેસ એજન્સી - ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO) માટે આંતરગ્રહીય મિશનનું વર્ષ તરીકે ઓળખાવી શકાય. ચંદ્રયાન-૩ના લોન્ચિંગ પછી ઈસરોનું આગામી મિશન સોલાર વ્હીકલનું છે. ઈસરો સૌર વાતાવરણનો અભ્યાસ કરવા ઓગસ્ટના અંતમાં પોલર સેટેલાઈટ લોન્ચ વ્હીકલ (PSLV)/રોકેટ પર તેના કોરોનોગ્રાફી ઉપ ગ્રહ આદિત્ય L1ને મોકલશે.ઈસરો દેશના પહેલા સૂર્ય મિશન 'આદિત્ય એલ-1' લૉન્ચિંગ માટે તૈયાર છે. સૂર્ય પર સંશોધન માટે મોકલાઈ રહેલા આ ઉપગ્રહના તમામ પેલોડ (ઉપકરણો)નું પરીક્ષણ પૂરું થઈ ગયું છે. હવે તેની આખરી સમીક્ષા થશે. જો બધું જ સમુસૂતરું રહ્યું તો ૨૩ ઓગસ્ટે ચન્દ્રયાન-૩ના ઉતરાણ પછી સપ્ટેમ્બરની શરૂઆતમાં તેને અંતરિક્ષમાં મોકલાઈ શકે છે. ઈસરોનાં જણાવ્યા અનુસાર, અવકાશયાનને સૂર્ય-પૃથ્વી સિસ્ટમના પ્રથમ લેગ્રેન્જ પોઈન્ટ (L1)ની આસપાસ પ્રભામંડળની ભ્રમણકક્ષામાં મૂકવામાં આવશે. L1 બિંદુની આસપાસ, ઉપગ્રહ કોઈપણ અવરોધ વિના સૂર્યને સતત જોઈ શકશે.

આદિત્ય ન૧ મિશન ચંદ્રયાન-૩ અવકાશયાન દ્વારા વહન કરવામાં આવેલા ચંદ્રની સપાટી પર ISRO દ્વારા તેના લેન્ડરને લેન્ડ કરવાનો પ્રયાસ કર્યાના દિવસો પછી થવાની ધારણા છે. ISROના અધ્યક્ષ એસ. સોમનાથના જણાવ્યા અનુસાર, 'બાહુબલી' રોકેટ LVM3 દ્વારા લોન્ચ કરાયેલ ચંદ્રયાન-૩ લેન્ડર ૨૩ ઓગસ્ટે સાંજે ૫.૪૭ વાગ્યે ચંદ્ર પર ઉતરશે તેવી સંભાવના છે.

યુરોપિયન સ્પેસ એજન્સી (ESA) એ કહ્યું છે કે, તે ઈસરોના આગામી આંતરગ્રહીય મિશન - સૌર મિશન આદિત્ય L1 માટે ટ્રેકિંગ સપોર્ટ પ્રદાન કરશે. આદિત્ય-L1નું નામ હિંદુ સૂર્ય ભગવાન અને અવકાશયાનના ભાવિ ઘરના નામ પરથી રાખવામાં આવ્યું છે. જ્યારે L1 એ પૃથ્વી-સૂર્ય પ્રણાલીનો પ્રથમ લેગ્રેન્જ બિંદુ છે. તે કોરોનલ માસ ઈજેક્શનની ગતિશીલતા અને મૂળ જેવા અનેક ગુણધર્મોનો અભ્યાસ કરશે, ઈજીછએ જણાવ્યું હતું. ઈસરોના ચેરમેન એસ. સોમનાથે કહ્યું કે 'આદિત્ય એલ-1'થી આપણે સોલર કોરોનલ ઈજેક્શન એટલે કે સૂર્યના ઉપરી વાયુમંડળમાંથી નીકળતી જ્વાળાઓનો અભ્યાસ કરીશું.

સૂર્યના કોરોનાને સરળતાથી ના જોઈ શકાય. સૂર્યગ્રહણ વખતે જ તેનો અભ્યાસ થઈ શકે છે. આ જ્વાળાઓ આપણા કોમ્યુનિકેશન નેટવર્ક અને પૃથ્વી પર થતી ઈલેક્ટ્રોનિક ગતિવિધિને અસર કરે છે.

સૂર્યનાં કિરણો આઠ મિનિટે ધરતી પર પહોંચે છે, જ્યારે બાકીના તારાનો પ્રકાશ ચાર વર્ષે ધરતી પર ઊર્જાનો એકમાત્ર સ્રોત સૂર્ય આપણા સૌરમંડળનો સૌથી નજીકનો તારો છે. સૂર્યનાં કિરણો આઠ મિનિટે ધરતી પર પહોંચે છે, જ્યારે બાકીના તારા એટલા દૂર છે કે તેનાં કિરણો ધરતી પર પહોંચતા ચાર વર્ષનો સમય લાગે છે. ઉલ્લેખનીય છે તે નાસા સહિતની વિશ્વના વિવિધ દેશોની અવકાશ સંશોધન સંસ્થાઓ





સૂર્યનો અભ્યા કરવા માટે વિવિધ મિશન પર કામ કરી રહ્યાં છે. ઈસરોએ હવે આદિત્ય-૧ને સોલર કોરોનાનું નિરીક્ષણ કરવા માટે ઉપયોગ કરવાનો નિર્ણય લીધો છે. જે સૂર્યનું બહારનું પડ છે અને ફોટોસ્ફિયરના હજારો કિમી સુધી લંબાયેલું છે. કોરોનાનું તાપમાન એક મિલિયન ડિગ્રી કેલ્વીન કરતાં પણ વધુ હોય છે, જે સોલાર ડિસ્કના તાપમાન અંદાજે ૬૦૦૦ કેલ્વિન કરતાં વધુ ઊંચું હોય છે. વૈજ્ઞાનિકો હજુ એ જાણવાનો પ્રયાસ કરી રહ્યા છે કે કોરોનામાં આટલું ઊચ્ચ તાપમાન કેવી રીતે પેદા થાય છે.

ADITYA- L1 તેનાં વધારાના સંસાધનોની મદદથી સૂર્યના ફોટોસ્ફિયર (હળવા અને તીવ્ર એક્સ-રે), ક્રોમોસ્ફિયર (અલ્ટ્રાવાયોલેટ કિરણઓ) અને કોરોના (નરી આંખે દેખાય તેવા અને NIR કિરણઓ)નો વિસ્તૃત અભ્યાસ કરી શકાશે. આ ઉપરાંત, પાર્ટિકલ પેલોડ્સ સૂર્યમાંથી જે અતિસૂક્ષ્મ કણો છૂટા પડે છે તેનો અભ્યાસ કરશે. મેગ્નેટોમિટર પેલોડ પ્રાભામંડળ ભ્રમણકક્ષામાં રહેલા ચૂંબકિય ક્ષેત્રનો વિસ્તૃત અભ્યાસ કરશે. આ પેલોડને પૃથ્વીના ચૂંબકિય ક્ષેત્રથી બહારના વિસ્તારમાં સ્થાપિત કરાશે અને તેઓ પૃથ્વીની નિચલી ભ્રમણકક્ષામાં ઉપયોગી સાબિત થશે નહીં.

આદિત્ય એલ-1માં કુલ સાત ઉપકરણ (વીઈએલસી, સૂટ, એએસપીઈએક્સ, પાપા, સોલેક્સ, હેલ૧૦એસ અને મેગ્નોમીટર) હશે. તેમાં ચાર સીધા સૂર્યથી પૃથ્વી સુધી આવનારા ઊર્જિત કણોનો અભ્યાસ કરશે અને તપાસ કરશે કે આખરે આ કણ પૃથ્વીના ચુંબકીય ક્ષેત્રમાં કેવી રીતે ફસાઈ જાય છે? સૂર્યના કિનારે કેવી રીતે કોરોનલ ઈજેક્શન થઈ રહ્યું છે અને તેની તીવ્રતા શું છે? તેનાથી સૂર્યની ગતિવિધિનું પૂર્વાનુમાન લગાવવાની ક્ષમતા વિકસિત થઈ શકે છે.

આદિત્ય લેગ્રેન્જ પોઈન્ટની આસપાસથી પસાર થશે. પૃથ્વીથી તેનું અંતર ૧.૫ મિલિયન કિમી છે. આ સ્થિતિમાંથી આ વાહન સૂર્યને સારી રીતે જોઈ શકશે. આ વાહન દ્વારા સૂર્યની વિવિધ પ્રક્રિયાઓ જોઈ શકાય છે. તમે જોઈ શકશો કે સૂર્યની ગતિ અવકાશમાં હવામાનને કેવી અસર કરે છે.

આદિત્ય એલ-1' PSLV (પોલર સેટેલાઈટ લોન્ચ વ્હીકલ) દ્વારા અવકાશમાં છોડવામાં આવશે. એવું અનુમાન છે કે તેને તેના લક્ષ્યસ્થાન સુધી પહોંચવામાં ઓછામાં ઓછા ૪ મહિનાનો સમય લાગશે. સૂર્યના અધ્યયન માટે દુનિયાભરમાંથી અત્યાર સુધી ૨૨ સૂર્ય મિશન મોકલાયાં છે. નાસાએ સૌથી વધુ ૧૪ મિશન મોકલ્યાં છે.

SG હાઈવે પર આટલો ટ્રાફિક કેમ? લેન ડાઈવર્ટ અને રૂટ ચેન્જ કરવાના મેનેજમેન્ટમાં ખામી

# હાઈવે પર સ્પીડ બ્રેકર ને લેન ડાઈવર્ટમાં ઘણી ખામીઓ

| અમદાવાદ, તા.૨૩ |

SG હાઈવે, જે શહેરની પશ્ચિમી સીમાને ચિહ્નિત કરતો હતો, તે હવે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)ની સીમાની મધ્યમાં આવે છે અને દરરોજ હજારો મુસાફરો માટે નિર્ણાયક માર્ગ છે. જોકે તાજેતરની ઈસ્કોન ફ્લાયઓવર દુર્ઘટના, જેમાં નવ લોકોના જીવ ગયા અને ૧૩ ઘાયલ થયા, તેણે આ રોડમાં ટ્રાફિક વ્યવસ્થાપનને સુધારવાની જરૂરી આવશ્યકતાને પ્રકાશિત કરી હતી. એક નિષ્ણાંતે કહ્યું કે "હાઈવે માટેના નિયમો અનુસાર, સ્પીડ બ્રેકરનો ઉપયોગ ઓછો થાય છે. હાઈવેનો હેતુ સલામત અને ઝડપી મુસાફરી સુનિશ્ચિત કરવાનો છે. શહેરમાંથી પસાર થતા હાઈવે પરના તમામ ફલાયઓવર અને અંડરપાસને ધ્યાનમાં લઈએ તો સ્પીડ બ્રેકરવાળા માત્ર બે જ સ્થળો છે. રમ્બલ સ્ટ્રીપ્સ અથવા પીળા નિશાનો સાથે થોડી ઉભી થયેલી સ્ટ્રીપ્સ, વધુ સામાન્ય રીતે જોવા મળે છે. આ મુસાફરોને મુખ્ય ક્રોસરોડની નજીક પહોંચતા પહેલા સચેત થવામાં મદદ કરે છે," જોકે, સ્ટ્રેચમાં માત્ર થોડા સ્થળોએ જ રમ્બલ સ્ટ્રીપ્સ યોગ્ય રીતે લાગુ કરવામાં આવી છે. "

નિષ્ણાતો દ્વારા ઉઠાવવામાં આવેલા કેટલાક અન્ય મુદ્દાઓ સંકેતો વિશે હતા, ખાસ કરીને ફલાયઓવરની શરૂઆતમાં ડાઈવર્જિંગ કરતા વાહનો માટે. નિષ્ણાતોએ જણાવ્યું હતું કે ફલાયઓવરની બંને બાજુએ બંને લેન માટે જગ્યા નિર્ધારિત કરવાની જરૂર છે. "ઉંચાઈ પર હજુ વધારે એક સ્પીડ બ્રેકર હોવું જોઈએ એ અકસ્માતની ઘટનાએ આપડી સમક્ષ રજૂ કર્યું હતું. જેઓ અમદાવાદમાં નવા આવ્યા છે તેઓ કદાચ જાણતા ન હોય કે તેમને જ્યાં જવું છે ત્યાંસુધી પહોંચવા માટે ક્યારે ઉતરવું અથવા આગળનો ફલાયઓવર લેવો.



અન્ય એક રોડ સેફટીનો મુદ્દો એ છે કે લોકો એન્ડ સમયે લેન બદલતા હોય છે જેના કારણે વારંવાર વાહન ચાલકોને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. એટલું જ નહીં તેઓ છેલ્લી ઘડીએ લેફ્ટ કે રાઈટ વળી જાય અથવા ખોટી લેનમાં રોન્ગ સાઈડ જઈને પોતાને જે સ્થળે જવું છે ત્યાં પહોંચી જતા હોય છે. જીનીવા સ્થિત ગ્લોબલ રોડ સેફટી બોડી ઈન્ટરનેશનલ રોડ ફેડરેશન (IRF)ના પ્રેસિડેન્ટ કે કે કપિલાએ જણાવ્યું હતું કે માર્ગ અકસ્માતોનું મુખ્ય કારણ ઝડપ છે અને ગુજરાતમાં લગભગ ૮૭% અકસ્માતો ઓવર-સ્પીડિંગને કારણે થાય છે. તેમણે કહ્યું કે નિયમોનો અમલ એ માર્ગ સલામતીનું મુખ્ય પાસું છે, ત્યારે એન્જિનિયરિંગને પણ યોગ્ય મહત્વ આપવું જોઈએ. યોગ્ય સ્થળે સ્પીડ બ્રેકર હોય તો આ પ્રમાણે અકસ્માતો થાય જ નહીં.

"સમસ્યા એ છે કે રોડ એન્જિનિયરો ઘણીવાર શહેરી રસ્તાઓ પર હાઈવે ડિઝાઈન લાગુ કરવાનો પ્રયાસ કરે છે, ખાસ કરીને શહેરી વિસ્તારોમાંથી પસાર થતા હાઈવે પર આ પ્રમાણેનું સ્ટ્રક્ચર બનાવાય છે. આ ડિઝાઈનમાં રોડ ક્રોસ સેક્શન, રોડ માર્કિંગ, સિગ્નેજ અને ટ્રાફિક કંટ્રોલ કરવાની પદ્ધતિઓ આવરી લેવામાં આવી છે," તેમણે વધુમાં જણાવ્યું કે "અકસ્માત ઘટાડવા માટે, ૧૦૦ મીટરની ત્રિજ્યા જ્યાં શહેરી રસ્તાઓ હાઈવેને ટચ કરે છે તે અતિક્રમણ માટે ઝીરો-ટોલરન્સ ઝોન જાહેર કરવા જોઈએ." ઈન્સ્ટિટ્યૂટ ઓફ રોડ ટ્રાફિક એજ્યુકેશન (IRTE)ના પ્રમુખ ડો. રોહિત બાલુજાએ જણાવ્યું હતું કે જીર હાઈવે જેવા રાષ્ટ્રીય ધોરીમાર્ગો કે જે શહેરોમાંથી પસાર થાય છે તેને શહેરી રસ્તાઓ તરીકે ગણવામાં આવે છે. જેની ઝડપ મર્યાદા 70kmph છે. "યોગ્ય સ્પીડ લિમિટને ધ્યાનમાં લેવી જોઈએ અને સંકેતો પર પ્રદર્શિત કરવી જોઈએ અને સ્પીડ કેમેરા તથા રમ્બલ સ્ટ્રિપ્સ જેવા સ્પીડ-કેમિંગ ઉપકરણો દ્વારા નિયંત્રિત કરવું જોઈએ. જોકે આવી મર્યાદાઓ મનસ્વી રીતે નક્કી થવી જોઈએ નહીં અને વ્યૂહાત્મક રીતે નિયમન થવી જોઈએ."

રાજ્યના માર્ગ અને મકાન વિભાગ અને નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ ટ્રાફિકની ભીડના પ્રશ્નોને ઉકેલવા માટે SG હાઈવે પર છ ફલાયઓવર અને અંડરપાસ બાંધ્યા છે. સરકારે ચાર નવા ફલાયઓવરના ઉમેરા સહિત હાઈવેને અપગ્રેડ કરવા માટે રૂ. ૧,૦૦૦ કરોડની નોંધપાત્ર રકમનું રોકાણ કર્યું છે. આ ઉપરાંત થલતેજ જંકશન પર અંડરપાસ બનાવવામાં આવ્યો છે.

ન્યૂઝ બ્રિફ

## વરસાદની તોફાની ઈનિંગથી વાંસદામાં કલિયા ડેમ ઓવરફ્લો

| નવસારી, તા.૨૩ |

નવસારીના આદિવાસી તાલુકાઓમાં ઉનાળામાં પાણી સમસ્યાનો સામનો કરવો પડે છે. ત્યારે વાંસદા સહિત ચીખલીના ગામડાઓ કે જ્યાં ૫૦૦ ફૂટે પણ ઉનાળામાં પાણી નથી મળતું, તેવા ગામડાઓને પીવાના પાણી અને સિંચાઈ માટે પાણી મળી રહે એ હેતુથી વાંસદાના જૂજ અને કેલિયા ગામે ડેમ બનાવવામાં આવ્યા છે. ચોમાસામાં આ બંને ડેમ પુરા ભરાતા તેના કેચમેન્ટ વિસ્તારના ગામોને પીવા અને સિંચાઈનું પાણી મળી રહેતું હોય છે. ત્યારે આ વર્ષે ચોમાસુ શરૂ થતા જ નવસારી અને ઉપરવાસના જિલ્લામાં સારો વરસાદ નોંધાયો છે. જેના કારણે બંને ડેમમાં પાણીની આવક સારી રહેતા પૂર્ણતાને આરે પહોંચ્યા હતા. ત્યારે આજે વહેલી સવારે ૪ વાગ્યે કેલિયા ડેમ છલકયો હતો.

૨૦૧૩મા જજીસ બંગલોઝ રોડ પાસે અકસ્માત થયો હતો

# વસ્ત્રાપુર હિટ એન્ડ રન કેસનો વિસ્મય શાહ જેલથી મુક્ત

આ કેસમાં વિસ્યમ શાહને સજા ભોગવ્યા બાદ વિસ્મય શાહને આ સપ્તાહે જેલમાંથી છોડી મૂકવામાં આવ્યો હતો

| અમદાવાદ, તા.૨૩ |

અત્યારે જીર હાઈવે ગમખ્વાર અકસ્માત બાદ તથ્ય પટેલની નિંદા થઈ રહી છે. પૂર ઝડપે આવેલી વ્હાઈટ જેગુઆર ગાડીએ ૨ પોલીસ અધિકારીઓ સહિત ૯ લોકોના જીવ લીધા હતા. તેવામાં હવે આવોજ કમકમાટી ભર્યો કેસ ૨૦૧૩માં વિસ્મય શાહનો હતો. જે દરમિયાન વસ્ત્રાપુર હિટ એન્ડ રન કેસમાં વિસ્મય શાહને નિચલી કોર્ટે ૫ વર્ષ જેલની સજા ફટકારી હતી. તેવામાં આ કેસમાં સજા ભોગવ્યા બાદ વિસ્મય શાહને આ સપ્તાહે જેલમાંથી છોડી મૂકવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે જજિસ બંગ્લોસ સાઈટ તેણે મ્સ્ઉ કારથી ૨ લોકોને જોરદાર ટક્કર મારી હતી. જેમનું ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું. ઉલ્લેખનીય છે કે અગાઉ તેને જામીન



પર છોડવામાં આવ્યો હતો ત્યારપછી એક વર્ષ જેલમાં તેણે જેલમાં વિતાવ્યું હતું. તેણે આ કેસ અંગે સર્વોચ્ચ અદાલતમાં પણ અપીલ કરી હતી જેણે ૨૦૨૦માં તેની અપીલને નકારી દીધી હતી. આ દરમિયાન તેને આત્મસમર્પણ કરીને બાકીની જે મુદત છે તેને પૂરી કરવા માટે આદેશ આપવામાં આવ્યો હતો. વિસ્મય શાહના વકીલે જણાવ્યું કે તેને ઓથોરિટિઝે રજાઓ અને હકદાર દિવસોના આધારે રાહત આપી હતી. આ દરમિયાન તેણે જે ફર્લો વાપર્યો નથી.

ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૧૩માં વિસ્મય શાહે ફેબ્રુઆરી દરમિયાન શિવમ દવે અને રાહુલ પટેલ નામના આશાસ્પદ યુવકોને હવામાં ફંગોળ્યા હતા. જજિસ બંગ્લોઝ રોડ પાસેનો આ અકસ્માત સર્જાયો હતો. આ દરમિયાન તે ટક્કર મારીને ફરાર થઈ ગયો હતો. જેથી હિટ એન્ડ રનનો ગુનો નોંધી ગણતરીના દિવસોમાં વિસ્મય શાહની ધરપકડ કરવામાં આવી હતી. જોકે ત્યારપછી તેના પરિવારજનોએ અને સામા પક્ષે એકબીજા સાથે ચર્ચા વિચારણા કરી લીધી હતી.

સ્ટંટ કરનારાઓને હર્ષ સંઘવીની ખુલ્લી ચેતવણી

## કાયદામાં રહેશો તો ફાયદામાં રહેશો : ગૃહમંત્રી હર્ષ સંઘવી

| સુરત, તા.૨૩ |

અમદાવાદમાં બનેલી અકસ્માતની ઘટનાના પડઘા રાજ્યમાં પડ્યા છે. સુરતમાં પણ રાંદેર પોલીસે મોપેડ લઈને જોખમી રીતે વાહન હંકારતા સગીર અને તેને વાહન આપનાર પિતા સામે કાર્યવાહી હાથ ધરી હતી ત્યારે આ મામલે ગૃહ મંત્રી હર્ષ સંઘવીનું નિવેદન સામે આવ્યું છે. હર્ષ સંઘવીએ કહ્યું હતું કે જે બાળકો વાહનો લઈને સ્ટંટ કરે છે તે બાળકો તો જવાબદાર છે જ પરંતુ તેમના વાલીઓ પણ એટલા જ જવાબદાર છે. બાળકો પાસે લાયસન્સ ન હોય અને વાલીઓએ વાહનો હંકારવા આપશે અને જો એ કોઈ પ્રકારના નિયમ તોડશે તો જરૂરથી જેટલા લોકો પર કાર્યવાહી કરવાની હશે તે થશે જ કોઈ પણ પ્રકારની ભલામણ કે છૂટ ચલાવી લેવામાં આવશે નહી.



સુરતમાં ગૃહ મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે જે બાળકો વાહનો લઈને સ્ટંટ કરે છે તે બાળકો તો જવાબદાર છે જ પરંતુ તેના વાલીઓ પણ એટલા જ જવાબદાર છે. પરિવારજનો બાળકોના મોજશોખ પુરા કરવા લાયસન્સ ન હોય તો પણ વાહનો ચલાવવા આપી દે છે. જેને લઈને કેટલાય પરિવારે પોતાના વ્હાલા સંતાનો ગુમાવ્યા છે. સુરતમાં જે રાંદેર પોલીસે કામગીરી કરી છે તે અદ્ભુત છે. ગુજરાતમાં તમામ જગ્યાએ આ જ પ્રકારની કામગીરી ચાલુ છે અને હજુ વધુ કડક કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

મૃતદેહ ભારત લાવવા ક્રાઉડ ફંડિંગ શરૂ

# કેનેડામાં અમદાવાદના વિદ્યાર્થી વર્સિલ પટેલનું એક્સિડન્ટમાં મોત

અમદાવાદના વર્ષિલ પટેલના મૃતદેહને ભારત લાવવા લગભગ ૩૦૦૦૦ કેનેડિયન ડોલરનો ખર્ચ આવી શકે

| અમદાવાદ, તા.૨૩ |

કેનેડામાં તાજેતરમાં ઓન્ટારિયો પ્રોવિન્સના બેરી શહેર ખાતે એક એક્સિડન્ટમાં અમદાવાદના ૧૯ વર્ષીય યુવાન વર્સિલ પટેલનું મૃત્યુ થયું છે. વર્સિલ કેનેડામાં હાયર એજ્યુકેશન માટે ગયો હતો જ્યાં તે એક રોડ એક્સિડન્ટનો ભોગ બન્યો છે. તેના મૃતદેહને ભારત લાવવા માટે લગભગ ૩૦૦૦૦ કેનેડિયન ડોલર જેટલો જંગી ખર્ચ આવી શકે છે જે બહુ મોટી રકમ હોવાના કારણે તેના કેટલાક મિત્રોએ ક્રાઉડ ફંડિંગથી ફંડ એકઠું કરવાનો પ્રયાસ કર્યો છે. વર્સિલના મિત્રોએ સોશિયલ મીડિયા પર આ કેસ મુક્યો છે અને લોકોને ઉદાર હાથે દાન કરવા વિનંતી કરી છે જેથી વર્સિલના પરિવારજનો તેમના દીકરાનું મોઢું જોઈ શકે. રાજન પટેલ નામના મિત્રે gofundme નામની વેબસાઈટ પર લખ્યું છે કે વર્ષિલના પરિવારને થોડું દાન આપશો તો તેને ઘણો ટેકો મળશે. વર્સિલ Barrie ખાતે ૨૧ જુલાઈ ૨૦૨૩ના રોજ એક રોડ એક્સિડન્ટનો ભોગ બન્યો હતો. તેના મૃતદેહને ભારત લઈ જવામાં ૩૦,૦૦૦ ડોલરનો ખર્ચ આવી શકે છે. આ માટે ક્રાઉડ ફંડિંગ શરૂ કરવામાં આવ્યા પછી અત્યાર સુધીમાં ૨૧,૧૭૭ કેનેડિયન એકઠા થઈ ગયા છે અને આશરે ૯૦૦૦ ડોલરની હજુ જરૂર છે. રાજન પટેલે જણાવ્યા પ્રમાણે વર્સિલ બેરી ખાતે રોડ ક્રોસ કરી રહ્યો હતો ત્યારે એક કારે તેને ટક્કર મારી હતી. તેના કારણે તેને ગંભીર ઈજાઓ થઈ હતી જે તેના મૃત્યુનું કારણ બની હતી. કેનેડાના ઓન્ટારિયો ખાતે બેરી શહેરના લોકલ મીડિયા રિપોર્ટમાં જણાવાયું છે કે ૨૧ જુલાઈએ મોડી રાતે એક કારે ઈન્ટરનેશનલ સ્ટુડન્ટને ટક્કર મારતા તેનું મોત નિપજ્યું છે. આ ઘટનાના અનુસંધાને એક વ્યક્તિને કસ્ટડીમાં લેવામાં આવી છે. પોલીસે જણાવ્યું કે રાતે લગભગ ૧૦.૧૫ વાગ્યે બેરીના બિગ બે પોઈન્ટ રોડ અને લેગોટ એવેન્યુ વચ્ચે એક્સિડન્ટ થયો હતો જેમાં એક સ્ટુડન્ટનો ભોગ લેવાયો છે.

લાચાર પશુઓ પૂરના પ્રવાહમાં વહી ગયા

# જુનાગઢમાં આકાશી કહેર સામે માનવી લાચાર બન્યો

| જુનાગઢ, તા.૨૩ |

ગુજરાત સહિત દેશના ઘણા વિસ્તારોમાં છેલ્લા ૨૪ કલાકમાં વરસાદે તારાજી સર્જી છે. તેમાં પણ ગુજરાતના જુનાગઢમાં આકાશી કહેર સામે માનવી લાચાર બન્યો છે. સૌ-કોઇ વરસાદી પાણીમાં પોતાની કાર અને માણસોને તણાતા જોઇ રહ્યા.

માત્ર આ કહેરના દ્રશ્યોને મોબાઈલમાં કેદ કરવા સિવાય માનવી પાસે કોઈ રસ્તો રહ્યો ન હતો. ત્યારે જુનાગઢના વાયરલ વીડિયોએ સમગ્ર દેશ-દુનિયા અને રાજયભરમાં હાહાકાર મચાવી દીધો છે. નદીઓ બનેલા રસ્તાઓ પર વાહનો રમકડાંની જેમ વહી રહ્યા હતા. તો અનેક લાચાર પશુઓ પૂરના પ્રવાહમાં વહી ગયા હતા. તમે અહીં ગુજરાતમાં વરસાદી કહેરના ભયાનક વીડિયો અહીં જોઈ શકો છો.

છેલ્લા બે દિવસમાં ગુજરાતમાં એટલો વરસાદ થયો કે નદી નાળાઓ તેની હદ વટાવી ગયા. દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર પ્રલયના વિકરાળ અવતારના સાક્ષી બન્યા. જૂનાગઢમાં પૂરએ તબાહી મચાવી છે. અહીં વાહનો, અડધા પાણીની અંદર અને અડધા બહાર કાગળની હોડીઓ જેવા, તેજ ગતિએ વહેતા હતા.

વાત માત્ર નદી નાળાની નથી. જ્યારે પાણી શહેરમાં પ્રવેશ્યું, ત્યારે તેણે રસ્તાઓને તેનો નવો માર્ગ બનાવ્યો. જ્યારે તે શેરીઓમાંથી વહેતી હતી, ત્યારે એવું લાગતું હતું કે જાણે નદીનો જોરદાર પ્રવાહ છે.

કેટલીક ટ્રેન ટર્મિનેટ કરવામાં આવી

# ભારે વરસાદને કારણે જુનાગઢ રુટની અનેક ટ્રેન રદ કરાઈ

ભારે વરસાદને કારણે કેટલીક ટ્રેન વ્યવહાર પર અસર

| જુનાગઢ, તા.૨૩ |

જુનાગઢમાં ગતરોજ પડેલા ધોધમાર વરસાદની વાત કરીએ તો જૂનાગઢની બજારોમાં નદીઓના પૂરની જેમ પાણી દોડ્યા હતા. જે સમગ્ર પાણી ઓઝતમાં ભળીને આગળ વધતા ઓજત નદીનાં પાંચ દરવાજા ખોલવામાં આવ્યા. આ પાણી સીધા જૂનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકાના ઘેડ વિસ્તારમાં ઘુસી ગયા હતા. ત્યારે ઘેડ વિસ્તાર ફરી એક વખત બેટમાં ફેરવાઈ ગયો છે. જૂનાગઢમાં ભારે વરસાદને કારણે કેટલીક ટ્રેન વ્યવહાર પર અસર પડી છે. ભાવનગર ડિવિઝનમાં આવેલા જૂનાગઢમાં ભારે વરસાદને કારણે જૂનાગઢ-વડાલ સેક્શનમાં રેલવે ટ્રેક ધોવાઈ ગયો હતો. આ સ્થિતિને કારણે અમદાવાદ ડિવિઝનમાંથી ઉપડતી/જતી કેટલીક વધુ ટ્રેનોને સંપૂર્ણ અથવા આંશિક રીતે રદ કરવામાં આવી છે.

વેસ્ટર્ન રેલવે દ્વારા રદ કરાયેલી અને ટર્મિનેટ કરાયેલી ટ્રેનની માહિતી જાહેર કરવામા આવી છે. સાથે જ જણાવાયુ છે કે, મુસાફરોએ આ વાતનું ધ્યાન રાખવુ. આ ટ્રેનોની વિગતો નીચે મુજબ છે.

**રદ કરાયેલી ટ્રેનો**

૧) ટ્રેન નંબર ૨૨૯૫૭ અમદાવાદ-વેરાવળ એક્સપ્રેસ ૨૨.૦૭.૨૦૨૩ ના રોજ રદ રહેશે.

૨) ટ્રેન નંબર ૨૨૯૫૮ વેરાવળ-અમદાવાદ એક્સપ્રેસ ૨૨.૦૭.૨૦૨૩ ના રોજ રદ રહેશે.

ટૂંકી ટર્મિનેટેડ (આંશિક રીતે રદ) ટ્રેનોઃ

૧) ટ્રેન નંબર ૧૧૪૬૪ જબલપુર-વેરાવળ એક્સપ્રેસ ૨૧.૦૭.૨૦૨૩ ના રોજ જબલપુરથી ઉપડતી જેતલસર ખાતે ટૂંકી ટર્મિનેટ કરવામાં આવી છે. આમ આ ટ્રેન જેતલસર - વેરાવળ વચ્ચે આંશિક રીતે રદ કરાઈ છે.

૨) ૨૩.૦૭.૨૦૨૩ ના રોજ શરૂ થનારી ટ્રેન નંબર ૧૧૪૬૩ વેરાવળ-જબલપુર એક્સપ્રેસને રાજકોટથી વેરાવળને બદલે જબલપુર તરફ વાળવામાં આવશે. આમ આ ટ્રેન વેરાવળ-રાજકોટ વચ્ચે આંશિક રીતે રદ કરવામાં આવી છે.










માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨